# નયામાર્ગ

Rs. 8

વંચીતલક્ષી વીકાસપ્રવૃત્તી, વૈજ્ઞાનીક અભીગમ અને શોષણવીહીન સમાજરચના માટે પ્રતીબદ્ધ પાક્ષીક ● ઉંઝા પરીષદે ઠરાવ્યા મુજબ જોડણી કરી છે.

તંત્રી :
ઈન્દુકુમાર જાની

વર્ષ : 40 અંક : 4


અન્ય પૃષ્ઠો પર...


02 સાંપ્રત
ઈન્દુકુમાર જાની

04 બજેટ 2017-18 : વૃદ્ધી...
હેમંતકુમાર શાહ

08 ગાંધીજીના બે અંતીમ સંદેશા
યશવન્ત મહેતા

10 માધુકરી
હોમી દસ્તુર / બીરેન કોઠારી / અનુપમ મીશ્ર

16 'વીકાસ'માંથી 'બેરોજગારી'...
સાગર રબારી

18 વતન ઉર્ફે તમાચાથી ચા...
સાહીલ પરમાર

21 ઈન્દુચાચાની 'માયા' અને...
હસમુખ પટેલ

23 શાળાનો 'વર્ગ એ જ સ્વર્ગ'...

25 મતદાર જાગ્રતી શીબીર

26 ગુજરાતની કઈ ગતીશીલતા ?
ડંકેશ ઓઝા

27 પત્ર-સાર

29 આચમન

32 કાવ્યોમાં સાંપ્રત


## ચાલો, માનવતાને સદાય જાગતી રાખીએ...

માત્ર અમાનવીય ક્રુરતા અને તોફાનોનાં જ વર્ણનો આ પુસ્તકમાં છે તેવું માનવાની ભુલ કરતા નહીં. માનવતાનો સાદ સાંભળીને જે લોકોએ ધર્મથી ઉપર જઈને બીજી કોમના લોકોની મદદ કરી હોય તેવાં પણ ઉદાહરણો આપવામાં આવ્યાં છે. ચીંતન જાનીએ પોતાના મીત્ર સાજીદને એકદમ કડક એવા હીન્દુ વીસ્તાર નારણપુરામાં રાખીને પરીક્ષા અપાવી હોવાનો કીસ્સો ઘણો પ્રેરક છે. તેની સામે ઉદાર મુસ્લીમોની કફોડી સ્થીતી પણ આ પુસ્તકમાં ટપકાવવામાં આવી છે. મુસ્લીમ અધીકારીઓએ અનુભવેલો ડર એ વખતના તોફાનનો સ્કેલ આપણી સમક્ષ ત્વરીત ઉભો કરે છે, તો તેની સામે કેટલાક કોંગ્રેસી નેતાઓએ પાર્ટીલાઈનથી વીપરીત જઈને કટ્ટર હીન્દુઓને કરેલી મદદ હોય કે ભાજપના તત્કાલીન પ્રદેશપ્રમુખ રાજેન્દ્ર રાણાએ ભાવનગરના ડીએસપી રાહુલ શર્માને કહીને 400 મુસ્લીમ બાળકોને બચાવ્યાનો કીસ્સો હોય, બધાને બખુબી આ બે પુંઠાની વચ્ચે સમાવવામાં પ્રશાંત સફળ થયા છે...

'9166 અપ' એ તોફાનોના બયાનના દસ્તાવેજ જેવું કામ છે. પ્રશાંત પાસે લખાણની કોઈ વીશીષ્ટ શૈલી કે ભાષાનો વૈભવ નથી, પરંતુ તેના શબ્દોમાં સચ્ચાઈ છે. સચ્ચાઈથી કરેલું બયાન એ ચીરકાલીન હોય છે. પુસ્તક વાંચતાં-વાંચતાં **અમે ભજવેલું** સૌમ્ય જોશીનું નાટક 'દોસ્ત ! ચોક્કસ અહીં નગર વસતું હતું' ગીત વારંવાર યાદ આવ્યા કરતું હતું.

**"આ નગર ઉંઘી ગયું છે.<br>
હા, નગર ઉંઘી ગયું છે.<br>
આ નગર ઉંઘી ગયું છે, પણ નગરને ઉંઘમાંય ચાલવાની ટેવ છે<br>
હાથ ચાલે, શ્વાસ ચાલે, વાત ચાલે<br>
ભાન છે નહીં તોય સાલા કાન ચાલે<br>
ને મગજમાં બંધનું એલાન ચાલે.<br>
ઉંઘ પથ્થર, ઉંઘ ખંજર, ઉંઘ બળતા કાંકડા<br>
ઉંઘ નામે રોજ છાપે વધતા આંકડા<br>
ઘેનથી ચકચુર શીશી કોણ આ સુંઘી ગયું છે<br>
આ નગર ઉંઘી ગયું છે."**

નાટકના આ ગીત અને પ્રશાંતના પુસ્તકની નીસબત એક સરખી છે અને એ છે ઉંઘી ગયેલા આપણા શહેરને, રાજ્યને અને લોકોની ઉંઘેલી માનવતાને જગાડવાની. આશા રાખીએ કે પ્રશાંત તેમના પ્રયત્નોમાં સફળ થાય.

**– આશીષ વશી**

[ફીલ્મ 'રઈસ'ને કારણે આશીષની એક અલગ પહેચાન બની છે; બાકી અમારા પછીની પેઢીના પ્રશાંત દયાળ, આશીષ વશી વગેરે સશક્ત અને સજ્જ પત્રકારો છે. **2002 રમખાણોનું અધુરું સત્ય '9166 UP'**ની પ્રસ્તાવનાનો અંશ. સાભાર.] ❑

## સાંપ્રત

■ ઈન્દુકુમાર જાની

### બંધારણીય સંકટના આરે પહોંચ્યું અમેરીકા...

એવું લાગતું હતું કે એકવાર પ્રમુખપદે બીરાજ્યા પછી અમેરીકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ વધુ ઠરેલ, પરીપક્વ અને મુત્સદ્દીની જેમ વર્તશે. પરંતુ ટ્રમ્પે વીવાદાસ્પદ અને લોકશાહીને ખતરામાં મુકે એવા નીર્ણયો અમલમાં મુકવાનું ફટાફટ શરુ કરી દીધું છે. પોતે ચુંટણીપ્રચારમાં જે ભાષણો કર્યા હતા તેને અમલમાં મુકી રહ્યા છે એવી જાહેરાત પણ કરી છે. મુસ્લીમ બહુમતી ધરાવતા સાત રાષ્ટ્રોના નાગરીકો માટે અમેરીકામાં પ્રવેશબંધી જાહેર કરી દીધી ! તેની સામે અમેરીકા, લંડન અને પેરીસમાં હજારો લોકોએ ટ્રમ્પ વીરુદ્ધ દેખાવો કર્યા. જોકે ફેડરલ અપીલ અદાલતે પ્રવેશબંધીના ટ્રમ્પના હુકમને સ્થગીત કરી દીધો છે. દરમ્યાન અનેક મુસ્લીમો વીમાનમથક પર રોકાઈ ગયા, પછી ક્લીઅરન્સ મળ્યું ત્યારે અમેરીકામાં પ્રવેશ પામી શક્યા. અમેરીકાના મીડીયા દ્વારા જારી થયેલા અહેવાલો અનુસાર ટ્રમ્પ ટુંક સમયમાં એક વધુ આદેશ બહાર પાડે એવી વકી છે. તે મુજબ ધર્મના નામે કોઈ વ્યક્તીને નોકરી આપવાની હવે અમેરીકન કંપનીઓ - સંસ્થાઓ ના પાડી શકશે. ટ્રમ્પના વહીવટી આદેશ પર કેટલાક રાજ્યોએ મનાઈહુકમ ફરમાવ્યો છે; તો વર્જીનીયા, ન્યુયોર્ક, મેસાચ્યુસેટ્સ અને મીશીગન કોર્ટમાં સુનાવણી શરુ થઈ ચુકી છે. ઈરાને મીસાઈલ-મારો કરવાની ધમકી આપી છે. એક જાડા અંદાજ મુજબ અમેરીકન જીડીપીમાં ઈમીગ્રન્ટ્સનું યોગદાન 23 ટકા, એટલે કે 282 લાખ કરોડ રુપીયા થવા જાય છે અને 1.11 કરોડ ગેરકાયદે ઈમીગ્રન્ટ્સને તગેડી મુકવા હોય તો તેમાં 20 વર્ષ લાગે ! હવે ગ્રીનકાર્ડ મેળવવાનું અનેક એનઆરઆઈનું સપનું રોળાશે ! અમેરીકાના આઈટી ઉદ્યોગે ટ્રમ્પના પ્રવેશબંધીના નીર્ણયને વખોડી કાઢ્યો છે... અમેરીકાના ગૌરવને, ત્યાંની લોકશાહીને ડોનાલ્ડ ટ્રમ્પે લુણો લગાડવાનું કામ કર્યું છે.

### વીધાનસભાની ચુંટણીનો માહોલ ગરમાય છે...

ટ્રમ્પની અસહીષ્ણુ અને કોમવાદી નીતીના ચાહકો ઠેર ઠેર જોવા મળે છે. ઉત્તરપ્રદેશમાં ધારાસભાની ચુંટણીનો આરંભ થઈ ચુક્યો છે. ત્યાંના ભાજપના સાંસદ આદીત્યનાથની ચુંટણીપ્રચારમાં અવહેલના થઈ છે પણ તેનાથી એમને કશો ફેર પડતો નથી. આદીત્યનાથે ટ્રમ્પના મુસ્લીમ દેશો પરના પ્રતીબંધની સરાહના કરી છે, એટલું જ નહીં, વોટ આપતી વખતે રમખાણો અને બળાત્કારોને યાદ કરવાની મતદારોને અપીલ પણ કરી છે... પાંચ રાજ્યોની વીધાનસભાની યોજાઈ રહેલી ચુંટણીમાં, ગોવા અને પંજાબમાં મતદાન સંપન્ન થઈ ગયું છે. બંને જગ્યાએ મતદાનની ટકાવારી ઉંચી રહી છે તેનાથી રાજકીય પંડીતો વીમાસણમાં પડ્યા છે. ભાજપ યેનકેન પ્રકારેણ ઉત્તરપ્રદેશમાં બહુમતી મેળવવા માગે છે. ત્યાં પણ પ્રારંભે 'વીકાસ... વીકાસ'નું ગાણું ગાયું ! પણ હવે 'જો ઉત્તરપ્રદેશમાં ભાજપ સંપુર્ણ બહુમતી સાથે જીતશે તો રામમંદીર બાંધીને જ જંપશે' એવી જાહેરાત કરી છે... ભાજપના ચુંટણી ઢંઢેરામાં 26 વર્ષમાં 14મી વખત રામમંદીર બાંધવાનું વચન આપ્યું છે. જોકે ભાષા થોડીક બદલાઈ છે. હવે એવું કહેવાયું છે કે બંધારણીય જોગવાઈઓ હેઠળ મંદીર બાંધવાનો પ્રયાસ કરીશું. મત માટે ધર્મનો ઉપયોગ ન કરવાનો સુપ્રીમ કોર્ટનો સ્પષ્ટ ચુકાદો હોવા છતાં આવી જાહેરાત થઈ છે; તે કોર્ટના અનાદરરુપ હોવાથી ચુંટણી પંચ કોઈ પગલાં ભરશે ?

### ચુંટણીઢંઢેરા : વચનેષુ કીમ્ દરીદ્રતા...

રાજકીય પક્ષો દ્વારા ચુંટણીઓ વેળા **વચન** શબ્દનું ભયંકર અવમુલ્યન થતું રહે છે. 'પ્રાણ જાય પર વચન ન જાય' એવી રઘુકુલરીતીનો સરેઆમ ભંગ થતો રહે છે. રાજકીય પક્ષો દ્વારા પ્રગટ થતા ચુંટણીઢંઢેરાઓ આનું વરવું ઉદાહરણ છે. 'આપ' દ્વારા પંજાબના ચુંટણીઢંઢેરામાં નવી 25 લાખ નોકરીઓ આપવાનું, વૃદ્ધાવસ્થા પેન્શન રુ. 500થી વધારીને રુ. 2500 કરવાનું, માત્ર પાંચ રુપીયામાં ભોજનથી લઈને પાંચ લાખનો હેલ્થ વીમો આપવાનું, ખેડુતોને દેવામુક્ત કરવાનું, ત્રણ નવી મેડીકલ કોલેજો સ્થાપવાનું વગેરે વગેરે વચનો આપવામાં આવ્યા છે... યુવાનોને સંગઠીત ક્ષેત્રે નોકરીઓ જોઈએ છીએ પણ સરકારમાં એટલી જગ્યાઓ ખાલી પડે છે ખરી ? ઓટોમાઈઝેશન અને આર્ટીફીશ્યલ ઈન્ટેલીજન્સના સમયમાં કેટલો 'મેનપાવર' જોઈશે તેની ચર્ચા થાય તો વચનોની આ લહાણી કેટલી પોકળ અને જુઠી છે તે તરત જાણી શકાય... ગર્દભ આગળ લટકાવાતું ગાજર ચુંટણીઢંઢેરા બની ગયા છે... રાજકારણીઓ નર્યા દીવાસ્વપ્નો દેખાડે છે ! ઉત્તર પ્રદેશમાં 'આપ' જેવો જ ચુંટણીઢંઢેરો અન્ય પક્ષોનો પણ છે... વચનેષુ કીમ્ દરીદ્રતા...

**નર્મદાના વીસ્થાપીતોને સરકાર રૂ. 400 કરોડ ચુકવશે...**

નર્મદા યોજના (સરદાર સરોવર પ્રોજેક્ટ)ના વીસ્થાપનનું કામ હજી પુર્ણ થયું નથી. હવે સુપ્રીમકોર્ટના આદેશ મુજબ ગુજરાત સરકારે 681 વીસ્થાપીતોને બે હેક્ટરદીઠ રૂ. 60-60 લાખ અને 1358 વીસ્થાપીતોને રૂ. 15 લાખ લેખે વળતર ચુકવવું પડશે. આ રીતે રૂ. 400 કરોડ ગુજરાત સરકારે ખર્ચવા પડશે. આ યોજનામાં ગુજરાત ઉપરાંત મધ્યપ્રદેશ, રાજસ્થાન અને મહારાષ્ટ્ર લાભાન્વીત રાજ્યો છે. મધ્યપ્રદેશ-રાજસ્થાનમાં ભાજપની આગવી અને મહારાષ્ટ્રમાં શીવસેના સાથે ભાજપની મીલીજુલી સરકાર છે. કેન્દ્રમાં પણ ભાજપની જ સરકાર છે તેમ છતાં આ ત્રણ રાજ્યો ગુજરાતની લેણી રકમ ચુકવતાં નથી. વધુ ગંભીર મુદ્દો એ છે કે યોજનાના કેનાલ નેટવર્કના બાંધકામમાં ક્યાંય કોર્ટ નડતરરુપ નથી. તેમ છતાં 70 ટકા જેટલી નહેરોનું બાંધકામ બાકી છે, જે ગુનાઈત બેદરકારી છે. વળી નહેરોનું બાંધકામ ગાઈડ લાઈન્સ પ્રમાણે નથી થતું. તેમાં ભયંકર ભ્રષ્ટાચાર થાય છે. પરીણામે છાશવારે નહેરોમાં ગાબડાં પડે છે અને ખેતરોમાં પાણી ફરી વળવાથી એ વીસ્તારના ખેડુતો માટે યોજના આશીર્વાદને બદલે શ્રાપરુપ બની ગઈ છે. ભાજપના પ્રવક્તાએ હરખપદુડા થઈને ‘વીસ્થાપીતોને નાણાં ચુકવાશે, ડેમ પર દરવાજા ફીટ થઈ જશે પછી ગુજરાત નંદનવન બની જશે’ એવી વધામણી ખાધી છે પરંતુ નહેરો વગર ખેતરે પાણી પહોંચશે કઈ રીતે ?

**હવે કેટલાક સમાચારો જોઈએ – ફટાફટ !**

• વાઈબ્રન્ટ સમીટમાં રીઝર્વ બેંકના ગવર્નર આવ્યા ત્યારે તેઓએ નુક્તેચીની કરી હતી કે સરકાર આડેધડ વ્યાજમાફી કરે છે તેનાથી આર્થીક બોજ વધે છે. વળી, ગીફ્ટ સીટીની નાણા સંસ્થાઓનું નીયમન કરવા અલગ ઓથોરીટી સ્થાપવાની દરખાસ્ત પણ તેઓએ કરી હતી... રાષ્ટ્રીયકૃત બેંકો દ્વારા કરોડો રુપીયા માંડી વાળવામાં આવે છે, શકમંદ લેણાં બતાડવામાં આવે છે આ અંગે ખરેખર તો શ્વેતપત્ર રીઝર્વ બેંકે બહાર પાડવું જોઈએ... કુલડી ગોળ ભાંગવાનું બંધ કરવું જોઈએ.

• પ્રા. હેમંતકુમાર શાહે કેન્દ્રીય અંદાજપત્રનું સરસ વીશ્લેષણ કર્યું છે. જુદી જુદી યોજનાઓ પૈકી સહુથી વધુ ફાળવણી - રૂ. 48000 કરોડ - મનરેગા માટે ફાળવ્યા છે. વડાપ્રધાન એક સમયે મનરેગાની આકરી ટીકા કરતા હતા, હવે તેમને સમજાયું હશે કે આ યોજના ગરીબો માટે આશીર્વાદરૂપ છે.

• સુરતના લીંબાયત વીસ્તારમાં ગૌવંશના માથાને લઈને બબાલ થઈ ગઈ, હાથલારીમાં માથું લઈને કહેવાતા ગૌરક્ષકો નીકળી પડ્યા. ટ્રાફીકજામ થયો. તોડફોડ, આગચંપી, પથ્થરમારો કર્યો. ટીયરગેસના 69 સેલ છોડાયા... એક પીએસઆઈ ઘાયલ થયા. જોકે પોલીસે તાત્કાલીક કાર્યવાહી કરી, પોલીસ કમીશનરે જાહેર કર્યું કે, ગૌવંશની બોડીને કુતરાઓએ ખાઈને ફેંકી દીધી હોય એવું જણાય છે... વાત વણસી નહીં એટલું ગનીમત. ❑

## શ્રેયાર્થી જગદીશ શાહની ચીરવીદાય

**તા. 28-1-2017ની સવારે 10 : 10 વાગ્યે જાણીતા સર્વોદય - અગ્રણી જગદીશ શાહનું 82 વર્ષની વયે વડોદરા ખાતે અવસાન થયું.**

**સ્વાતંત્ર્ય સંગ્રામ વેળા અનેક નવલોહીયાઓ ગાંધીજીની હાકલથી આંદોલનમાં જોડાયા હતા. આઝાદી પછી તરતનાં દાયકામાં વીનોબાએ ભુદાન ચળવળ ચલાવી, એમાં પણ ગુજરાતના જે યુવાઓ ભળ્યાં... એ પૈકી સર્વોદયી અગ્રણી જગદીશભાઈનું નામ મહત્ત્વનું છે. પ્રખર ગાંધીવાદીઓ બબલભાઈ મહેતા અને રવીશંકર મહારાજના સંપર્ક તેમજ શ્રમશીબીરોમાં એમની સાથે ભાગ લેવાથી જગદીશભાઈનું વીશેષ ઘડતર થયું. બાળપણમાં વ્યાયામશાળામાં દંડ-બેઠક કરીને શરીર કસ્યું હતું. બાકી હતું તે કીશોરાવસ્થાથી લાઈબ્રેરીમાં જઈને અનેક પુસ્તકોનું વાચન-મનન કર્યું. એમણે લખ્યું છે : ‘મારા જીવનમાં પુસ્તકો, સીનેમા અને સંત સમાગમે મને ઘડ્યો છે. હું ખોટી સોબતમાં ખેંચાઈ નીચે ઉતરી જાઉં તોયે પાછી મારી ગાડી તેને કારણે પાટે ચડી જતી.’**

**જગદીશભાઈએ ‘ભુમીપુત્ર’ના સંપાદક તરીકે ઘણું લખ્યું છે. ચારેક વર્ષ અગાઉ ‘શ્રેયાર્થીની સંઘર્ષકથા’ લખીને તેઓએ એમના જીવન અને કાર્યનો સુપેરે પરીચય કરાવ્યો છે. જગદીશભાઈ ખુલ્લું દીમાગ ધરાવતા હોવાથી ઝીણાભાઈ દરજીની જેમ એક જ ‘ઈ-ઉ’ વાળી ઉંઝા જોડણીના સમર્થક હતા. ‘ભુમીપુત્ર’માં પ્રગટ થયેલા એમનાં લખાણોનું પુસ્તક ‘સમાચારોના સથવારે’ ઉંઝાજોડણીમાં છપાયું છે. ઉત્તરાવસ્થામાં ઉંઝાજોડણીની જેમ શીવામ્બુ પ્રચારમાં પણ લાગી રહેલા. અમદાવાદની જેમ વડોદરા પણ કોમવાદી હુતાશનમાં હોમાતું રહ્યું છે. જગદીશભાઈએ કોમી એખલાસ અને સદ્ભાવનાનાં પ્રસાર માટે નોંધપાત્ર કામ કર્યું છે. તેમના પત્ની મંજુલાબહેન પણ ગાંધી-વીનોબા પ્રેરીત પ્રવૃત્તીઓમાં સહભાગી થતા રહ્યાં છે. તેમના બે પુત્રો કપીલભાઈ ગુજરાતમાં સજીવખેતીના પ્રચાર-પ્રસાર ક્ષેત્રે અને ડૉ. ભરતભાઈ ગોત્રી ખાતે નીસર્ગોપચાર કેન્દ્ર સંભાળે છે... જગદીશભાઈને ભાવભીની સ્મરણાંજલી.**

# બજેટ 2017-18 : વૃદ્ધી થાય પણ અસમાનતા ના ઘટે

હેમંતકુમાર શાહ

નાણાં પ્રધાને પહેલી ફેબ્રુઆરીએ લોકસભામાં 2017-18નું રૂ. 21.47 લાખ કરોડનું બજેટ રજુ કર્યું. આ બજેટ આર્થીક વૃદ્ધીને પ્રોત્સાહન આપનારું છે એમ કહેવામાં આવે છે. બજેટમાં જે પ્રકારની જાહેરાતો નાણાં પ્રધાને કરવાની હોય તે પ્રકારની કેટલીક જાહેરાતો તો વડાપ્રધાને 31મી ડીસેમ્બરના રોજ કરી નાખી હતી. ખરેખર તો નાણાં પ્રધાન માટે આ નાલેશીભરી બાબત છે. એટલે ઘણી બાબતો વીષે આ બજેટ મૌન હોય અથવા તો તેમાં એ જ બાબતોનું પુનરાવર્તન કરાયેલું હોય એ સ્વાભાવીક હતું. સામાન્ય રીતે બજેટમાં જે ખર્ચ કરવા વીષે સરકારે દરખાસ્તો કરી હોય તેના અંગે ભાગ્યે જ સંસદમાં યોગ્ય ચર્ચા થાય છે. જેમ કે, નવા વર્ષ માટે નાણાં પ્રધાને 2.74 લાખ કરોડનું સંરક્ષણ ખર્ચ અંદાજ્યું છે. પણ દેશની સંસદે મોટાં સંરક્ષણ કૌભાંડો સીવાય સંરક્ષણ ખર્ચ વીષે 1952ની પહેલી સંસદની આજ સુધી કદી કોઈ ચર્ચા કરી જ નથી કારણ કે સંરક્ષણને એકદમ પવીત્ર ગાય સમજવામાં આવે છે. પરંતુ મોટેભાગે લગભગ બધા જ વીભાગોના ખર્ચની જોગવાઈઓ માટે ચર્ચા થાય છે.

આ બજેટ આર્થીક વૃદ્ધી તરફ લઈ જાય એમ બને પણ તેથી કંઈ સમાનતા અને ન્યાયનો બંધારણપ્રેરીત ઉદ્દેશ સીદ્ધ થવા તરફ આગળ વધાય એમ લાગતું નથી. ખરેખર તો વધારે અસમાનતા તરફ જ આગળ વધશે એમ લાગે છે. સરકારે વારસાવેરો નાખીને સમાનતાની દીશામાં આગળ વધવું જોઈતું હતું. પણ એવું કંઈ થયું નથી. જે વ્યક્તી આશરે 50 કરોડ રૂ.નો વારસો મુકીને જગતમાંથી વીદાય થાય તેની સંપત્તી ઉપર બે કે પાંચ ટકાનો વેરો નાખવાનું સાહસ આ સરકાર કેવી રીતે દાખવે ? દુનીયાના ઘણા વીકસીત દેશોમાં આ પ્રકારનો વેરો છે જ. ઓછી આવક ધરાવનારને માટે જે પાંચ ટકાનો લાભ કરી આપવામાં આવ્યો છે તેનો લાભ મોટી આવક ધરાવનારને પણ મળવાનો જ છે કારણ કે વેરો ગણવાની પદ્ધતી જ એવી છે. એટલે માત્ર ઓછી આવકવાળાને જ લાભ થયો છે એવું નથી.

**આર્થીક વૃદ્ધી દર :** 2016-17નું બજેટ દેશમાં આર્થીક વૃદ્ધી દર વધારવામાં નીષ્ફળ ગયું છે. 2016-17નો વૃદ્ધી દર 8 ટકા અંદાજવામાં આવ્યો હતો પણ તે રીઝર્વ બેન્કના અંદાજ મુજબ 7.1 ટકા જ થવાનો અંદાજ છે. જો કે, અનેક અર્થશાસ્ત્રીઓ અને રેટીંગ એજન્સીઓએ જીડીપીનો વૃદ્ધી દર 1 ટકાથી 3.5 ટકા જેટલો ઘટવાનો અંદાજ મુક્યો છે. એટલે કે જો તેમ થાય તો તે પાંચ ટકાથી પણ નીચે જઈ શકે છે. પ્રશ્ન આર્થીક વૃદ્ધી દર ઉંચો જાય છે કે નહીં તેનો છે જ નહીં. પણ જે વૃદ્ધી થાય છે તેની સમાજમાં જુદા જુદા વર્ગોમાં કેવી રીતે વહેંચણી થાય છે તે વધારે છે. જો કે, દરેક બજેટ વખતે બને છે તેમ જ આ બજેટ વખતે પણ બજેટ આર્થીક વૃદ્ધી દર ઉંચો લઈ જશે કે કેમ તેના ઉપર જ ચર્ચાઓ વીશેષપણે થતી રહી છે. આર્થીક વૃદ્ધી દર એટલે કે દેશમાં એક વર્ષમાં ઉત્પાદન કે આવક કેટલાં વધ્યાં. દેશ માટે ઉત્પાદન વધવું જેટલું મહત્ત્વનું છે તેટલું જ કે તેનાથી પણ વધારે એ મહત્ત્વનું છે કે વધેલું ઉત્પાદન કે વધેલી આવક કોને મળી. આ બજેટ આ બાબત વીષે ઝાઝી ચીંતા કરતું હોય એમ લાગતું નથી.

**ખાધ :** રાજકોષીય ખાધ ચાલુ વર્ષ માટે એટલે કે 2016-17 માટે જીડીપીના ત્રણ ટકા જેટલી અંદાજવામાં આવી હતી. તેલના ભાવ આંતરરાષ્ટ્રીય બજારમાં ઘટેલા છે તે જોતાં તો તે 3 ટકા થઈ પણ જવી જોઈતી હતી. હવે તે 2017-18 માટે 3.2 ટકા અંદાજવામાં આવી છે અને તે પછીના વર્ષમાં તે ત્રણ ટકા થશે એમ કહેવામાં આવ્યું છે. આમ જોતાં સરકાર સારું રાજકોષીય સંચાલન કરવામાં નીષ્ફળ ગઈ છે એમ કહેવાય. અથવા તો તે ધાર્યો લક્ષ્યાંક પાર પાડી શકી નથી.

**ખેતી, ખેડુતો અને ખેતમજુરો :** સરકારે ખેડુતોનું દેવું માફ કરવું જોઈતું હતું. યુપીએની સરકારે 2008માં ખેડુતોનું આશરે 76000 કરોડ રુપીયાનું દેવું માફ કર્યું હતું અને દેશના 4.5 કરોડ ખેડુતોને રાહત આપી હતી. વીમુદ્રીકરણ પછી કેન્દ્ર સરકારે ખેડુતોનું બે મહીનાનું વ્યાજ માફ કર્યુ છે એ તો દેશના ખેડુતોની મજાક સમાન છે. ખેડુતોને જે લોન

આપવામાં આવે છે તેના પર ચાર ટકા વ્યાજ લેવામાં આવે છે. દરેક ખેડુતને માથે સરારેશ રુ. 20,000નું દેવું ગણીએ તો પણ બે મહીનાનું વ્યાજ માત્ર રુ. 67 થાય આટલું દેવું માફ કરીને ખેડુતોની મજાક ઉડાવવામાં આવી છે. આ જાહેરાત તો જો કે બજેટ અગાઉ જ થઈ ગઈ હતી. ફસલ વીમાયોજનામાં આ વર્ષે માત્ર 30 ટકા વીસ્તાર જ આવરી લેવાયો છે. હવે તે 40 ટકા કરશે અને 2018-19માં તે 50 ટકા કરશે એમ કહેવાયું છે. એટલે દેશનો અડધો વાવેતર હેઠળનો વીસ્તાર ફસલ વીમા યોજના વીનાનો જ બે વર્ષ પછી પણ રહેશે.

આ બજેટમાં ખેતીક્ષેત્ર માટે ખુબ મોટી ફાળવણી કરવામાં આવી છે. આ ફાળવણીથી જો તે યોગ્ય રીતે ઝડપથી વપરાય તો ગ્રામ વીસ્તારોમાં માળખાગત વીકાસ, કે જેની ખુબ જરુર છે તે થશે એમાં કોઈ શંકા પણ નથી. પણ તેથી ખેડુતોને સીધો ફાયદો થશે જ એમ કહેવું મુશ્કેલ છે. કારણ એ છે કે દેશના આશરે 92 ટકા ખેડુતો નાનાં અને સીમાંત ખેડુતો છે કે જેમની પાસે પાંચ એકર કરતાં ઓછી જમીન છે. મોટા ખેડુતો પણ નોટબંધી પછી પોતાની ઉપજ રસ્તા પર ફેંકી દેવા માટે લાચાર બન્યા છે ત્યારે તેમને બધાને સીધી રાહતની જરુર હતી પણ એને માટે કોઈ જોગવાઈ બજેટમાં કરાઈ નથી. ખાતર પરની સબસીડી રુ. 70,000 કરોડ હતી અને તે યથાવત્ રાખી છે. પ્રધાનમંત્રી ગ્રામસડક યોજના માટેની જોગવાઈ રુ. 19,000 કરોડ યથાવત્ રાખી છે.

આ બજેટમાં લઘુ સીંચાઈ માટે એક અલગ ફંડ રુ. 5000 કરોડ સાથે નાબાર્ડમાં ઉભું કરવાની જોગવાઈ કરવામાં આવી છે એ ખરેખર સારું પગલું છે. પણ સીંચાઈની બાબતમાં દેશ ઘણો જ પાછળ છે અને માત્ર 55 ટકા જમીન જ પીયત છે ત્યારે એમાં ઘણી ઝડપ કરવાની જરુર હતી જ. ખેડુતોની આવક પાંચ વર્ષમાં બમણી કરવાનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો છે. આ બાબત ગયે વર્ષે જ કહેવામાં આવી હતી. આ બજેટમાં તેનું પુનરાવર્તન કરાયું છે. જો ફુગાવાને ધ્યાનમાં લઈએ તો ખેડુતોની આવક આઠ વર્ષમાં આમેય લગભગ બમણી થાય જ. ગયા વર્ષની જાહેરાતને એક વર્ષ વીતી ગયું છે. શી પ્રગતી થઈ તેને વીશે સરકાર કશું કહેતી નથી. ગુજરાતમાં પણ 2012માં આવી જ જાહેરાત કરવામાં આવી હતી. તેનું પણ શું થયું ? કોઈ ગણતરી બહાર આવી નથી.

*ખેડુતોની આવક પાંચ વર્ષમાં બમણી કરવાનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો છે. આ બાબત ગયે વર્ષે જ કહેવામાં આવી હતી. આ બજેટમાં તેનું પુનરાવર્તન કરાયું છે.*

યુરોમોનીટર એમ કહે છે કે ભારતમાં ગ્રામ વીસ્તારોમાં ગ્રાહકોનું વપરાશી ખર્ચ 2015માં 12 ટકા જેટલું વધ્યું હતું અને 2016માં તે 10.9 ટકા જેટલું જ વધ્યું હતું. વળી, છેલ્લાં ત્રણ વર્ષ દરમ્યાન ગ્રામીણ વેતનમાં ફુગાવા કરતાં ઓછો વધારો થયો છે. એનો અર્થ એ છે કે ગ્રામજનોની સ્થીતી વધારે ખરાબ થઈ છે. આ બજેટ તેમાં કોઈ રાહત તત્કાળ પુરી પાડે એમ લાગતું નથી.

**રોજગારી :** મનરેગા માટે રુ. 48000 કરોડની ફાળવણી કરાઈ છે. આ રુ. 10,000 કરોડનો વધારો દર્શાવે છે. આ કાયદાને અને તે હેઠળની યોજના ઘણીબધી ગાળો આપવામાં આવી હતી પણ તે માટેની જોગવાઈ વધારવામાં આવી એ જ એવું બતાવે છે કે સરકારને આ યોજના ગ્રામવીસ્તારોમાં રોજગારી આપવા માટે વધારે ઉપયોગી લાગે છે. પ્રશ્ન એ છે કે આ વધારો બેકાર ખેતમજુરોને અને ખેડુતોને રોજગારી આપવા માટે ખર્ચાશે કે પછી, મશીનો પાછળ ખર્ચાશે ? વળી, વધારે જોગવાઈ શું રોજગાર સર્જન ક્ષેત્રે સરકાર નીષ્ફળ ગઈ છે એનો સ્વીકાર નથી ?

નવી રોજગારી ઉભી કરવામાં આ સરકાર ખાસ્સી નીષ્ફળ ગઈ છે એમ સરકારના પોતાના આંકડા જ કહે છે. 2014માં સમગ્ર દેશમાં 2.75 લાખ નવી રોજગારી ઉભી થઈ હતી. 2015માં 2.5 લાખ અને 2016માં માત્ર 50 હજાર જ નવી રોજગારી ઉભી થઈ હતી એમ કેન્દ્રીય આંકડા ઓફીસ જણાવે છે. એટલે મનરેગા જેવી જ કોઈક યોજના શહેરો માટે પણ ટુંકાગાળા માટે પણ જાહેર કરવી જોઈતી હતી, કે જે આ બજેટમાં થઈ નથી. નોટબંધીને લીધે દેશમાં આશરે 15 કરોડ લોકો ઓછાવત્તા પ્રમાણમાં બેકાર થયા છે અને હજુ પણ તેમાંના ઘણા લોકો બેકાર જ છે. ત્યારે તેમને રાહત આપવા માટે આ બજેટમાં સીધી કશી જ જોગવાઈ કરવામાં આવી નથી અને તેમને બજારને ભરોસે છોડી મુકવામાં આવ્યા છે. નાણાં પ્રધાને તેમના પ્રવચનમાં બીજી ઘણી બાબતો સાથે એમ કહ્યું કે, દેશ

અનૌપચારીક અર્થતંત્રમાંથી, ઔપચારીક અર્થતંત્ર તરફ ગતી કરી રહ્યો છે. આ બાબત ખોટી છે. 2013માં દેશમાં અનૌપચારીક અર્થતંત્રમાં 91.8 ટકા રોજગારી ઉભી થતી હતી અને 2016માં તે પ્રમાણ 95.7 ટકા થયું છે. આ ક્ષેત્ર વધારે મોટું બન્યું છે અને તેમાં સામાજીક સલામતી ઉભી કરવા માટે ખાસ કોઈ જોગવાઈ કરાઈ નથી.

મધ્યમ અથવા કહો કે બહુ મોટા કરતાં થોડા નાના ઉદ્યોગો માટે આ બજેટમાં મોટી રાહત આપવામાં આવી છે. રૂ. 50 કરોડ કરતાં જેમનું વાર્ષીક કામકાજ ઓછું હોય તો તેમને માટે કંપનીની આવક પરનો વેરો પાંચ ટકા ઘટાડીને 25 ટકા કરાયો છે. આ સારી બાબત છે. તેથી આ ઉદ્યોગો પાસે રોકડ વધશે. પણ તે વધેલા નફાનું પુન:મુડીરોકાણ થશે કે કેમ એ એક મોટો સવાલ છે કારણ કે મુડીરોકાણ તો ત્યારે જ થાય કે જ્યારે બજારમાં માંગ હોય અને અત્યારે તો માંગ ઘટી ગઈ છે. એટલે નવું મુડીરોકાણ થાય અને રોજગારી ઉભી થાય એવી શક્યતાઓ નહીંવત્ છે.

મુડીરોકાણ કરવાથી રોજગારી ઉભી થાય એમ સામાન્ય રીતે અર્થશાસ્ત્રમાં કહેવામાં આવે છે. જીડીપીના સંદર્ભમાં કુલ સ્થાયી મુડીરોકાણનું પ્રમાણ 26.5 ટકા જેટલું 2016માં હતું. આશ્ચર્યની હકીકત એ છે કે તે 2004-05 પછી સૌથી નીચું છે. નાણાં પ્રધાને સરકારનું મુડી ખર્ચ 25.4 ટકા જેટલું વધાર્યું છે અને એ રીતે તેની ખોટ ભરપાઈ કરવાનો પ્રયાસ કર્યો છે. જો કે તે સરકારના કુલ ખર્ચમાં 14.4 ટકા જ છે અને તે સહેજ વધ્યું છે. ખરી વાત તો એ છે કે રોજગાર પેદા કરનારું મુડીરોકાણ ના હોય તો રોજગારી ઓછી જ પેદા થાય અને મોટે ભાગે તેમ જ થઈ રહ્યું છે કારણ કે વીકાસને નામે મશીન આધારીત મુડીરોકાણ અને તે પણ વીદેશી મુડીરોકાણ પર ભાર મુકાઈ રહ્યો છે.

દેશમાં બેંકોનું ધીરાણ છેલ્લાં 13 વર્ષમાં પહેલીવાર ઘટ્યું છે એમ રીઝર્વ બેંક પોતે જ જણાવે છે. ધીરાણ વપરાશ માટે અને મુડીરોકાણ માટે લેવાય છે. એ ઘટે છે એનો અર્થ એ છે કે દેશમાં મંદી છે. આ મંદીમાંથી દેશને બહાર કાઢવાની સઘન યોજના જરુરી હતી. પણ તેવું કશું આ બજેટમાં દેખાતું નથી. દેશ વધુ મંદી તરફ ધકેલાય એમ લાગે છે. જો એમ થશે તો સ્વાભાવીક રીતે જ તેની સીધી અસર અસંગઠીત ક્ષેત્રના લોકો પર જ પડશે. નાની નાની રકમના લઘુ ધીરાણનો વ્યવસાય રુ. 55000 કરોડનો છે. આ કંપનીઓને નોટબંધીને લીધે ખુબ નુકસાન થયું છે અને બીજી તરફ નાની રકમનું ધીરાણ લેનારને પણ નુકસાન થયું છે. તેમને પણ તત્કાલ રાહત આપવાની જરુર હતી પણ તેવું કશું જ આ બજેટમાં નથી.

**વીદેશી મુડીરોકાણ :** આ સરકાર અગાઉની લગભગ બધા પક્ષોની સરકારોની જેમ જ વીદેશી મુડીરોકાણ પર વીશેષ ભાર મુકે છે. હવે આ બજેટમાં વીદેશી રોકાણ પ્રોત્સાહન બોર્ડ (એફઆઈપીબી)ને વીખેરી નાખવામાં આવ્યું છે કે જે વીદેશી મુડીરોકાણને મંજુરી આપે છે. એનાથી વીદેશી કંપનીઓ માટે ભારતમાં રોકાણ કરવાનું વધારે સરળ બનશે. આમેય 90 ટકા મુડીરોકાણ માટે તે બોર્ડની જરુર હતી જ નહીં ! એટલે આ કોઈ બહુ મોટો ક્રાંતીકારી ફેરફાર છે એવું નથી. દેશમાં અત્યારે લગભગ 3500 જેટલી વીદેશી કંપનીઓ છે અને તે હજીયે વધશે. તેમનું રોકાણ દેશ માટે અને દેશના લોકો માટે કેટલું અનીવાર્ય છે તે તો એક બીજો જ સવાલ છે.

**શીક્ષણ :** ચાલુ વર્ષના બજેટમાં શીક્ષણ માટે રુ. 68,963 કરોડના ખર્ચનો અંદાજ મુકવામાં આવ્યો હતો, તે આગલા વર્ષના અંદાજ કરતાં માત્ર 4.9 ટકા જેટલો જ વધારે હતો. એના પરથી સરકાર શીક્ષણ વીષે ભાગ્યે જ ચીંતીત દેખાય છે એમ લાગે છે. જીડીપીના 6 ટકા જેટલું ખર્ચ સરકારે શીક્ષણ પાછળ કરવું જોઈએ એમ કોઠારી પંચે 1960ના દાયકામાં કહ્યું હતું. એ રકમ 9 લાખ કરોડ રુ. જેટલી થવા જાય છે. રાજ્ય સરકારોના ખર્ચને ધ્યાનમાં લેવામાં આવે તો પણ કેન્દ્ર સરકારે કમ-સે-કમ એક લાખ કરોડ રુ.નું ખર્ચ તો શીક્ષણ માટે કરવું જ જોઈએ. તે જીડીપીના 0.63 ટકા જેટલું 2013-14માં હતું અને તે આગામી વર્ષે 0.47 ટકા જેટલું જ થવાનો અંદાજ છે. 2013-14માં બજેટના 4.57 ટકા જેટલું ખર્ચ શીક્ષણ માટે કરાયું હતું. 2016-17માં સુધારેલા અંદાજ મુજબ તે ઘટીને 3.65 ટકા કરાયું. હવે તે 3.71 ટકા કરાયું છે. માનવસંસાધન મંત્રાલયનો ખર્ચ આગામી વર્ષ માટે 8 ટકા વધારાયો છે પણ ફુગાવો જોતાં તે લગભગ સ્થીર જેવો જ ગણાય. દેશમાં 54 ટકા બાળકો એટલે કે 3.5 કરોડ બાળકો માધ્યમીક શીક્ષણ પ્રાપ્ત કરતાં નથી એમ છેલ્લી વીગતો જણાવે છે ત્યારે શીક્ષણ પાછળના ગુણવત્તાયુક્ત ખર્ચ વીષે સરકાર ચીંતીત નથી એમ દેખાય છે.

**આરોગ્ય :** નાણાંપ્રધાને સસ્તી દવાઓ માટે દેશમાં

3000 સ્ટોર ખોલવાનું વચન ગયા બજેટમાં આપ્યું હતું. અત્યાર સુધીમાં માંડ 1000 સ્ટોર જ ખોલવામાં આવ્યા છે. આ યોજના મનમોહનસીંહની સરકારની હતી અને તેનો અમલ હાલની સરકાર કરી રહી નથી. 12મી પંચવર્ષીય યોજનામાં જીડીપીના 2.5 ટકા જેટલું ખર્ચ આરોગ્ય માટે કરવા કહેવાયું છે પણ કેન્દ્ર સરકાર દ્વારા જીડીપીના માત્ર 1.3 ટકા જેટલું જ ખર્ચ કરવાનો અંદાજ ચાલુ વર્ષ માટે મુકવામાં આવ્યો હતો. હવે 2017-18 માટે આરોગ્યના ખર્ચમાં 27.7 ટકાનો વધારો કરવામાં આવ્યો છે અને તે 47353 કરોડ રૂ. થશે. આ ઘણો મોટો વધારો છે એમાં પણ કોઈ શંકા નથી. 1.5 લાખ પ્રાથમીક આરોગ્ય કેન્દ્રો અને સામુદાયીક કેન્દ્રોને હવે હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર તરીકે વીકસાવવામાં આવશે. પણ નામ બદલવાથી સેવાઓ સુધરી જશે ? જો બધું જ ખર્ચ આ કેન્દ્રો પાછળ કરવામાં આવે તો પણ સરેરાશ ખર્ચ આશરે રૂ. 32 લાખ જેટલું જ થાય. નેશનલ હેલ્થ મીશન માટે વધુ રૂ. 3000 કરોડ ખર્ચ કરાશે. 2020 સુધીમાં કાલા આઝાર, ટી.બી., ફીલીરેસીસ જેવા રોગો દુર કરવાનું લક્ષ્ય નાણાંપ્રધાને જાહેર કર્યું છે. ઈરાદો સરસ છે પણ તેને માટે ખર્ચની જે જોગવાઈ કરાઈ છે તે ખુબ જ ઓછી છે. જરુર એઈમ્સ જેવી સંસ્થાઓની સ્થાપનાની નથી પણ જાહેર આરોગ્ય સવલતોને વધારે સુદ્રઢ બનાવવાની છે. શીક્ષણ અને આરોગ્ય માટેના ખર્ચમાં જો યોગ્ય વધારો ના કરવામાં આવે તો ભારત માનવ વીકાસની બાબતમાં કેવી રીતે આગળ વધે ? માનવ વીકાસ આંકની બાબતમાં ભારતનો ક્રમ 130મો છે અને તે ક્ષેત્રે કેટલી પ્રગતી થશે એ મોટો પ્રશ્ન રહે જ છે.

**બેન્કીંગ ક્ષેત્ર :** નાણાંપ્રધાને બેન્કોને 25,000 કરોડ રૂ.ની મુડી ચાલુ વર્ષે આપવાની જાહેરાત કરી હતી. હવે નોટબંધીને લીધે બેન્કોને કરોડો રૂ.નું નુકસાન થયું છે. કારણ કે રીઝર્વ બેન્કે સીઆરઆર 100 ટકા કરીને બેન્કોના લગભગ 5 લાખ કરોડ રૂ. વગર વ્યાજે પોતાની પાસે લઈ લીધા છે. પરંતુ બેન્કોએ તો તે રકમનું વ્યાજ લોકોને આપવું જ પડે તેમ છે. આ સરકારી બેન્કોને ખતમ કરવાનું અને ખાનગી બેન્કોને મજબુત કરવાનું કાવતરું છે. સરકારે આ બજેટમાં સરકારી બેન્કોને રૂ. 50,000 કરોડ આપવાની જરુર હતી, તેને બદલે રૂ. 10,000 કરોડ જ આપ્યાં છે. એનાથી ખાનગી બેંકો અને વીદેશી બેન્કોનો ધંધો વીકસશે

*માનવ વીકાસ આંકની બાબતમાં ભારતનો ક્રમ 130મો છે અને તે ક્ષેત્રે કેટલી પ્રગતી થશે એ મોટો પ્રશ્ન રહે જ છે.*

અને બેન્કોનો સામાજીક હેતુ ઓછો પાર પડશે. ડીજીટલ ઈન્ડીયા માટે ગ્રામ વીસ્તારોમાં બેન્કોની શાખાઓ ખુલે તે આવશ્યક છે. પણ તેને માટે કશું જ આ બજેટમાં નથી.

**જાહેરાતો :** સરકારનો દરેક વીભાગ રોજ મોટી મોટી જાહેરખબરો છાપાં, રેડીયો અને ટીવી પર આપે છે અને રોજના આશરે 25 કરોડ રૂ. કરતાં વધારે તે જાહેરાતો માટે ખર્ચે છે. એટલે કે વર્ષના 10,000 કરોડ રૂ. તો જાહેરખબરો માટે જ ખર્ચાય છે. બધી જાહેરખબરો નકામી હોય છે એમ કહી શકાય તેમ નથી. પણ તેમાં જે ખર્ચ થાય છે તેના સંદર્ભમાં તેનો લાભ કેટલો એ સવાલ છે. કારણ એ છે કે તે મોટેભાગે વડાપ્રધાનની પોતાની પ્રતીભા ઉપસાવવા માટે જ હોય એમ લાગે છે.

**રેલવે :** બહુ જ લાંબા સમયથી ચાલતી પરંપરા તોડીને સરકારે આ વર્ષે સામાન્ય બજેટની અંદર જ રેલવે બજેટ ભેળવી દીધું. રેલવે એકમાત્ર એવી મોટી કેન્દ્રીય સેવા છે કે જેનો ઉપયોગ દેશના કરોડો લોકો રોજ કરે છે. એટલે જ્યારે એનું અલગ બજેટ આવતું હતું ત્યારે એના વીષે વીગતવાર ચર્ચાઓ ટીવી પર અને છાપાંઓમાં થતી હતી અને એક પ્રકારે સંવાદ ઉભો થતો હતો. હવે આ ચર્ચાઓ બંધ થઈ ગઈ છે. આ પારદર્શકતા નથી પણ ગુપ્તતા ઉભી કરવાનો કારસો છે. રેલવે વીષે ઘણી વાત થઈ શકે પણ એ અહીં શક્ય જ નથી. માત્ર આટલા મુદ્દા : (1) બુલેટ ટ્રેન માટે શરુઆતમાં અંદાજ રૂ. 60,000 કરોડનો મુકાયો હતો, પછી તે અચાનક જ વધારીને રૂ. 90,000 કરોડનો કરી દેવાયો હતો અને તે હવે 97,000 કરોડ રૂ.નો કરી દેવાયો છે. આ એક મોટી છેતરપીંડી છે. કાવતરું છે અને મોટું કૌભાંડ છે. ભોળા માણસોને ના સમજે તેવું કાવતરું છે ! (2) છેલ્લાં ત્રણ વર્ષમાં એક પણ નવી ટ્રેન શરુ કરાઈ નથી. અને લાંબી ટ્રેનના ડબ્બા પણ ઘટાડી કરી દેવાયા છે. આથી સામાન્ય ઉતારુઓને ભારે મુસીબતોનો સામનો કરવો પડે છે. સરકારે ઓછામાં ઓછી 100 નવી ટ્રેન શરુ કરવાની જરુર હતી પણ તેને વીષે કોઈ જ જાહેરાત કરાઈ નથી.

❑

# ગાંધીજીના બે અંતીમ સંદેશા

**યશવન્ત મહેતા**

આપણા રાષ્ટ્રપીતા મહાત્મા ગાંધીજીની શહીદી (30 જાન્યુઆરી, 1948) અને જન્મના 147મા વર્ષ (2 ઑક્ટોબર, 1869) નીમીત્તે આવો આપણા દેશની એ વીરાટ વીભુતીને પુન: સ્મરી લઈએ. આજે ખાસ કરીને એમની અંતીમ ઈચ્છાઓ અને બે અંતીમ સંદેશા જોઈશું.

સૌ જાણે છે કે ગાંધીજીએ 125 વર્ષ જીવવાની ઈચ્છા જાહેર કરી હતી, જેથી દેશની અને દેશજનોની વધારેમાં વધારે સેવા કરી શકાય. જાણવા મળ્યું છે કે આખરે એમનું કરપીણ ખુન કરનાર નથુરામ ગોડસેએ જ્યારે એમની સવાસો વર્ષ જીવવાની ઈચ્છા જાણી ત્યારે ધીક્કારપુર્વક કહ્યું હતું કે... પણ જીવવા દેશે કોણ ?... અને એ જ માણસે આખરે એમને ગોળીએ દીધા.

પણ ખરેખર તો એણે પેલા 125 વર્ષ જીવવા માગતા મહાત્માને નહીં, પરંતુ એક નીરાશ દેશસેવકને માર્યા હતા. કહો કે મરવા ઈચ્છનારને મારીને એના પર ઉપકાર કર્યો હતો !

દેશ પરથી અંગ્રેજોએ આધીપત્ય છોડવાનું ઠરાવ્યું અને એને માટેની તારીખો 14-15 ઑગસ્ટ, 1947 નક્કી થઈ કે તરત દેશભરમાં કોમી હુલ્લડો શરુ થઈ ગયાં. સીંધથી માંડીને બંગાળ સુધી અને કાશ્મીરમાં કારમી કત્લેઆમો, લુંટફાટ અને ભાગંભાગ શરુ થયાં. એ પછીની ક્ષણેક્ષણ ગાંધીજીએ અપાર વેદના અનુભવી છે. એ દીવસોમાં સરહદના ગાંધી ખાન અબ્દુલગફારખાં (સરહદના ગાંધી)ના મોટા દીકરા વલીખાન ગાંધીજીને મળવા આવ્યા. એમણે ગાંધીજીના ચહેરા પર ભારે ઉદાસીનતા જોઈને પુછ્યું, ‘બાપુ, તમે કેમ ઉદાસ છો ? હવે તો દેશ આઝાદ થવાનો છે. અંગ્રેજો વીદાય થવાના છે. શું તમને એનો આનંદ નથી ? આ તો ઈતીહાસનો એક દુર્લભ પ્રસંગ છે... તમે તો કહ્યું હતું કે મારે સવાસો વર્ષ જીવવું છે. જરુર જીવો અને હીન્દને સવાસોની વય સુધી અમારા અનુભવનો લાભ આપતા રહો.’

ગમગીન ગાંધીજીએ વલીખાનને કહ્યું, ‘અત્યાર સુધી મારી ઈચ્છા સવાસો વર્ષ જીવવાની હતી, પણ હવે એવી ઈચ્છા રહી નથી. મારી આંખ આગળનો ઉદ્દેશ માત્ર આઝાદી મેળવવાનો નહોતો. બસો વર્ષના અંગ્રેજરાજ દરમીયાન સડી ગયેલા સમાજના બધાં દુષણો દુર કરવાનો મારો ઉદ્દેશ હતો. એ લોકોએ એમના કોમી રાજકારણ દ્વારા આપણી સહીષ્ણુતા અને સંવાદીતાની પરંપરાનાં લુગડાં ઉતારી નાખ્યાં છે. સહીષ્ણુતા અને સંવાદીતાની જગાએ તીરસ્કાર અને ભેદભાવ ભડકાવી દીધા છે. મને તો એમ હતું કે આપણે આખી વ્યવસ્થાને અને લોકોને બદલી નાખીશું. ભાઈભાઈની જેમ પ્રેમ, સંવાદીતા અને શાંતીથી રહીશું કે જેથી આવતી પેઢીઓને લાભ મળે. મારો ઉદ્દેશ તો સ્વતંત્રતાની સાથે હીન્દુઓ અને મુસ્લીમોનો સુમેળ થાય એ હતો... મને એમ લાગે છે કે હું રાજનૈતીક અને આધ્યાત્મીક રીતે હાર્યો છું. હવે વધુ જીવવાની જરાય હોંશ નથી.’

જેમ એમને હવે વધારે જીવવાની હોંશ નહોતી રહી, તેમ મૃત્યુની આગાહી પણ થવા લાગી હતી. એકવાર ખુદ વાઈસરૉય લૉર્ડ માઉન્ટ બેટનને પણ એમણે કહેલું કે હવે લાંબું જીવીશ નહીં. એક વર્ષના ગાળામાં આ જ વાત એમણે વારંવાર પ્રાર્થના સભામાં પણ કરી હતી. આ દીવસોની એક ડાયરી એમની પૌત્રી મનુબેન ગાંધી લખતાં એમાં નોંધ છે કે એમણે મનુબેનને કહ્યું હતું કે જો હું માંદો પડું અને એમ મારું મરણ આવે તો છાપરે ચડીને પોકારજે કે તમે ધારતા હતા એવા (ઉત્તમ) પુરુષ આ નહોતા ! પણ જો હું પ્રાર્થના કરવા જતો હોઉં અને એ વેળા કોઈ માણસ આવીને મને ગોળી મારે અને હું એ ગોળીનો ઘા સામી છાતીએ ઝીલું અને મારા મોંમાંથી રામનું નામ નીકળે તો કહેજે કે એ ભગવાનનો દાસ હતો...

આમ, પોતાના જ દેશબાંધવોનાં દુષ્કૃત્યોથી ત્રાસેલા બાપુ બેસુમાર વ્યથા અનુભવતા હતા. એમના અંતીમ દીવસોનો વીસ્તૃત દસ્તાવેજ મહાદેવભાઈ દેસાઈ પછી એમના સેક્રેટરી બનેલા પ્યારેલાલજીના પુસ્તક ‘મહાત્મા ગાંધી : ધી લાસ્ટ ફેઝ’માં મળે છે. ચાર ભાગના એ ગ્રંથના ગુજરાતી અનુવાદના ચોથા ભાગમાં પૃ. 13થી 17 પર એક પત્ર મળે છે. આ પત્ર હજુ ગુજરાતીમાં બહુ જાણીતો નથી થયો, માટે એ ખાસ અહીં રજુ કરું છું. વર્ષ 2002 પછીના ગુજરાતીઓ માટે અહીં ખાસ સંદેશ છે.

પ્યારેલાલે લખ્યું છે કે ગાંધીજી તો ક્યારનાય હીન્દના કોઈ એક પ્રદેશના મટી ગયા હતા. પુરો દેશ (ભાગલા અગાઉનો દેશ) એમને હૈયે વસેલો. છતાં જ્યાં તેઓ જન્મ્યા હતા એ ગુજરાત પ્રાંત એમના હૃદયમાં વીશીષ્ટ સ્થાન ધરાવતો હતો. પોતે ગુજરાતના હોઈને ગુજરાત પર એમનો ખાસ દાવો હતો. એમણે પણ ગુજરાતીઓને પોતાની શ્રેષ્ઠ

સેવાઓ આપી હતી. પોતાના અવસાનથી લગભગ ત્રીસ વર્ષ પુર્વે ગાંધીજીની પ્રેરણાથી જ ગુજરાતે હીન્દને અસહકારને પંથે ચડાવવામાં આગેવાની લીધી હતી. (ખેડા, બારડોલી, વ.) એટલે પોતાના જીવનની અંતીમ કસોટીને કાળે પણ ગાંધીજીના વીચાર ગુજરાતનાં ભાઈબહેનો તરફ વળ્યા. પોતે ત્યારે શાંતી અને સદ્ભાવ માટે આદરેલા ઉપવાસને બીજે દીવસે (14 જાન્યુઆરી, 1948) 'ગુજરાતનાં ભાઈબહેનોને' ઉદ્દેશીને એક પત્ર લખાવેલો, જે અક્ષરશઃ નીચે પ્રમાણે હતો - (આજનાં ગુજરાતી ભાઈ-બહેનો આ સંદેશો હૈયે ધરશે ખરાં ?) -

આ કાગળ હું બુધવારે પરોઢીયે પડ્યો પડ્યો લખાવી રહ્યો છું. ઉપવાસનો બીજો દીવસ બેઠો છે. છતાં હજુ કાંઈ ચોવીસ કલાક થયા નથી. 'હરીજન'ની ટપાલ જવાનો આ છેલ્લો દીવસ છે. એટલે ગુજરાતીઓને બે વચન મોકલવાં દુરસ્ત ધારું છું.

આ ઉપવાસને (નીર્ણયને) હું જેવોતેવો માનતો નથી. ઘણા વીચારપુર્વક એ લેવાયો છે. છતાં વીચાર તેનો પ્રેરક નથી. પણ વીચારનો સ્વામી રામ કહો કે રહેમાન કહો તે છે. આ ઉપવાસ કોઈના પ્રત્યે નથી અથવા બધા પ્રત્યે છે. એની પાછળ કશા પ્રકારનો ક્રોધ નથી, નથી લવલેશ પણ ઉતાવળ. બધી વસ્તુઓને અવસર હોય. એ અવસર ચુક્યા પછી કરવામાં શો માલ ? એથી હવે વીચારવાનું એટલું જ રહ્યું કે પ્રત્યેક હીન્દીને કંઈ કરવાનું રહ્યું છે ? હીન્દીમાં ગુજરાતી સમાયા, અને આ ગુજરાતી ભાષામાં લખાવાય છે, એટલે ગુજરાતી બોલનારા બધા હીન્દી પ્રત્યે છે.

દીલ્હી હીન્દુસ્તાનની રાજધાની છે. જો આપણે મનથી હીન્દુસ્તાનના બે ભાગ ન માનીએ, એટલે હીન્દુમુસલમાન બે ન માનીએ તો હીન્દુસ્તાનનો જે નકશો આપણે જાણતા આવ્યા છીએ તે હીન્દુસ્તાનની રાજધાની દીલ્હી આજે નથી થઈ. એ સર્વકાળથી રહી છે. હસ્તીનાપુર પણ એ જ, ઈન્દ્રપ્રસ્થ પણ એ જ. એનાં ખંડેરો આજ પણ પડ્યાં છે. એ દીલ્હી તે હીન્દુસ્તાનનું હૃદય. એને હીન્દુનું જ કે શીખનું ગણવું એ મુર્ખતાની સીમા છે. એમ કહેવામાં લવલેશ અતીશયોક્તી નથી. ભલે કઠોર લાગે છતાં આ શુદ્ધ સત્ય છે. એના ઉપર કન્યાકુમારીથી માંડીને કાશ્મીર લગી અને કરાંચીથી માંડીને દીબ્રુગઢ લગી વસતાં બધાં હીન્દુ, મુસલમાન, શીખ, ખ્રીસ્તી, પારસી, યહુદીનો હક છે. આમાં બહુમતીને જ સ્થાન છે અથવા અલ્પમતની અવગણના છે એમ કહેવાય જ નહીં. એથી મુસલમાનોને કાઢી મુકનાર એ દીલ્હીનો પહેલા નંબરનો દુશ્મન અને તેથી હીન્દુસ્તાનનો. એ કુ-અવસરની પાસે આપણે આવી રહ્યા છીએ. એ કુ-અવસરને ટાળવા માટે દરેક હીન્દીએ ભાગ લેવો ઘટે છે. એ કઈ રીતે લઈ શકાય ? જો આપણે પંચાયતરાજ ઈચ્છતા હોઈએ, લોકશાહી તંત્ર સ્થાપવા ઈચ્છતા હોઈએ તો, નાનામાં નાનો હીન્દી મોટામાં મોટા જેટલો જ હીન્દનો રાજા છે. એટલા સારુ એ શુદ્ધ હોવો જોઈએ. ન હોય તો થવો જોઈએ. જેવો શુદ્ધ તેવો શાણો હોય. તેથી તે જાતીભેદ, વર્ણભેદ ન ગણે બધાને પોતાના સરખાં ગણે. બીજાઓને પોતાના પ્રેમપાશમાં બાંધે. એને મન કોઈ અસ્પૃશ્ય નહીં. એને મન મજુર અને મહાજન એકસરખા હોય. તેથી એ કરોડો મજુરોની જેમ પરસેવાનો રોટલો કમાઈ જાણશે અને કલમ અને કડછી સરખાં ગણશે. શુભ અવસરને નજીક લાવવા સારુ પોતે ભંગી થઈને બેસશે. શાણો હોય એટલે અફીણ અને શરાબને અડે જ કેમ ? સહેજે સ્વદેશી-વ્રત પામે. પોતાની પત્ની ન હોય એ બધી જ સ્ત્રીઓને વય પ્રમાણે માતા, બહેન કે દીકરી સમાન ગણે. કોઈની ઉપર કુદૃષ્ટી ન કરે. મનમાંયે બીજી ભાવના ન સેવે. જે હક પોતાના તે સ્ત્રીના સમજે. વખત આવ્યે પોતે મરશે, બીજાને કદી નહીં મારે અને બહાદુર એવો હશે કે શીખોના ગુરુઓ જેવો એકલો સવા લાખની સામે ઉભો રહેશે અને એક ડગલુંય હઠશે નહીં. એવો હીન્દી પુછશે નહીં કે આ યત્નમાં મારે શો ભાગ ભજવવાનો ?

***પો**તે ગુજરાતના હોઈને ગુજરાત પર એમનો ખાસ દાવો હતો. એમણે પણ ગુજરાતીઓને પોતાની શ્રેષ્ઠ સેવાઓ આપી હતી.*

- અને એમની અંતીમ ઈચ્છા વ્યક્ત કરતો અન્ય દસ્તાવેજ એમનું વસીયતનામું છે. એમની અનામત ગણાય એવી કશી મીલકત તો હતી જ નહીં. જે કાંઈ હતું તે રાષ્ટ્રસમર્પીત હતું. એટલે કશું વસીયતનામું જરુરી નહોતું. આમ છતાં એમણે તા. 29-1-1948 ના દીવસે એક વસીયતનામું પણ લખાવ્યું ! જરા જુઓ કે સીત્તેરેક વર્ષની વય સુધી જેણે નથી કશી 'અંતીમ ઈચ્છા' જાહેર કરી, નથી અંતીમપત્ર લખાવ્યો કે નથી વસીયતનામાનો વીચાર સુધ્ધાં કર્યો. તે મૃત્યુને આગલે દીવસે (!!) વસીયતનામું લખાવે છે. જગતે એમને મહાત્મા અમસ્તા નથી કહ્યા.

તા. 29-1-1948ના એ વસીયતનામાની કેટલીક વીગતો જોઈએ :

• પ્રથમ તો એમણે કૉંગ્રેસને વીખેરી નાખવાની અને લોકસેવક સંઘમાં એનું પરીવર્તન કરવાની ભલામણ કરી છે.

• દરેક ગામનો વહીવટ ગામની પંચાયત કરે. આવી પંચાયતોના પચાસ નેતાઓ પોતાનામાંથી બીજી કક્ષાનો એક નેતા ચુંટે; બીજી કક્ષાના પચાસ નેતાઓ પોતાની અંદરથી ત્રીજી કક્ષાનો નેતા ચુંટે... એમ સમગ્ર હીન્દના અમુક પ્રતીનીધીઓ ચુંટાય. તેઓ સમગ્ર હીન્દને માટે કાર્ય કરે.

• પ્રત્યેક લોકસેવક જાતે કાંતેલા સુતરની અથવા ચરખા સંઘની પ્રમાણીત ખાદી હંમેશાં પહેરે. માદક પીણાં ન જ પીએ. અસ્પૃશ્યતા દુર કરે. જાતી, ધર્મ કે સ્ત્રી-પુરુષના કશાયે ભેદભાવરહીત, સૌને માટે સમાનતક

અને દરજ્જામાં માન્યતા ધરાવે.

• લોકસેવક પ્રત્યેક ગ્રામવાસીના સંપર્કમાં રહે.

• ગામમાંથી કાર્યકર્તા નોંધે, તેમને તાલીમ આપે.

• પોતાના રોજેરોજના કામની નોંધ રાખે.

• ખેતી, ગૃહ ઉદ્યોગો, ગ્રામોદ્યોગો વડે ગામને સ્વનીર્ભર બતાવશે.

• ગ્રામવાસીઓને સફાઈ તથા આરોગ્યનું શીક્ષણ આપશે.

• કેળવણી નઈ તાલીમને ધોરણે રહેશે.

• મતદારયાદી સતત અદ્યતન બનાવશે.

• સૌને નીયમાનુસાર કામગીરી મળી રહે તે જોશે.

• સૌ નાગરીકોને સમાન અને પુરા અધીકાર મળી રહે એવી જોગવાઈ કરશે.

વસીયતનામાને અંતે એમણે લખાવ્યું કે જરુર મુજબ આ વસીયતનામામાં ઉમેરા કરી શકાશે. વળી, સુચવ્યું કે આ લોકસેવક સંઘ નીચે મુજબ સ્વાધીન સંસ્થાઓને માન્યતા આપશે : 1. અ. હીં. ચરખા સંઘ, 2. અ. હીં. ગ્રામોદ્યોગ સંઘ, 3. હીન્દુસ્તાની તાલીમ સંઘ, 4. હરીજન સેવક સંઘ, 5. ગૌસેવા સંઘ.

વળી, સંઘને પોતાનું ધ્યેય પાર પાડવા માટે નાણાંની જરુર પડશે, જે એણે ગ્રામવાસીઓ અને બીજાઓ પાસેથી ઉભાં કરવાનાં રહેશે. ગરીબ માણસો પાસેથી પાઈ-પૈસો ઉઘરાવવા પર ખાસ ભાર મુકવામાં આવશે.

- ગાંધીજીના અવસાન પછી એમની અંતીમ ઈચ્છાઓને દેશે કેટલું માન આપ્યું છે એ હવે આપ સ્વયં વીચારજો. ❑

# માધુકરી

## ક્યાં ખોવાઈ ગઈ આપણી સંવેદના ?

**હોમી દસ્તુર**

રાકેશ ચંદ એનું નામ હતું. સી.આર.પી.એફ.નો જવાન. 1990માં કાશ્મીરના બારામુલ્લા પ્રદેશમાં એની ટુકડી ઉપર આતંકીઓએ હુમલો કર્યો. જવાનોએ આતંકીઓનો સફાયો બોલાવ્યો. રાકેશની છાતી અને પેટમાં પાંચ ગોળીઓ ઘુસી ગઈ, પરંતુ ડૉક્ટરોની મદદથી એણે મોતને ભગાવી મુક્યું.

2012માં રાકેશ હેડ કોન્સ્ટેબલ તરીકે નીવૃત્ત થયો. 2016માં એના પેન્શનની રકમ હતી અધધધ રુપીયા 15,000. આગ્રા નજીકના એના બુધાના ગામમાં એ નીવૃત્ત જીવન ગાળતો. દેશનો સૈનીક હતો એનો એને ગર્વ હતો. ફાંકડી મુછ, આંખોમાં ચમક અને ગરદન પર સી.આર.પી.એફ.નો સ્કાર્ફ. દેશની ગરીમાનું રક્ષણ કરતાં એણે જે પાંચ ગોળીઓ સામી છાતીએ ઝીલેલી એના લીધે એણે નીયમીત તબીબી સારવાર લેવી પડતી જેનો મહીનાનો ખર્ચ આવે પાંચથી છ હજાર રુપીયા.

2016ના ડીસેમ્બરના પ્રથમ અઠવાડીયામાં રાકેશ સારવારના ખર્ચ માટે પોતાના પૈસા ઉપાડવા સ્ટેટ બેન્કની તાજગન્જ શાખા સામે કતારમાં ઉભો રહ્યો. એનો નંબર લાગે એની પુર્વે 'નો કેશ'નું પાટીયું મારી બેન્કે દરવાજા બંધ કરી દીધા. બીજે દીવસે પણ એને સફળતા ન મળી.

જ્યારે બીજા ત્રણ-ચાર દીવસ કલાકો સુધી ઉભા રહ્યા પછી પણ એને એક ફદીયું ન મળ્યું તો એ હતાશ થઈ પાછો ફર્યો. ડીસેમ્બર 9નો દીવસ હતો. રાત્રે એના મનમાંથી કેવા વીચારો પસાર થયા હશે એ કોણ કહી શકે ? પણ ધારણા કરી શકાય. લાચારીથી લાદોલદ ચીંતાએ એને ઉંઘવા ન દીધો હતો.

બીજે દીવસે એટલે કે ડીસેમ્બરની 10મીની સવારે રાકેશે પોતાની હેન્ડગન ઉંચકી અને લમણામાં ગોળી મારી કીરતારને ઘરે સીધાવી ગયો. આત્મહત્યા વખતે એની ઉંમર 54 વર્ષની હતી.

આને એક અંગત ટ્રેજેડી તરીકે લઈ શકાય. પણ આ કરુણાંતીકા શું સાચે જ અંગત હતી ? એને માટે શું એ પોતે જ જવાબદાર હતો ? મારા મતે રાકેશની ટ્રેજેડી આપણા બધાની ટ્રેજેડી છે. ભારતનો એક શુરવીર સૈનીક પોતાની મહેનતના પોતાના જ પૈસા ન મેળવી શકતાં પોતાને જ ગોળી મારી મૃત્યુને શરણ થાય એ આપણા બધા માટે શરમની વાત નથી ? રાકેશની ભીષણ લાચારીને સમજવા શું આપણે કોશીશ કરવી જોઈએ કે અરર, બીચારો, બાપડો કહી આપણું મન બીજી દીશામાં વાળી દેવું જોઈએ ?

અંગ્રેજીમાં 'ટુ હેવ ફેથ ઈન,' 'ટુ રીલાય અપોન,' 'ટુ ટ્રસ્ટ' અને 'ટુ બેન્ક અપોન'નો એક જ અર્થ થાય.

રાકેશની બેન્ક પરની, સમગ્ર રાજ્યવ્યવસ્થા ઉપરની, શ્રદ્ધા, વીશ્વાસ અને

ખાતરીનો એ દીવસે ભાંગીને ભુકો થયો. ટાગોરના શબ્દોમાં દીવસો સુધી પોતાના ઘરના જ દરવાજે ભીખ માગવા હાથમાં કટોરો લઈ ઉભા રહેનાર આ દેશભક્તની વેદના ઝીલી શકવાને આપણે સક્ષમ છીએ ?

આપણા બધા માટે 'દેશપ્રેમ'ના પાઠો ભણવાનો આ સમય છે. આપણા રાજકારણીઓ આપણને દેશભક્તી, રાષ્ટ્રવાદ, ત્રીરંગાના સન્માન, રાષ્ટ્રીય ગીતની મહત્તા પર ભાષણો આપી રહ્યા છે. આપણી સર્વોચ્ચ અદાલત સીનેમાગૃહોમાં રાષ્ટ્રીય ગીત વગાડવું અને શ્રોતાઓએ ટટ્ટાર ઉભા રહી એનું સન્માન કરવું એવો આદેશ આપે છે. પણ અદાલતોની કે સંસદની કાર્યવાહી શરુ કરવા પુર્વે એ કરવું એવો હુકમ છોડતી નથી. કદાચ એ મહાનુભાવોની રાષ્ટ્રભક્તી એટલી તેજ અને ઉંડી છે કે એમણે આવો દેખાડો કરવાની જરુર નથી. બાપડી સામાન્ય જનતામાં એ ક્યાંથી હોય એટલે એમને એટેન્શન પર ઉભા રહેવાનું. કોઈવાર દીવસો સુધી લાઈનમાં પણ ઉભું રહેવાનું. દેશભક્તીનું એ શક્તીશાળી પ્રતીક છે.

અને દીવસો સુધી કતારમાં ઉભા રહ્યા પછી પણ તમારા જ પરસેવાના પૈસા તમને ન મળે તો ફરીયાદ કરશો મા. મારા મીત્રે વાત કરી. એણે ટીવી ઉપર આખું દૃશ્ય જોયું. એક ભાઈ લાઈનમાં ચાર કલાક ઉભા રહ્યા પછી જમીન પર ઢળી પડે છે; એમનું પ્રાણપંખેરું ઉડી જાય છે, કલાકો સુધી લાશ ત્યાં પડી રહે છે. છેવટે પોલીસ આવી એને ઉંચકી જાય છે. હશે કોઈ બીચારો પણ દેશને ખાતર શહીદ થઈ ગ્યો હોં.

અવાચક થઈ જવાય છે. માથું ઘુમ ઘુમ થાય છે. માની નથી શકાતું કે ઉચ્ચતમ સ્તરનો અપ્રતીમ સાંસ્કૃતીક ને આધ્યાત્મીક વારસો ધરાવતા આ દેશમાં આપણે આટલી હદે નફ્ફટ અને નીંભર થઈ શકીએ છીએ ! કેટલી ભયાવહ હદે કે આ ભાઈ અને રાકેશના અને બીજા ઘણા બધાનાં મૃત્યુ પછી કાનના પરદા ફાડી નાખે એવી ખામોશી બાપુના આ દેશ પર છવાઈ ગઈ. આ બાપડાઓની અંતીમયાત્રામાં સામેલ થઈ કોઈ આપણા રાષ્ટ્રભક્ત નેતાઓએ અને સમાજના મહારથીઓએ સંવેદના પ્રગટ કરી હોય એવું સાંભળ્યું નથી. રાજ્ય કે કેન્દ્ર સરકારે એમનાં સગાંઓને કોઈ રાહત કે સાંત્વન આપ્યું હોય તો મને એની જાણ નથી.

***માનવ-વેદના પ્રત્યેની આપણા સમાજની ઘોર ઉદાસીનતા એ જ માત્ર આ લેખનો વીષય છે. એને સમકાલીન રાજકારણ સાથે કશું લાગતુંવળગતું નથી.***

નોટબંદી પછીના દીવસોની ઘટનાઓએ એ સાબીત કરી દીધું છે કે આપણા દેશના ટોચના 25 ટકા લોકોની (જેમાં તમે અને હું પણ છીએ) રહી સહી સંવેદના પણ ઝડપથી સુકાઈ રહી છે. ઈન્સાન તરીકેની ઈન્સાનીયત આપણે ક્યાં અને કેવી રીતે ગુમાવી દીધી ? અરે, આપણા બધામાં દેવીમાનો અંશ છે. હું પોતાના જ માટે જીવું છું એમ માત્ર રાક્ષસ જ કહી શકે. બીજાની લાગણીઓને સમજવાની, ઈશ્વરની બધી પેદાયશોની વેદના ઝીલવાની શક્તી આપી પ્રભુએ આપણને પૃથ્વી પર મોકલ્યા છે. 'એ તો હોય. કોઈ વાર દેશના ભલા માટે આવું તો થાય' એવું જેણે કોઈ પીડા સહન નથી કરી એવો માણસ જ્યારે બોલે છે ત્યારે મને ગગનભેદી ચીસ પાડવાનું મન થાય છે.

આપણે માનવી છીએ, મારા ભાઈ. એટલે માનવી બનીને રહેવાનું છે. ઈશ્વરનું સર્જન છીએ આપણે. ગરીબ, લાચાર આપણાં ભાઈ-બહેનોની આપણી શક્તી અનુસાર મદદ કરવાની સમજ આપણામાં સહજ છે, સ્વાભાવીક છે. મદદ કરવાનાં સાધન ન હોય તો કોઈ કમનસીબનું એક આંસુ તો આપણે લુછી શકીએને ! રડવા માટે એને આપણા ખભાનો સહારો તો આપી શકીએ ને !

માનવ-વેદના પ્રત્યેની આપણા સમાજની ઘોર ઉદાસીનતા એ જ માત્ર આ લેખનો વીષય છે. એને સમકાલીન રાજકારણ સાથે કશું લાગતુંવળગતું નથી. મને એ ચીંતા કોરી ખાય છે કે નોટબંદીની ભયાવહ અસર દેશની 75 ટકા ગરીબ અને નીચલા મધ્યમ વર્ગની જનતા પર જે પડી છે એ આપણે બે પૈસે સુખી 25 ટકા લોકો કેમ સમજી શકતા નથી ? આપણે આપણી રીતે આપણી વ્યવસ્થા કરી લઈએ છીએ એટલે ?

આમ પણ આપણા ગુજરાતીઓનું ફેવરીટ વાક્ય છે : 'અરે, પટાવી દઈશું.' અમે પારસી ગુજરાતીઓ તત્તુનો 'ત'ને ટલવારનો 'ટ' કહીએ. તો અહીં પતાવી દઈશું કે પટાવી દઈશું એ બેમાં સાચું કયું ? એની હમજ નથ પડતી ભાઈ. કદાચ બન્ને સાચા હશે.

આ તો હંમેશાં આવું જ ચાલતું આવેલું એ દલીલ ખોખલી ને પાંગળી છે. જ્યારે ભુકંપ કે જળપ્રલય જેવી આફતો આ દેશ પર ત્રાટકી છે ત્યારે દેશ પોતાનો સમય, શક્તી અને નાણાં ખર્ચે છે. તો આ વખતે શું થયું ?

એનું કારણ એ છે કે કુદરતી આફતો એક ચોક્કસ નાના વીસ્તાર પુરતી સીમીત હોય છે જ્યારે આજે એકેએક ગરીબ ગ્રામ્ય વીસ્તારોમાં કરોડો લોકો ભીષણ પીડા ભોગવી રહ્યા છે. લાખો લોકોએ નોકરી ગુમાવી છે, લાખોના રોજગાર ભાંગી પડ્યા છે. હજારો લઘુઉદ્યોગો ઠપ પડી ગયા છે. નાના ખેડુતો, ખેતમજુરો, દુકાનદારો, કામદારો, રોજનું રોજ કમાતા કમનસીબો... આ બધા ફસડાઈ પડ્યા છે. આ લોકોમાંથી થોડાકનો સંપર્ક કર્યો તો કહે અમે બીજા પાંચ વર્ષ ઉઠી નથી શકવાના. દક્ષીણ ગુજરાતના શાકભાજી ઉગાડતા નાના કીસાનોને મેં રડતા જોયા છે. પરીશ્રમ કરી બની બનાવેલી શાકભાજીને કચરામાં ફેંકી દેતા જોયા છે. દેશમાં એક જબરદસ્ત કરુણાંતીકા સર્જાઈ છે.

અને છતાં આપણા ગઢમાં સલામત બેઠેલા આપણને આ બધાની ખબર નથી, કારણ કે ખબર આપણે રાખવી નથી અને રાખવી છે તો સત્ય સુધી પહોંચવા જે મહેનત કરવી પડે એ આપણે નથી કરવી. દેશના લાંબા ગાળાના ભલા માટે 'થોડીક' ટુંકા ગાળાની મુસીબતો ભોગવી લો. થોડું તો બલીદાન આપવું પડેને. ભુતકાળમાં તંગીના વખતમાં શું આપણે રેશન માટે કલાકો લાઈનમાં ન ઉભા રહેતા ? કુદરતી આફતના સમયમાં રાહત પહોંચે એની રાહ આપણે શાંતીથી નો'તા જોતા ?

સાચી વાત છે, ભાઈ. આપણે ગર્વ લઈએ કે આપણી દેશભક્તીનો દીવો આપણા હૃદયમાં ઝળહળી રહ્યો છે. 'શોર્ટ ટર્મ પેઈન ફોર ધ લોન્ગ ટર્મ ગેઈન.' કબુલ છે. પરંતુ કરોડો ગરીબ લોકોની વ્યથાવેદનાને તમે 'થોડીક' ગણો છો, કારણ કે એના ઉંડાણ અને વ્યાપનો તમને ખ્યાલ નથી. તમને તો થોડી અગવડ પડી છે પરંતુ આ લાચારોની તો દુનીયા લુંટાઈ ગઈ છે. રોજનું કમાઈને રોજ ખાનારાઓ સામે ભુખમરો ડોળા ઘુરકાવી રહ્યો છે.

પરંતુ સત્ય શું છે, વાસ્તવમાં શું બની રહ્યું છે એ જાણવા આપણે મહેનત નથી કરવી, કારણ કે આપણને સત્ય જાણવું નથી. આપણા ચારીત્ર્યની આ કટોકટી છે. સરસ મજાની દલીલો શોધી કાઢતી આપણી બુદ્ધીની ચાલાકીની આ દેન છે. આપણી ઘોર ઉદાસીનતા એની ચરમ સીમાએ પહોંચી ગઈ છે. આ કમનસીબ લોકોની મદદે જવામાં આપણને કોણે આડા હાથ દીધા છે, બાપુ ? ક્યાં ગઈ સરકારી અને સ્વૈચ્છીક રીલીફ એજન્સીઓ ? કશુંક ભયાવહ બની રહ્યું છે એ છુપાવવાની આ કવાયત છે ? કે પછી આપણે આપણી જાતને જ છેતરી રહ્યા છીએ ? આપણા અંત:કરણમાં આપણે જ ચોરી કરી રહ્યા છીએ ? અરે, આ દુર્ઘટનામાં કેટલા આપણા દેશવાસીઓ મોતને શરણ થયા એના સત્તાવાર આંકડા પણ બહાર પડાતા નથી !

ભૌતીકવાદે, એમાંથી ઉદ્ભવતી આકાંક્ષાઓ અને લાલચે, સુખ-સાહ્યબીમાં રાચવાની આપણી તમન્નાએ, મુક્ત બજારના હાકોટાએ આપણને સ્વાર્થલોલુપ તો બનાવી દીધા જ હતા. હું ફક્ત મારા માટે, બીજા જાય ભાડમાં.

પરંતુ મને એ સધીયારો હતો કે દેશ પર જ્યારે જ્યારે સંકટ ત્રાટક્યું છે ત્યારે ત્યારે આપણે એક બની નીજી સ્વાર્થને કોરે મુકી એનો સામનો કર્યો.

હવે તો આ સધીયારો પણ ન રહ્યો. કદાચ જમાને જમાને દેશભક્તી અને રાષ્ટ્રવાદની વ્યાખ્યા બદલાતી રહેતી હશે. ઈન્સાનીયતની બદલાય છે કે નહીં એની મને જાણ નથી.

[સૌજન્ય : '**નવનીત સમર્પણ**' : ફેબ્રુઆરી, 2017]

*

## 'ટ્રોલ' મોલ કે બોલ

**બીરેન કોઠારી**

કોઈ પણ નવી શોધનો વપરાશકર્તા છેવટે માનવ હોય છે અને તેના વાપરનાર જેટલી જ સારી કે ખરાબ એ શોધ પુરવાર થતી હોય છે. ઈન્ટરનેટ માટે પણ આ બાબત એટલી જ લાગુ પડે છે. એક તરફ ઈન્ટરનેટે સમગ્ર જગતને સાવ સંકોચી દીધું છે. સાથે સાથે તેના વપરાશકર્તાની ઓળખ ભાગ્યે જ ગુપ્ત રહી શકે એ મર્યાદા પણ તેના ઉપયોગની છે. આધુનીક ટેકનોલોજી સાથે જેટલી ઝડપથી તાલ મીલાવતાં આવડે એટલા તેનાં મીઠાં ફળ મળતાં ઝડપથી થાય એ હકીકત છે. ઈન્ટરનેટ થકી આવેલી ક્રાંતીને પગલે ઘણા નવા શબ્દો રુઢ બન્યા છે, તેમજ ઘણા જુના શબ્દો ઈન્ટરનેટના સંદર્ભે પોતાના પ્રચલીત અર્થને બદલે નવો અર્થ પામતા આવ્યા છે.

તાજેતરમાં પ્રકાશીત થયેલા એક પુસ્તકે નાના પાયે વમળો પેદા કર્યાં છે, જેના કેન્દ્રમાં આધુનીક ટેક્નોલોજી અને તેનો દુરુપયોગ અથવા પોતાના લાભ કાજે કરાયેલો ઉપયોગ છે. એ પુસ્તકની વાત કરતાં પહેલાં તેના કેન્દ્રમાં જે બાબત છે તેનો અર્થ સમજી લઈએ. વર્તમાન સમયમાં ઈન્ટરનેટની સુવીધા પર આધારીત સામાજીક નેટવર્કીંગનાં માધ્યમોનું ચલણ અને પ્રભાવ ઘણાં વધ્યાં છે, જેમાં ફેસબુક અને ટ્વીટરની સુવીધા મુખ્ય છે. સાવ સરળ ભાષામાં આ માધ્યમોને 'અવકાશી ઓટલા' કહી શકાય, જે એક રીતે મુક્ત અભીવ્યક્તી માટેનો મંચ પુરો પાડે છે. આ માધ્યમોની ખરી ખુબી કે ખામી એ છે કે તેની પર અભીવ્યક્તી કરવામાં કોઈ નીયંત્રણ નથી હોતું. ખુદ વડાપ્રધાન પણ પોતાનાં મંતવ્યો વ્યક્ત કરવા માટે ટ્વીટર જેવા માધ્યમનો છુટથી ઉપયોગ કરે અને અખબાર કે અન્ય મુદ્રીત માધ્યમોમાં તેની નોંધ લેવાય એ પરથી તેના વ્યાપ અને પ્રભાવનો અંદાજ મળી શકશે. આ માધ્યમ સાથે પનારો પાડનારાઓ 'ટ્રોલ' શબ્દથી અજાણ ન હોય એમ બને, પણ તેની ગંભીરતા તેમને ખ્યાલ ન હોય એમ બની શકે. સાદી ભાષામાં કહીએ તો ટ્રોલનો અર્થ થાય ભાડુતી ઈ-સૈનીક. આવા ઈ-સૈનીક કોઈ ચોક્કસ વ્યક્તી કે વીચારધારાની પાછળ હાથ ધોઈને પડી જાય, તેના વીષે બેફામ લખે, ગમે તે વાતમાં તે ટપકી પડે અને મુદ્દા સાથે અસંબદ્ધ વાતો લખીને ત્રાસ આપે, અને ખુન કે બળાત્કાર જેવી ધમકી આપતાં પણ તે અચકાય નહીં. ટુંકમાં ઈન્ટરનેટના મુક્ત અભીવ્યક્તીના માધ્યમનો બેફામ ઉપયોગ કરીને તે ગુંડાગર્દીની કક્ષાનું વર્તન કરે.

સભા માટે, તોફાનો કરવા, ચુંટણીમાં મત આપવા એમ વીવીધ રીતે ભાડુતી માણસોનો રાજકીય પક્ષો છુટથી ઉપયોગ કરતા આવ્યા છે. આમાં હવે આ વધારાનું ક્ષેત્ર ખુલ્યું છે. વર્તમાન વડાપ્રધાન અને તેમનો પક્ષ ટેક્નોલોજીના વીવીધ ઉપયોગમાં અગ્રેસર છે એ હકીકત જાણીતી છે. ટ્રોલને કામે લગાડવા એ પણ ટેક્નોલોજીના ઉપયોગનો જ ભાગ છે અને આ વીષય હવે સંશોધીત પુસ્તકરુપે પ્રકાશીત થયો હોવાથી તેના વ્યાપ તેમજ કાર્યપદ્ધતીનો ખ્યાલ મળી રહે છે.

'જગરનોટ બુક્સ' દ્વારા તાજેતરમાં પ્રકાશીત પત્રકાર સ્વાતી ચતુર્વેદીના અંગ્રેજી પુસ્તક 'આઈ એમ અ ટ્રોલ : ઈનસાઈડ ધ સીક્રેટ વર્લ્ડ ઓફ ધ બી.જે.પી.ઝ ડીજીટલ આર્મી'માં તેમણે આ પક્ષવીશેષની ટ્રોલ પ્રવૃત્તી વીષે લખ્યું છે. બે વર્ષના સંશોધનના પરીપાકરુપે, કેટલાક ટ્રોલની મુલાકાત લીધા પછી તેમણે આ લોકોની કાર્યપદ્ધતી અને કેટલાંક કરતુતો પર પ્રકાશ પાડ્યો છે. અલબત્ત, મોટાભાગના ટ્રોલની ઓળખ ગુપ્ત રાખવામાં આવી છે. ટ્રોલના અનેક કીસ્સાઓમાં સૌથી ધ્યાન ખેંચે એવો કીસ્સો 'સ્નેપડીલ'ને અપાયેલી ધમકીનો છે. ઓનલાઈન ખરીદીના ક્ષેત્રે કાર્યરત આ કંપની પોતાના બ્રાન્ડ એમ્બેસેડર એટલે કે પ્રચારક તરીકે અભીનેતા આમીરખાનને પડતો ન મુકે તો આ કંપનીનાં ઉત્પાદનોનો બહીષ્કાર કરવાની ધમકી આપવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે નવેમ્બર, 2015માં આમીર ખાને એક જાહેર કાર્યક્રમમાં પોતાની પત્ની પ્રવર્તમાન માહોલ બાબતે ડર વ્યક્ત કરી રહી હોવાની તેમજ પોતે અસહીષ્ણુતાનો ભોગ બનતા હોવાની ફરીયાદ કરી હતી. સામાજીક માધ્યમો પર તેમના આ વલણની ખુબ હાંસી ઉડાડવામાં આવી હતી.

> ***સ**ભા માટે, તોફાનો કરવા, ચુંટણીમાં મત આપવા એમ વીવીધ રીતે ભાડુતી માણસોનો રાજકીય પક્ષો છુટથી ઉપયોગ કરતા આવ્યા છે. આમાં હવે આ વધારાનું ક્ષેત્ર ખુલ્યું છે.*

ભા.જ.પ.ના સોશ્યલ મીડીયા સેલનાં એક કાર્યકર્તા સાધવી ખોસલાએ પુસ્તકમાં જણાવ્યા મુજબ આમીર ખાન વીરુદ્ધના આ સંદેશા આ સેલના વડા અરવીંદ ગુપ્તા તરફથી સીધા મોકલવામાં આવ્યા હતા. ત્યાર પછી અરવીંદ ગુપ્તાએ એક અહેવાલમાં સાધવી ખોસલા કોંગ્રેસને ટેકો આપતાં હોવાનું અને એ કારણે આવા પોકળ દાવાઓ કરતાં હોવાનું જણાવ્યું છે. આની સામે સાધવીએ પોતે ગુપ્તાને ફેબ્રુઆરી, 2015માં લખેલો એક ઈ-મેલ પ્રકાશીત કર્યો છે, જેમાં પોતે ભા.જ.પ.ના આઈ.ટી.સેલ સાથે સંકળાયેલાં હોવાનું જણાવ્યું હતું. આ વીવાદ, અલબત્ત, પુસ્તક પ્રકાશીત થયા પછીનો છે. સાધવીએ બરખા દત્ત, રાજદીપ સરદેસાઈ જેવાં પત્રકારો પણ આવા 'હીટલીસ્ટ'માં મુકાયેલાં હોવાનું જણાવ્યું છે.

આ પુસ્તક સામે ભારતીય જનતા પક્ષે પણ કહેવાનું હોય એ સમજાય એમ છે. છતાં તેમનું અત્યાર સુધીનું વલણ

એવું રહ્યું છે કે આવા કશાની નવાઈ ન લાગે. ગયા વર્ષે જુલાઈમાં સંરક્ષણ મંત્રી મનોહર પરીક્કરે એક કાર્યક્રમમાં 'એક અભીનેતા' અને 'એક ઓનલાઈન ટ્રેડીંગ કંપની'નો ઉલ્લેખ કરતાં કહેલું, 'કોઈ આમ બોલે તો એને પાઠ ભણાવવો પડે. આ બાબત પર ટીમ કામ કરી રહી હતી. તેઓ લોકોને ઓર્ડર આપવાનું અને પછી મંગાવેલી વસ્તુ પાછી મોકલવાનું કહેતા. કંપનીએ પાઠ શીખવો રહ્યો. તેમણે જાહેરખબર પાછી ખેંચવી પડી.' દેશના સંરક્ષણ મંત્રી જેવા જવાબદાર હોદ્દે બીરાજતા આ મહાનુભાવે જાહેરમાં કરેલાં આવાં ઉચ્ચારણો પછી સ્વાભાવીકપણે તેમનું પલ્લું ઉંચું જતું રહે છે.

પરસ્પરના દાવા-પ્રતીદાવાની સચ્ચાઈને બાજુએ રાખીએ તો પણ એટલું સમજાય છે કે આ પ્રકારનો વ્યવહાર હવે સ્વીકૃત અનીષ્ટ બની ગયો છે. કોઈ પણ રાજકીય પક્ષ દુધે ધોયેલો નથી હોતો. સવાલ તેના વત્તાઓછા પ્રમાણનો અને ભુતકાળમાં ગંભીર ગુનાઓમાં સંડોવણી બાબતે ચીંધાયેલી આંગળીનો છે. હા, શરમ અને નૈતીકતાના મુદ્દા ખરા, પણ જાહેર જીવનમાંથી લુપ્ત બની ગયેલી એ ચીજોને શોધવાનો વ્યર્થ વ્યાયામ કરવાને બદલે તેનું સંસ્કૃતીગાન કરવું વધુ અસરકારક બની રહે છે. એમ કરવાથી કમ સે કમ આ ચીજો અસ્તીત્વમાં હોવાનો અહેસાસ થાય છે અને આ અહેસાસ અભાવની ખોટ સરભર કરી દે છે.

[સૌજન્ય : '**ગુજરાતમીત્ર**, 5-1-2017]

## અહીંસાના પુજારીને સૈનીક સમ્માન !

**અનુપમ મીશ્ર**

(દર વર્ષે 30મી જાન્યુઆરીએ અહીંસાના મસીહા મહાત્મા ગાંધીને બલીદાન દીવસે બ્રીટીશ સૈનીકોની રીતે શ્રદ્ધાંજલી આપવામાં આવે છે. સન્ 1953થી શરુ થયેલી પરંપરા આજે પણ જેમની તેમ ચાલુ છે. કેટલાક જાણીતા સંસદસભ્યોએ આ પરંપરાનો વીરોધ પણ કર્યો હતો પરંતુ આ દરમીયાન કેન્દ્રમાં આવેલી બધી સરકારોએ મૌન રાખ્યું. અહીંસાના પુજારીને આ રીતે સૈનીક સમ્માનથી શ્રદ્ધાંજલી આપવી શું યોગ્ય છે ? આ સવાલને રેખાંકીત કરતો આ લેખ. - સંપાદક)

ગાંધી બલીદાન દીવસ 30 જાન્યુઆરીએ ફરી એકવાર દેશ પોતાના શહીદોને યાદ કરશે. આ દીવસે થનારા બધા જ કાર્યક્રમોનું કેન્દ્ર રાજઘાટ બને છે. અહીં રાષ્ટ્રપતી બરાબર 10 વાગીને 58 મીનીટે ગાંધી સમાધી પર એક વીશેષ ફુલમાળા ચઢાવે છે. પછી સેનાની ત્રણેય ટુકડીઓ પોતાના હથીયારો ઉલટા કરે છે. સેનાના બ્યુગલવાદક પોતાના બ્યુગલ પર 'લૉસ્ટ પોસ્ટ' નામની ધુન વગાડીને આખા દેશમાં બે મીનીટનું મૌનનો પ્રારંભ થવાનો સંકેત આપે છે. સેનાની તોપ આ મૌનની સુચના તોપગોળો ફોડીને આપે છે.

અને બધી જગ્યાએ તો કદાચ નહીં પરંતુ ગાંધી સમાધી પર તો બધું જ થોભી જાય છે. બસ થોભતી નથી ગુલામીની જંજીરોનો તેજ ખણખણાટ. આ જંજીરોને આટલા વર્ષોની આઝાદી પછી પણ હટાવવા ઈચ્છતા નથી. ગુલામીની આ જંજીરો બહુ જ ભવ્ય જો છે !

આપણા શહીદ દીવસનો એક હીસ્સો બ્રીટીશ સૈનીકોની રીતથી ભરેલો પડ્યો છે. આઝાદીની લડાઈમાં શહીદ થયેલા લોકોના સપનાં સાથે આનો મેળ નથી બેસતો. તે લોકો જેમની વીરુદ્ધ લડ્યા હતા, એ અંગ્રેજોના સૈન્ય પરંપરાની ભવ્યતાના જ વખાણ આ પ્રતીક કરે છે. આ ઘૃણાજનક કામ બીજે ક્યાંક થાય તો ચાલી જાય. પરંતુ આ તો થાય છે ગાંધી સમાધી પર. એમની સમાધી પર હથીયારો, બંદુકો, સેના અને બ્રીટીશ રીત રીવાજ, વર્તણુંકનો કોઈપણ સંબંધ નહોતો.

દુનીયા આખીમાં અહીંસાનું પ્રતીક બની ગયેલી આ સમાધી, રાજઘાટ પર 30 જાન્યુઆરીએ બરાબર દસ વાગીને ઓગણચાલીસ મીનીટે આપણી સેનાની પસંદ કરેલી ત્રણ ટુકડીઓનો પ્રવેશ થાય છે. બધા શ્રદ્ધાળુઓ આ જગ્યાએ બુટ-ચંપલ ઉતારીને આવે છે, પરંતુ આ દીવસે ત્રણ ટુકડીઓના સૈનીકો પોતાના ચમકાવેલા શાનદાર બુટ પહેરીને અહીં પ્રવેશ કરે છે. ત્યાર પછીનો આખો કાર્યક્રમ બ્રીટીશ સેનાનીએ વીશીષ્ટ પરંપરાઓમાં મંડીત થાય છે જે એમને હીસાબે સારો જ રહ્યો હશે.

પરંતુ વચમાં અચાનક ગાંધીજીની પ્રીય ધુન 'રઘુપતી રાઘવ રાજારામ' પણ સંભળાઈ જાય તો ચોંકશો નહીં, એ આ ભવ્ય માનવમાં આવેલા કાર્યક્રમનો મુળ હીસ્સો નહોતી, ઘણી વખત પછી અને કદાચ બહુ જ કમનથી એને આ કાર્યક્રમનો હીસ્સો બનાવી દેવામાં આવી હતી.

ગાંધીજીના પ્રીય ભજન ગવાવા લાગે છે. રાષ્ટ્રપતી મહોદયની આવવાની સુચના મળે છે. એમનો સમાધી પર પ્રવેશ થાય છે તો ભજનગાયનનો સ્વર ધીમો પડવા લાગે છે, ભજન પુરું થવું જરુરી પણ નથી. બસ આ તો

રાષ્ટ્રપતીના આગમન સુધીનો સમય વીતાવવા માટે એક સુંદર રીત બનાવી લીધી છે.

હવે રાષ્ટ્રપતી પુષ્પાંજલી અર્પે છે. આ શ્રદ્ધાસુમન દેશી અથવા અસભ્ય રીતે અર્પણ કરવામાં આવતા નથી. યુરોપમાં ઈંગ્લેન્ડમાં જેને 'રીથ' કહેવાય છે એને અહીં અપનાવવામાં આવી છે. શરુઆતથી જ એક મોટા ગોળાકારમાં સજાવવામાં આવેલા ફુલોની માળા. લગભગ એ ટાયરો પર તાજા ફુલોને સજાવીને બનાવવામાં આવે છે. પછી બ્યુગલ વાગે છે. 'લૉસ્ટ પોસ્ટ'ની ધુન. આ શોકધુનથી બ્રીટીશ સૈન્ય પોતાના શહીદોને યાદ કરતા આવ્યા છે. અને ત્યારપછી શરુ થાય છે બે મીનીટનું મૌન.

આ મૌન શ્રદ્ધાંજલી પણ આપણી પરંપરાનો ભાગ નથી. અને ન અગીયાર વાગ્યાનો સમય પણ. એવું જણાવવામાં આવે છે કે પહેલા મહાયુદ્ધ પછી સન્ 1918માં બરોબર 11 વાગે યુદ્ધ વીરામ સંધી પર હસ્તાક્ષર થયા હતા. શહીદ દીવસના આયોજનમાં પણ આ સમયને પસંદ કરવામાં આવ્યો છે. શહીદોની યાદમાં બે મીનીટના મૌનમાં આપણી ગુલામીની જંજીરોને જોર-જોરથી વગાડનારો આ સમારંભ સન્ 1953થી સરૂ થયો હતો. આ પહેલાં ગાંધી સમાધી પર 30 જાન્યુઆરીએ ચાર વખત આ શહીદ દીવસ બહુ જ સાદગીથી, પરંતુ બહુ જ શ્રદ્ધાથી ઉજવવામાં આવ્યો હતો. એ દીવસોમાં સમાધી પણ બહુ જ સીધી સાદી હતી. ન તો આજની જેમ એની ઉપર કાળો સંગેમરમરનો પથ્થર જડવામાં આવ્યો હતો અને ન તો ચોવીસે કલાક ગેસ બરબાદ કરતી 'અમરજ્યોતી' ત્યાં સળગતી હતી.

સન્ 1951માં સંસદમાં 'રાજઘાટ સમાધી અધીનીયમ' પસાર કર્યો હતો. સમાધીની દેખભાળ, રખવાળી માટે તે વખતના આવાસ મંત્રાલય (હવે શહેરી વીકાસ) અંતર્ગત એક સમીતીનું ગઠન કરવામાં આવ્યું હતું. બસ, એ પછી શરુ થયો હતો આ ભવ્ય સમારંભ, જે ત્યારથી આજ સુધી બરોબર ચાલતો આવ્યો છે. આ સમીતીના અધ્યક્ષ ઘણું કરીને કોઈ ગાંધીવાદીને રાખવામાં આવતા હતા. પરંતુ બીજું બધું કામ પોતાની રીતે થતું રહે છે.

સન્ 1970માં પહેલીવાર સંસદમાં ત્રીસ સભ્યોએ આચાર્ય કૃપલાની, મધુ મીલયે અને સમર ગુહાના નેતૃત્વમાં આ શહીદ દીવસે સમારંભમાં બ્રીટીશ રીત રીવાજોનો વીરોધ કર્યો હતો. અને જાહેર રીતે હેવાલ વગેરે આપીને

> ***પ**છી આવ્યું 1977. વીપક્ષ જ સત્તામાં આવી ગયો. કેટલાકને લાગ્યું કે હવે તો આ સમારંભ બદલાઈ જ જશે. પરંતુ એવું થયું નહીં.*

એની નીંદા કરી હતી. રાજઘાટ સમીતીના કેટલાક સભ્યોએ પણ આમાં એમનો સાથ આપ્યો હતો. એવું નહોતું કે સરકારે આટલી મોટી સંખ્યામાં આગળ આવેલા સંસદસભ્યોની વાતને ગંભીરતાથી નહોતી લીધી. પરંતુ ત્યારે 30 જાન્યુઆરી આવવાની જ હતી.

સરકારે પોતાની લાચારી જણાવી કહ્યું કે આટલો થોડો સમય બાકી છે અને એમાં તો કોઈ પાયાનો બદલાવ લાવી શકાય નહીં. સંસદસભ્યો પણ ઉદાર હૃદયના હતા. ધીરજવાળા હતા. એ રીતે સન્ 1971નો સમારંભ જેમનો તેમ ઉજવવામાં આવ્યો.

એ પછી આગલા વર્ષે પણ એ કામ થયું નહીં. ત્યારે તો સરકાર પાસે એને કરવા માટે સમયની કોઈ કમી નહોતી. ઈચ્છાની કમી જરુર રહી હશે, એટલા માટે 1972નો સમારંભ બ્રીટીશ પરંપરા પ્રમાણે જ જેમનો તેમ ઉજવાયો. બસ ગાંધીજીના પ્રીય ભજનો જરુર જોડવામાં આવ્યા હતા. તે પણ એવી જગ્યાએ, જેથી મુળ કાર્યક્રમ પર ભજનોની ઉપસ્થીતીની ખબર જ ન પડે.

ત્યારે સંરક્ષણમંત્રીને આ વીશે પુછવામાં આવ્યું હતું કે આ બધું બદલાતું કેમ નથી. એમનો જવાબ હતો : સરકારે બધા વીપક્ષોનો મત લઈ લીધો છે એટલે કે ઓછામાં ઓછું બ્રીટીશની નકલના મામલે આપણો સત્તારુઢ અને વીપક્ષોનું અંતર ઘટી રહ્યું હતું.

સન્ 1973થી લઈને સન્ 1976 સુધી સત્તારૂઢ પક્ષ અને વીપક્ષ ઘણા બીજા જરુરી કામોમાં વ્યસ્ત રહ્યા હશે. પછી આવ્યું 1977. વીપક્ષ જ સત્તામાં આવી ગયો. કેટલાકને લાગ્યું કે હવે તો આ સમારંભ બદલાઈ જ જશે. પરંતુ એવું થયું નહીં. સન્ 1978ની 30 જાન્યુઆરીના મૌનમાં પણ આપણે આપણી ગુલામીની જંજીરોને ખણખણાવી હતી. અને પછી થોડા ભજનો પણ જોડવામાં આવ્યા છે ને ! (સપ્રેમ)

[**તંત્રીનોંધ :** ખરેખર તો લેખ 30મી જાન્યુઆરી અગાઉ છપાવો જોઈતો હતો. પરંતુ કુપ્રથા હજી પણ ચાલુ હોવાથી છાપ્યો છે; જે પ્રસ્તુત ગણાશે.]

❑

# 'વીકાસ'માંથી 'બેરોજગારી' ઉગી !!... ગરીબી ભારે ખાનદાન !

**સાગર રબારી**

નામ, ગામમાં શું રાખ્યું છે સાહેબ ? મારી કરમકથા તો સાંભળો. ગામડા ગામમાં ખેડુતને ઘેર જન્મ્યો. ખેતીની ફજેતી તો તમે જાણો જ છો ! દુકાળ, અછત, ગરીબી અને હવે બેરોજગારી સાથે ગાઢ દોસ્તી છે. માવતરે દુઃખ વેઠીને, જાતમજુરી કરીને ગામડા ગામની સરકાર શાળામાં પ્રાથમીક શીક્ષણ અપાવ્યું, હાઈસ્કુલેય કરી. ઝાઝું ભણવાનાં ફાંફાં ને ગરીબી, બેકારી સાથે દુશ્મની વહોરવાની ધગશે આઈ.ટી.આઈ. કર્યું. ગામડામાં બધા કહેતા કે આઈ.ટી.આઈ. કરી લે તો ફટાક ને નોકરી મળે. મનમાં સોણલાં કે ગરીબીને તો પાઠ ભણાવી જ દઉં, વળતી મારા ઘર સામે લમણો'ય નૉ વાળે !

નસીબનો તો એવો બળીયો કે મારા ભણતરના અંત ભાગે તો ગુજરાત 'વીકાસ'ની હરણફાળો ભરતુ'તું. ગુજરાતમાં એક પછી એક ઑટો કંપનીઓની લાઈનો લાગી'તી એવું છાપાં કે'તાં'તાં. ગુજરાત ઑટો હબ બની રહ્યું છે એવી વધામણીઓ ચારેકોર હતી. થાતું કે, ઝટઝટ આ આઈ.ટી.આઈ.ના ઝાંપા બારો નીકળું એટલી જ વાર ! આવકારવા, માનો કે પોંખવા, ઝાંપા બારા લાઈનમાં ઉભા હશે ! નોકરી આપવા જ તો વળી. નીકળ્યો. આઈ.ટી.આઈ.ના ઝાંપા બારો'ય નીકળ્યો ને ઘેરેય પોંચ્યો. કોઈ ના મળ્યું, સાહેબ. પછી તો એ જ છાપાંમાં જાહેરાતો ફેંદવી, અરજીઓ કરવી, ગામના ચોરે નવરા તડાકા મારવા કે પછી ધક્કા ખાવા એ જ દૈનીક ક્રમ.

એવામાં વળી સમાચાર વાંચ્યા કે એક શબ્દ માત્ર 'સ્વાગતમ્'થી રીઝીને મોટી ઑટો કંપની ગુજરાત આવવા તૈયાર થઈ ગઈ. છાપાં ને લોકો કહેતા કે એને તો હજારો કરોડની લોનો ને સબસીડીઓ, માળખાકીય સગવડો, 1100 એકર જમીન સરકારના મફતના ભાવે આપી રહી છે એટલે આવે છે. સાચું કહું, એ વખતે આવું કહેનારા, સરકાર ને કંપનીની ટીકા કરનારા, બધા મને દુશ્મન જેવા લાગતા, 'વીકાસના વીરોધી' લાગતા. મારા માટે તો માનો આંગણે દેવ પધારી રહ્યા હતા. જેનાં સોણલાં જોતો'તો ને ગરીબી હારે કાયમી દુશ્મની બાંધવી'તી એ લાગ આવી મળ્યો ! મને એપ્રેન્ટીસ તરીકે એ જ કંપનીમાં કામ મળ્યું. અહોહો... શું અહોભાગ્ય એવું લાગતું'તું. હવે તો ગરીબીનું આવી બન્યું, ગરીબી ભર ઉંઘમાંય મારા ઘર હામું લમણો નૉ વાળે એવા ભુંડા હાલ કરું ઈના તો, હમજે હું ઈના મનમાં ? મારા માવતર હારે દોસ્તી કરે ? ગરીબી હામે વેરનાં બીજનું જાણે વાવેતર થઈ ગ્યું !

વરસને અંતે 'એપ્રેન્ટીસશીપ' પતી. ટ્રેઈની થયો, જાણે વેરના બીજને ફણગા ફુટ્યા ! 'ટ્રેઈની' મટ્યો ને 'કોન્ટ્રાક્ટ વર્કર' થયો, હવે તો વેરના છોડવા થયા, ઉછરે ને અમીરીનો પાક લણું એટલી જ વાર !

મને ક્યાં ખબર હતી કે ગરીબી ભારે ખાનદાનીભરી; એમ કાંઈ દોસ્તી ના તોડે, ના છોડે. હવે છુટો થઈ, 'બેરોજગાર'નું લેબલ લગાવી ઘરે કહેતાં ગામને ચોરે બેઠો છું. જાણો છો આ કંપનીઓ યુવાનોને કેવી રીતે ચુસે છે ?

તમારા કહેવાતા વીકાસની કથા અહીંથી જ, અમારા શોષણથી જ શરુ થાય છે. 'એપ્રેન્ટીસ' તરીકે લેવાયો ત્યારે કોઈ ધોરણ પળાતા નહોતા. એપ્રેન્ટીસને શીફ્ટમાં ના બોલાવાય, પણ અમને શીફ્ટમાં બોલાવાતા હતા. એપ્રેન્ટીસ પાસે આખો વખત કામ ના કરાવાય, એને અડધો દીવસ પ્રેક્ટીકલ તરીકે કામ કરવાનું અને અડધો દીવસ ટ્રેનીંગ મેળવવાની. અમારે તો આખો દીવસ એ જ કામ કરવું પડતું જે એમનો કાયમી કર્મચારી કરતો. કંપનીના કાયમી કર્મચારીને મળતા વેતનનો ચોથો ભાગ અમને સ્ટાઈપેન્ડ તરીકે મળતો. વીરોધ નો'તા કરતા, કંપનીમાં કાયમી થવું તું ને ? ગરીબી હારે વેર જે બાંધવાં'તાં !

એપ્રેન્ટીસ મટી કાયમી તો નો થ્યો પણ ટ્રેઈની તરીકે રાખવાની મે'રબાની કંપનીએ જરુર કરી. થયું, 'હાશ છુટા તો નથી કર્યા ને ?' એપ્રેન્ટીસ તરીકે ચોથા ભાગનો પગાર મળતો તો તે હવે ત્રીજા ભાગનો મળવા માંડ્યો. મનમાં થયું, ગુજરાતનો વીકાસ થાય છે એમ, કંપનીનોય વીકાસ થશે, ભેગાભેગ મારોય વીકાસ થાશે ! ગરીબીને તો ભોં ભારે કરી દઈશ ! ટ્રેઈની તરીકેનો સમય પણ પુરો થયો; છતાં, કંપનીય ભારે ખાનદાન, છુટા ના કર્યા હોં ! ટ્રેઈનીમાંથી કોન્ટ્રાક્ટ પર રાખ્યો, પણ છુટો ના કર્યો. હશે કાયમી કરતાં અડધો-પોણો પગાર તો મળશે. હવે ગરીબીનો ખાત્મો ઢુકડો છે. જોઉં છું એને કોણ બચાવે છે ? આ વખતે તો ભરી પીશ...

પણ, ગરીબી ભારે ખાનદાન સાહેબ ! કાયમી થવું તો ઘેર ગ્યું, ત્રણ વરસ પછી કોન્ટ્રાક્ટમાંથીયે છુટો કર્યો. હાલ ઘેર બેઠો છું, ગામને ચોતરે મારા જેવા યુવાનોનો ડાયરો ભરું છું. મારી જુવાનીનાં વરસો એપ્રેન્ટીસ, ટ્રેઈની, કોન્ટાક્ટ વર્કર જેવાં રુપાળાં નામો દઈ દઈને ચુસી લીધાં !

થાય છે આના કરતાં સરકારે મારા ખેતરે પાણી પુગાડ્યાં હોત, પાકના ભાવ દીધા હોત તો શું ખોટું હતું તે અમને વીકાસને રવાડે ચડાવ્યા ! જાણો છો, જુદી જુદી કંપનીઓમાંથી છુટા થઈને આવા કેટલા છોકરા ગામડે ગામડે, ઘેર ઘેર બેઠા છે ? કે પછી ખેતરે આંટો મારતાંય જીવ ના ચાલે તો ગરીબીથી છુટવા જ્યાં જે મળે એ કામ કરવા, પ્રદુષીત નાનાં કારખાનાં ને ગંદાં છાપરાંના સથવારે શહેરના છેવાડે છેવાડે વેરાયેલા પડ્યા છે ? હજારો... સાહેબ હજારો ! એમનો કોઈ સંપર્ક, સથવારો, માર્ગદર્શક નથી. હજારો હોવા છતાં એકલા અટુલા છે, એટલે ક્રાંતી થાતી નથી. એ ટોળું જે દી ભેગું મળી ગ્યું એ દી શું નું શું થાશે ? આગના ભડકા ઉપર બેઠા છો સાહેબ. હાલ ભલે તાપણા તરીકે મજા લો પણ જે દી ભડકો હળગ્યો તે દી ? હું થાહે ?

આ કંપનીઓની બીજી કારીગરી જાણવા જેવી છે સાહેબ ! એ અનુભવી કારીગરને નોકરીએ નથી રાખતા. આઈ.ટી.આઈ.માંથી નીકળતા તાજા વીદ્યાર્થીઓને જ રાખે છે. કારણ, એક વરસ એપ્રેન્ટીસ તરીકે, એક વરસ ટ્રેઈની તરીકે, 3-4 વરસ કોન્ટ્રાક્ટ વર્કર તરીકે, મફતના ભાવે મજુરી કરાવી શકાય. ના પુરો પગાર માગે, ના કોઈ સગવડ માગે, ના કોઈ લાભ માગે. એની નજર હામે કાયમી થવાનું, ગરીબીને ભારે કરી દેવાનું ગાજર જે લટકતું હોય ! પણ એ નથી જાણતો કે દર વરસે નવા એપ્રેન્ટીસ આવે છે એની સામે કોન્ટ્રાક્ટમાંથી એટલા છુટા થાતા જાય છે. કંપની દર વરસે કેટલા યુવાનોને રોજગારી આપી એના આંકડા આપે છે પણ કેટલા, કાયમી કે કોન્ટ્રાક્ટ કારીગરોને છુટા કર્યા એ નથી જણાવતી. કંપનીમાં કામ કરતા કુલ કામદારોનો પાંચમો કે છઠ્ઠો ભાગ જ કાયમી હોય છે, એ જ પુરો એટલે માંડ 12000 - 13000નો પગાર મેળવતો હોય છે. બાકી બધા તો એના કરતાંય પાંચમા-ચોથા-ત્રીજા ભાગનો જ પગાર પામે છે.

મારા પુરો પગાર મેળવતા કાયમી મીત્રોની કથા તો મારાથીય કરુણ છે.

સાણંદમાં એક રુમનું ઘરભાડું 4000-4500 છે, આટલાં વરસે એય પરણ્યા ને પીતા થયા છે. 12000માંથી ઘરભાડું બાદ થાય, વીજળી બીલ ચુકવાય પછી પાછળ વધે શું ? માંડ 8-9 હજાર. એ તો ગામડેથી મા-બાપ અનાજ, ક્યારેક શાકભાજી તો વળી ક્યારેક ઘી મોકલાવે છે તંઈ એ સાણંદમાં ટકી રૂયા છે સાહેબ ! બાકી તો ગળાફાંહો ખાવા વારો છે સાહેબ. જે માવતરના ઘડપણનો ટેકો થવાના ઓરતા હતા એમના જ માથે ભાઈ થઈ બેઠા છીએ અમે ! કોને કહીએ ? દુનીયાદારીનું ડહાપણ નથી, અનુભવ નથી, કાચા પથ્થર જેવા છીએ, અમને પે'લ પાડી ચમકાવો તો અમે હીરા છીએ, નહીંતર તો રસ્તાની ઠોકર થાશું ! અમને ચમકાવનાર કોણ છે ગુજરાતમાં આજે ?

***આ કંપનીઓ સરકારની સહાય, બેંકની લોનો અને ખેડુતોનાં જમીન-પાણી જ ઓળવી નથી જતી, એ અમારી યુવાનીનાં વરસો પણ ઓળવી જાય છે.***

અમારી વ્યથા સાંભળનારા'ય કોણ ? ક્રાંતી ને કામદાર હીતની વાતો મજુર દીવસે સૌ કોઈ કરે, પણ અમારા ખભે હાથ મુકીને પુછનાર, રસ્તો ચીંધનાર છે કોઈ ? ગામને ચોતરે ટોળ-ટીખળ અમનેય નથી ગમતાં, આવતા- જતાની તીરસ્કારભરી નજરો અમનેય વીંધે છે, વાગે છે, સોંસરી ઉતરે છે. ક્યાં જઈએ ? શું કરીએ ? અમારા એ ટોળ-ટીખળ પાછળ ભારોભાર વેદના છે.

કાયમી થઈને શહેરમાં કે શહેર પાસે વસતા અમારા ભાઈબંધોનેય ગામડેથી ઘરડાં માવતર જ નભાવે છે એ અમે જાણીએ છીએ. તોય લોકો કહેશે કે શહેર પર ગામડાં ભાર છે ! તમે જ કો', શહેર ગામડાને નભાવે છે કે, ગામડું શહેરને નભાવે છે ? જે દી' ભાઈઓ જુદા થાશે ને મા-બાપ ગામડેથી મોકલવું બંધ કરશે એ તંઈ મારા ભાઈબંધોનું હું થાશે ?

બીજી બાજુ, આ કંપનીઓ સરકારની સહાય, બેંકની લોનો અને ખેડુતોનાં જમીન-પાણી જ ઓળવી નથી જતી, એ અમારી યુવાનીનાં વરસો પણ ઓળવી જાય છે. અમને ચુસીને ગોટલા પેઠે ફગાવી દે છે. તમે આવો તો આવા ચુસાયેલા ગોટલા જેવા, ફગાવી દેવાયેલા, તમે કહો એટલા યુવાનોને મળાવું, ખાલી વાતો નથી સાહેબ. એમના મહેલો ને મહેફીલો અમારા શ્રમના શોષણ પર રાતદીવસ વધે છે એને વીકાસ કહો છો. સાદી ગણતરી તો માંડો કે એપ્રેન્ટીસ-ટ્રેઈની-કોન્ટ્રક્ટ વર્કર જેવાં રુપાળાં નામો તળે 4000 જેટલા કારીગરોમાં માત્ર 450ને કાયમી તરીકે પગાર આપવો ને બાકીના 3550 જેટલા પાસે એટલું જ, એવું જ કામ લઈ ઓછો પગાર આપવો, એટલે દરેક કામદારના શ્રમની રોકડી કરી લેવી એ એમનો વધારાનો નફો ! વસ્તુમાં તો ગ્રાહકને વળતર નથી જ આપતા ને ? પુરા શ્રમના પૈસા ગણે છે ને યુવાનોને લુંટે છે. તો લુંટવાની કાયદેસરની કળાને તો 'વીકાસ' નહીં કહેતા હોય ને ?

તો'ય એક વાત કહું, ગરીબી ભારે ખાનદાન, એ કાંઈ એમ દોસ્તી નો તોડે, માવતરની દોસ્તી પરજા હારેય નભાવે... અમારે તો પેઢીનો નાતો... લાગે છે વીકાસમાં અમારા ભાગે તો ગરીબી ને બેકારી હારેની કાયમી દોસ્તી જ આવી !

**– સાગર રબારી**

[વ્યથા ઠાલવવા મળવા આવેલા યુવાનોની વાસ્તવીક વાત છે, માત્ર શાબ્દીક ફેરફારો મારા છે.] ❑

# વતન ઉર્ફે તમાચાથી ચા-પાણી સુધીની 47 વર્ષની સફર

**સાહીલ પરમાર**

[2]

1857નાં પ્રથમ સ્વાતંત્ર્ય સંગ્રામમાં આ ગામ 'મહાન ક્રાંતીકારી ગામ' તરીકે પ્રખ્યાત થયેલું. ગામના વીરોએ આ સંગ્રામમાં કરેલું પ્રદાન ઈતીહાસના પાને નોંધાયું છે એમ ઈતીહાસ વીષયના એમ.એ.બી.એડ.એમ.ફીલ. રોનકસીંહ ડાભી લખે છે. ગામના આ યુવાન રોનકસીંહ એન. ડાભી (એમ.એ.બી.એડ.)એ ગુજરાત વીદ્યાપીઠમાંથી 'સીપોર : એક ઐતીહાસીક અધ્યયન' વીષય પર એમ.ફીલ. કરેલ છે. તેમના પુસ્તકમાં આ માહીતી છે. ગામના વાણીયા મોતીચંદ પાદશાહને અંગ્રેજોએ સમોવ ગામમાં ઝાડ પર લટકાવી દઈને ફાંસી આપી હતી. ગામમાં પ્રેમશંકર ધુળાભાઈ શુક્લ અને પ્રભાશંકર ચુનીલાલ મહેતા એ બે 1947ના સ્વાતંત્ર્ય સેનાનીઓ હતાં.

બારોટ મોતીરામ ફુલજીભાઈએ 1950માં કન્યા શાળા માટે મકાન આપેલું. 1962માં ગુજરાતના પ્રથમ મુખ્યમંત્રી ડૉ. જીવરાજ મહેતાએ એનું ઉદ્ઘાટન કરેલ હતું. અમદાવાદના ભદ્રના કીલ્લામાં પાડાનો બલી અપાતો હતો, પણ ગામના એક વજેસંગ બારોટ એના વીરોધમાં એક વર્ષે પાડો ઉપાડી ગયા એ પછી વાડાનો વધ કરવાની પ્રણાલી બંધ થયેલી. ગામના ત્રણ શીક્ષકો 1. શ્રી મનુભાઈ જયકીશન પટેલ, 2. સોલંકી વાઘજીભાઈ નાથુજી અને 3. ડાભી શંકરજી પુંજાજી શ્રેષ્ઠ શીક્ષકનો રાષ્ટ્રપતી એવોર્ડ જીતેલા છે.

પ્રહલાદભાઈ પટેલે મને પરીચય કરાવ્યો - ગોકળ સીપરા નામની દંતકથાનો. ગોકળ સીપરા નામે ઓળખાતો એ માણસ બહાદુર, મરજીવો હતો. ગામમાં ખેલ કરતા, રમતા તુરીઓની નટી(અભીનેત્રી)ને બીજા ગામવાળા ઉઠાવી ગયા. ગોકળ એ ગામે ગયો અને ધીંગા ખેલીને નટીને પરત લઈ આવ્યો. તુરીઓ રમતાં રમતાં વડોદરા ગયા. અને મહારાજા આગળ ખેલ રમતા હતા ત્યારે નટી રીસાઈ. જાત જાતના સમ આપે, પણ રુસણું ન છુટે. છેવટે મહારાજાના સમ આપ્યા, પણ નટી ન માની. આખરે ગોકળ સીપરાના સમ દેતાં નટીનાં રુસણા છુટ્યાં. મહારાજાએ ગોકળને જીવતો પકડી લાવવાનો સીપાહીઓને હુકમ છોડ્યો. સીપાહીઓ ઉપડ્યા, સીપોર. ગોકળ એમની સામે લડ્યો. સીપાઈઓ એને જીવતો તો ઝબ્બે ન કરી શક્યા. એનું માથું મહારાજા આગળ રજુ કર્યું.

રોનકસીંહના નીબંધમાં લખ્યા અનુસાર ગામના ડાભી ઠાકોર સમાજના 'દાદા ગોકળજી સીપરા'નું નામ આજુબાજુના ગામોથી માંડીને છેક વડોદરા નરેશના દરબાર સુધી પંકાયેલું. આ વીર પુરુષ ખુબ જ શક્તીશાળી હતા. કહેવાય છે કે તેમનું શરીર ખુબ જ મજબુત અને માથું તથા ડોક અન્યો કરતાં વીશીષ્ટ હતાં. એક સમયે મીરખાન જેવા બહારવટીયાએ પણ સીપોરમાં પગ મુકતા વીચાર કરેલો ને ગામ લુંટાતું બચેલું. વડોદરાના મહારાજના આદેશ મુજબ આંબુમીયાં અને જાંબુમીયાં નામના સુબાઓએ પડાવ નાખી ગામને ઘેર્યું ત્યારે ગામલોકની ચીંતા કાજે તેઓ લશ્કર સામે આવ્યા. સૈનીકોને પડકાર્યા. બહાદુરીથી લડ્યા, પણ જીવતા ઝબ્બે ન થયા. મહારાજાએ એ જીવતા ન પકડાતાં અફસોસ કરી એમના માથાનું સ્ટેચ્યુ બનાવેલું. ગામમાં હાલ પણ મેવાડાના માઢ તરફ જતા રસ્તામાં વચ્ચોવચ ત્રણ પાળીયા એમની યાદગીરીમાં સચવાયેલાં છે.

આઝાદી પછી ચાર વખત આખું ગામ એક પતંગે જમ્યું છે. પહેલાં દલીતો એ પંગતમાં ન હતા, આજે છે. ગામના પ્રેમશંકર શુક્લ ભાલકની સીટ પરથી પ્રથમ ડેલીગેટની ચુંટણી 11000 મતની લીડથી જીત્યા હતા. 1962-63માં ભીખીબેન રામભાઈ પટેલ પ્રથમ મહીલા ડેલીગેટ બનેલા. વડનગર તાલુકો અલગ બન્યા પછી ન્યાય સમીતીના પ્રથમ ચેરમેન સદાભાઈ જયંતીભાઈ ચૌહાણ બનેલા. ગામમાં 9927 મત છે. ગામના 17 ચુંટણી વોર્ડ છે. 17 સભ્યોની પંચાયત સમીતી છે પણ આજકાલ જે શબ્દ બધે

*આઝાદી પછી ચાર વખત આખું ગામ એક પતંગે જમ્યું છે. પહેલાં દલીતો એ પંગતમાં ન હતા, આજે છે.*

> ***સૌથી પહેલો એટ્રોસીટીનો કેસ ખેરાલુ સેશન્શ કોર્ટમાં બેલીફની નોકરી કરતા જગદીશ શ્રીમાળીએ કરેલો. પોલીસે પંદર પટેલ આરોપીઓને પુરી દીધેલા, પાંચ પાંચ લાખના દરેકના જામીન આપ્યા ત્યારે માંડ માંડ છુટેલા.***

ગુજરાતના સંદર્ભમાં વપરાઈ રહ્યો છે, તે વીકાસ જ ગામમાં નથી. રોડ નથી. ગટર નથી. આરોગ્યવીષયક પ્રશ્નો છે. ગ્રાન્ટ આવેલી પાછી જાય છે. એમાં પંચાયતની ઉદાસીનતા પણ જવાબદાર છે અને ગામના રહીશો દ્વારા વીરોધમાં થતી અરજીઓ પણ જવાબદાર છે. છેવટે, સર્વોપરી કમીટી બનાવી પ્રશ્નોનો નીકાલ કરવાનું પંચાયતે નક્કી કરેલ છે. ગામમાં જેટલી પેટાજ્ઞાતીઓ અને વાસ એટલા મંદીરો છે. મંદીરોનો અતીશય ફુગાવો છે, ગામમાં પણ અને આખા દેશમાં પણ.

રોનકસીંહ એન. ડાભીએ થીસીસમાંથી શીલ્પ-સ્થાપત્ય અંગે નીચે મુજબની વીગત ટુંકાવીને લીધી છે. વણીક કુટુંબ માત્ર એક કે બે જ હાલ છે. પણ જુના વખતથી ગામમાં એક દેરાસર છે અને ઉપાશ્રય(અપાસરો) છે, જેમાં જૈન સાધુ-સાધ્વીજીઓ આજે પણ ચાતુર્માસ ગાળે છે. તારંગા આવતા દર્શનાર્થીઓ અહીં પણ દર્શન કરવા અને વીરામ લેવા આવે છે.

ગામની વચ્ચે એક મસ્જીદ પણ છે, જેમાં મુસ્લીમ કુંભારો નમાજ અદા કરે છે.

**શીલ્પ-સ્થાપત્ય :**

ગણેશ મુર્તી અને દેવી મુર્તી : ગામની હાઈસ્કુલના દરવાજા પાસે મુકાયેલ બીજી મુર્તીઓમાં આશરે સંવતના તેરમા સૈકામાં કોતરાયેલ ગણેશ મુર્તી નોંધપાત્ર છે. તેના હાથમાં એક પ્રદક્ષીણા પ્રમાણેની દીશામાં એક દંત, પરશુ, કમળ અને મોદક જોવા મળે છે. મુષક વાહન મુર્તી નાની છતાં નયનરમ્ય છે. ગણેશ મુર્તીની બાજુમાં આશરે સંવતના 17મા સૈકામાં કોતરાયેલી 35 સે.મી. ઉંચી અને 27 સે.મી. પહોળી એક દેવી મુર્તીનાં હાથમાં અક્ષરમાળા, ખડગ ત્રીશુલ અને આયુધો તેની શોભા વધારે છે. આ નાનકડી દેવીમુર્તી કોઈ મંદીરના ભદ્ર દેવતાના ગવાક્ષની બેનમુન રચના હોય તેમ જણાય છે.

ગામના કલાકારો વીશેની થોડી અલપઝલપ માહીતી :

• ધુળાભાઈ મગનભાઈ બારોટ (તુરી) ભવાઈના વેશોના ગામના એક માત્ર જાણકાર છે. પોતે ભવાઈના વેશો પીસ્તાલીસ વર્ષથી ભજવતા. હાલ ઉંમર 86 વર્ષ. એમની ભવાઈ દુરદર્શન પરથી પણ પ્રસારીત થઈ છે. ડાયરાના કલાકાર તરીકે એમને રુપીયા પચીસ હજારનો પુરસ્કાર રાજ્ય તરફથી મળેલો તેવું તેમણે મુલાકાતમાં જણાવેલ છે.

• બીજા કલાકાર તે આ લખનાર પોતે - ગણપતલાલ મગનલાલ પરમાર ઉર્ફે સાહીલ પરમાર જેમની કવીતાઓ પણ આકાશવાણી અને દુરદર્શન પરથી અનેકવાર પ્રસારીત થઈ છે. અંગ્રેજી, હીન્દી, ફ્રેંચ, જર્મન, મરાઠી અને અન્ય ભારતીય ભાષાઓમાં તેમની કવીતાઓના અનુવાદો થયા છે; જેમને પણ તેમના કાવ્યસંગ્રહ ‘મથામણ’ માટે ગુજરાત સરકારનો પચીસ હજારનો પુરસ્કાર 2007-08ના વર્ષમાં મળેલ છે. તેઓ દલીત સાહીત્યની બીજી પેઢીના કવી છે.

• ત્રીજા કલાકાર તે દીલીપ શ્રીમાળી, એમની કવીતાઓ પણ મર્મસ્પર્શી છે. જુદા જુદા મેગેઝીનોમાં પ્રકાશીત થાય છે. તેઓ દલીત સાહીત્યની ત્રીજી પેઢીના કવી છે અને ખુબ જ આશાસ્પદ છે.

• ચોથા કલાકાર તે પ્રદ્યુમ્નભાઈ શ્રીમાળી. તેઓ કુશળ તબલાંવાદક છે અને તબલાવાદન અંગે વ્યાપક ખ્યાતી મેળવેલી છે. ગામની બીજી મુલાકાત વખતે અન્ય જાતીઓના કલાકારોની માહીતી મેળવવા ખુબ પ્રયાસ કર્યો, પણ મળી નથી.

તમે કહેશો કે પત્રકાર ભાઈ, ગામ કોણે વસાવ્યું એ તો તમે કહ્યું જ નહીં. તો એ પણ કહી દઉં કે રોનકસીંહ ડાભીના એમ.ફીલ.ના નીબંધ અનુસાર, વહીવંચા બારોટ ભાઈઓના ચોપડા મુજબ સીંહદેવડા નામના રાજાએ ઈ.સ. 1183માં ગામ વસાવેલું. જેના નામ પરથી ગામ સીંહપુર તરીકે ઓળખાતું. સીંહપુરનું કાળક્રમે સીંહપોર થયું ને પછી અનુસ્વાર અને હ ઉડી જઈને સીપોર તરીકે આજે ઓળખાય છે. એ વખતે ગુજરાતમાં શાસન સોલંકી વંશના રાજાઓનું. લગભગ સીદ્ધરાજ જયસીંહનું શાસન હતું અને રાજધાની (અણહીલવાડ) પાટણ હતી.

રોનકસીંહના લખવા મુજબ બીજો એક મત એવો પણ છે કે, સીપોર કૃષ્ણના વંશજ આહીર લોકોએ વસાવેલ

પ્રાચીન નગરી હતી. ગામથી લગભગ દસબાર કી.મી. દુર આવેલા બાણગંગા (વધવાડી) નામના સ્થળે અજ્ઞાત વાસ દરમીયાન અર્જુને બાણ છોડી જમીનમાંથી પાણીનો સ્રોત વહાવેલ, ત્યાંથી પાંડવો સીપોર થઈ આગળ વધેલાની દંતકથા પ્રચલીત છે.

એક માન્યતા મુજબ સીપોર શબ્દ શ્રીપુર એટલે કે (શ્રી = લક્ષ્મી, પુર = નગર), શ્રીપુર પરથી અપભ્રંશ થઈ સીપોર થઈ શકે. ભગવદ્ગોમંડલના આધારે જોઈએ તો આ ગામમાં વસતી એક મુસ્લીમ જાતી જે સીપઈ તરીકે ઓળખાતી હતી, જેનો અર્થ સીપઈ + ઓર = સીપોર. સીપઈ મુસલમાન અને વસવાટસુચક શબ્દ જેના પરથી સીપોર શબ્દ જાતીસુચક ગામનામ કહી શકાય.

સીપોર નામ અંગેના ઉક્ત સઘળા આધારો રોનકસીંહ એન. ડાભીના થીસીસમાંથી લવાયેલ છે.

અને એકદમ છેલ્લે, કેમેરાથી ક્લોઝ શોટ લેતાં એમાં હું પ્રદ્યુમ્નભાઈ પુરાણીનાં ઘરમાં બેસી ચા-પાણી કરતો જોવા મળું છું. તમાચાથી ટી સુધીની આ 47 વર્ષની સફર અહીં પુરી થઈ. કાયદાની શી પ્રસ્તુતતા છે એ પણ જોવા જેવું છે. એટ્રોસીટી એક્ટ થયા પછી ગામમાંથી અસ્પૃશ્યતા નાબુદ થઈ છે. સૌથી પહેલો એટ્રોસીટીનો કેસ ખેરાલુ સેશન્શ કોર્ટમાં બેલીફની નોકરી કરતા જગદીશ શ્રીમાળીએ કરેલો. પોલીસે પંદર પટેલ આરોપીઓને પુરી દીધેલા, પાંચ પાંચ લાખના દરેકના જામીન આપ્યા ત્યારે માંડ માંડ છુટેલા. કાયદાની સાથે સાથે શીક્ષણના પ્રસારથી આવેલી જાગ્રતી પણ કારણરુપ છે. 47 વર્ષ પહેલાં મને પોતાને જ આભડછેટનો જબરદસ્ત અનુભવ થયેલો, પણ આજે જ્યારે ગામમાં ગયો તો રામદાસ માધવલાલ પટેલે એમના ઘરે બેસાડી, ચા પાઈ. પ્રદ્યુમ્નભાઈ પુરાણીએ અને પ્રહલાદભાઈ પટેલે પણ ઘરમાં પલંગ પર બેસાડી ચા-પાણી પાયાં. સવર્ણો પણ દલીતોના ઘરે આવે ત્યારે ચા-પાણી પીએ છે. માહીતી માટે ગામની બીજી વાર મુલાકાત લીધી ત્યારે તો રોનકસીંહ ડાભીએ પણ એમના ઘરે જમવાનો ખુબ આગ્રહ કર્યો હતો, પણ અમારે ઝડપથી કેટલીક મુલાકાતો લઈ પાંચ વાગે ગાંધીનગર પહોંચવાનું હોઈ અમે સવીનય ના પાડેલી. બાકી એમનો આગ્રહ તો હૃદયપુર્વકનો હતો જ. જો કે માત્ર વણકરો પુરતી જ આભડછેટ દુર થઈ છે. રોહીતભાઈઓ અને વાલ્મીકી ભાઈઓ પ્રત્યે હજી પણ સવર્ણોનાં મન ઉંચાનીચા જ છે. ઈચ્છું કે, હવે પછી ચાર-પાંચ વર્ષે ગામમાં જવાનું થાય ત્યારે તેમના પ્રત્યેની આભડછેટ પણ દુર થઈ ગઈ હોય. છતાં પણ 47 વર્ષ પહેલાં જે ચુસ્ત આભડછેટ અનુભવી હતી; તેના પ્રમાણમાં તો જાતીગત ભેદભાવો મોટા પ્રમાણમાં ઓગળ્યા છે એ જાતે અનુભવી શકાયું. જાણી શકાયું. આ દેશ વીષે થોડાક આશાવાદી થઈ શકાય છે. 'મારો દેશ' એમ નવી આશા સાથે અનુભવી શકાય છે. 'મારું વતન' એવું થોડાક ઉમળકાથી લખી શકાય છે. વધુ ઉમળકો તો ત્યારે જ પ્રગટે જ્યારે રોહીત અને વાલ્મીકીઓ પ્રત્યેની આભડછેટ પણ દુર થાય. અને સંપુર્ણ ઉમળકો તો જાતીનું દુષણ સંપુર્ણ નાબુદ થયેથી જ પ્રગટશે. જાતીની સંપર્ણ નાબુદી જેટલું બીજું કશું જ ભારતીય નાગરીકને ખપનું નથી. કામનું નથી. લેખ લખવાનું સોંપવા બદલ શ્રી એમ. કે. પરમાર (મણીલાલ કાલીદાસ પરમાર)નો આભારી છું. વાંચવા બદલ આપ સૌનો...

[**તંત્રીનોંધ :** સાહીલ પરમાર મારા પ્રીય દલીતકવી છે. પ્રસ્તુત લેખની શરુઆત સારી થઈ પરંતુ પછી સાહીલનો mood બદલાયો; રીસર્ચ પેપર જેવું લખાણ થઈ ગયું. 'મથામણ' કાવ્યસંગ્રહની પ્રસ્તાવનામાં એમનું ગદ્ય ધ્યાનાર્હ છે : "મને 1987માં સ્કીઝોફ્રેનીયા થયો ત્યારે ચાલવાની પણ તાકાત ન હતી. એ વખતે મારી ત્રણ દીકરીઓ ઉલ્કા, ઉન્નતી અને સ્ટાન્ઝામાં મારા બાળપણનું પ્રતીબીંબ જોઈને હું ટકી રહેલો. મારી દીકરી ઉલ્કાને હું કુણઘેર (પાટણ), વઢવાણ (સુરેન્દ્રનગર)ના કાર્યક્રમોમાં લઈ ગયો હતો. તે પછી વડોદરા કામનાથ મહાદેવના સ્મશાનમાં કાળીચૌદસના રોજ મીત્રોએ રાખેલા સાહીત્યના કાર્યક્રમમાં પણ એને લઈ ગયો હતો. છેક નાની હતી ત્યારથી મારી સાથે રહેવાને લીધે સાહીત્યમાં એની રુચી કેળવાઈ છે. મારી બીજી દીકરીઓ પણ કવીતામાં રસ લેતી રહી છે. 'પ્રતીરુપોની ખોજ' કવીતામાં દાંત અને આંખો માટે મને કોઈ ઉપમા સુઝતી નહોતી ત્યારે મારા પત્નીએ મકાઈનું ડુંડું અને ડેબીના ફાડીયાની ઉપમા લખાવી હતી. આખા કુટુંબનો સાહીત્યમાં રસ કેળવાયો છે એ બાબત મારા માટે ખુશીની છે." આ મીજાજ ધરાવતા લખાણોની અપેક્ષા સાહીલ પાસેથી રહે છે...]

❑

# ઈન્દુચાચાની 'માયા' અને બીજું ઘણું બધું...

**હસમુખ પટેલ**

ઈન્દુચાચાના હુલામણા નામથી જેમને જનતા ઓળખતી એવા ઈન્દુલાલ યાજ્ઞીકની જન્મજયંતી 22મી ફેબ્રુઆરીના દીવસે છે. ઈન્દુચાચાની આત્મકથા 1973માં 6 ભાગમાં પ્રગટ થયેલી. તેનું પુન:મુદ્રણ 2011માં સનતભાઈ મહેતાએ અંગત રસ લઈને કરાવેલું. હવે ચાર ગ્રંથનો આ સેટ ગુર્જર એજન્સી દ્વારા રુ. 1300માં પ્રાપ્ય છે. નવી પેઢીએ તે વાંચવો જોઈએ. ઈન્દુચાચાનાં વ્યક્તીત્વનાં અનેકવીધ સ્વરુપોની આજના યુવક-યુવતીઓને જાણકારી મળશે.



ઈન્દુચાચાએ 'માયા' નામની નવલકથા પણ લખી છે. એ વાત તો, આજની પેઢીને ખબર ન પણ હોય - જ્યાં ઈન્દુચાચા કોણ ? - એવો પ્રશ્ન પુછાતો હોય ત્યાં તેમનાં લખાણો વીશે કોણ ખબર રાખે.

હા, માયા નવલકથા ઈન્દુચાચાએ મહાગુજરાત સત્યાગ્રહની પૃષ્ઠભુમી પર લખી છે : ડીસેમ્બર 1965માં. તેની કીંમત રુ. 10. પ્રથમ આવૃત્તી : પ્રત : 1200. પ્રકાશક : રવાણી પ્રકાશન ગૃહ (આજે આ પ્રકાશન ગૃહ નથી.)

નવલકથા ઈન્દુચાચાએ અર્પણ કરી છે આ રીતે : "મહાગુજરાતની લડતના જે શહીદવીરોએ માતા ગુર્જરીના મુક્તીસંગ્રામમાં પોતાનાં બલીદાન આપ્યાં છે અને જેમણે મહાગુજરાતનાં લાખ લાખ નરનારીઓને કેસરીયાં કરી અનેક વીક્રમ કરવા અંત સુધી પ્રેર્યાં છે, તેમને પ્રેમભક્તીથી આ લઘુ નવલકથા હું અર્પણ કરું છું."

આ નવલકથા લખવાનું મહાગુજરાતની લડતના સેનાની ઈન્દુચાચાને કેમ સુઝ્યું હશે ? એ માટે તેમણે પ્રસ્તાવનામાં વાત કરી છે તે ગુજરાતની લડતોના ઈતીહાસના દસ્તાવેજોનો એક અંશ છે.

1924ના શીયાળામાં યરવડા જેલમાં ગાંધીજીના સાંનીધ્યમાં 'કુમારનાં સ્ત્રીરત્નો' નામથી પહેલો ટુંકીવાર્તાનો સંગ્રહ ઈન્દુચાચાએ લખ્યો. ત્યાર પછી વીલાયતમાં અને દેશમાં આવી ઘણી પ્રસંગકથાઓ અને નાટકો લખ્યાં. ગુજરાતી ભાષાની જુજ આત્મકથાઓમાં ઈન્દુલાલની આત્મકથાના છ ભાગ છે. તેના 3 ભાગ 1954-56ના ગાળામાં પ્રસીદ્ધ થયા.

1956ના ઑગસ્ટમાં આત્મકથાના 3જા ભાગના પ્રકાશનની તૈયારી ચાલતી હતી ત્યારે મહાગુજરાત વીદ્યાર્થી સમીતી દ્વારા મહાગુજરાતનું આંદોલન શરુ થયું. પરીણામે આત્મકથા અટવાઈ અને શરુ થઈ લડત. એ લડતે ઈતીહાસ સર્જ્યો અને ગુજરાતનું આગવું રાજ્ય 1960માં બન્યું.

પછી તો, ઈન્દુચાચા અનેક પ્રવૃત્તીમાં રોકાતા ગયા. 1961માં અમદાવાદ મહાનગરપાલીકાની ચુંટણી લડી. જીત્યા. મોંઘવારી અને અન્ય પ્રશ્ને આંદોલન ચાલ્યાં પણ મહાગુજરાતની લડત વીશે લખવાનો વીચાર સળવળ્યા કરતો હતો. સીલસીલાબંધ ઈતીહાસ - પ્રમાણભુત ઈતીહાસ લખવાનું કામ અને સંસદની કામગીરી એ બેનો મેળ ખાય તેમ નહોતો. પરીણામે મહાગુજરાતની પશ્ચાદ્ભુમાં નવલકથા લખવાનો નીર્ણય લેવાયો. 1963ના શીયાળામાં ચાર પ્રકરણ લખાયાં.

પણ સંયુક્ત કામદાર સંગ્રામ સમીતીની લડત આવી પડી. પણ ડચકાં ખાતાં ખાતાં નવલકથા 'માયા' પુરી થઈ

અને પ્રસીદ્ધ થઈ 17 જાન્યુઆરી ’65માં.

ઈન્દુચાચાના આ નવલકથાનાં શબ્દોમાં પાત્રો વીશે જ જાણીએ :

“આ પુસ્તકની યોજના વીશે થોડો ખુલાસો કરવો જોઈએ.

“તેમાં લડત કાળના કોઈ આગેવાનો કે કાર્યકરોનાં નામ લીધાં નથી. મધ્યમ વર્ગનાં થોડાં ગૃહસ્થી કુટુંબોમાં મહાગુજરાતની લડતના કેવા પડઘા પડે છે અને તે થોડી યુવતીઓ અને યુવકોને કેવાં પરાક્રમ કરવા પ્રેરે છે તે આ કથામાં આલેખવાનો આશય રાખ્યો છે. તેની સાથે સાથે આ લડતના દરેક તબક્કામાં જે સવાલો ઉપસ્થીત થયા તેની મુક્ત ચર્ચા પણ રજુ કરવામાં આવી છે.

“પણ આ કથામાં માત્ર લડતનો જ રસ નથી. તેમાં પહેલેથી છેલ્લે સુધી ગુંથાયેલી દીલસોજ માયાનું મન, હૃદય અને જીવન જ કથામાં મધ્યબીંદુ તરીકે સાચવ્યાં છે અને તેથી જ તે નવલકથારુપે રજુ થાય છે.

“પહેલી નવલકથા લખતાં એક લડતની અંદર થોડાં પાત્રોનાં અંગત જીવનને વણવાનું કંઈક મુશ્કેલ કાર્ય મેં હાથ ધર્યું છે; તેમાં હું કેટલે અંશે સફળ થયો છું તેનો ક્યાસ કાઢવાનું કાર્ય હું સુજ્ઞ વાચક વર્ગ પર છોડીને આ નવલકથા તેમની આગળ રજુ કરું છું.”

ઈન્દુચાચા ! એક વાચક તરીકે ‘માયા’નાં પાત્રોના અંગત જીવન દ્વારા લડતનાં પાત્રોનાં અંગત જીવનને રજુ તો કર્યું પણ એ પાત્રો ખરેખર કોણ હતાં તેનું રહસ્ય હવે અમને કોણ કહેશે ?

‘માયા’નું સાહીત્યકૃતી તરીકેનું મુલ્યાંકન કરવાનું વીવેચકપણું મારે નથી કરવું. પણ અહીં એક ફરીયાદ જરુર કરવી છે. 1857થી માંડીને આઝાદી સુધી અને ત્યાર પછી નવનીર્માણ, મહાગુજરાત, અનામત જેવાં આંદોલનો કે ગુજરાતને હચમચાવી નાંખે તેવી ઘટનાઓ - 1969માં રમખાણો કે ગોધરા-અનુગોધરાનો નરસંહાર કે પછી કચ્છનો ધરતીકંપ - અંગે આપણા સર્જકોએ અલ્પાંશે પ્રતીભાવ આપ્યા છે. સ્વતંત્રતા સંગ્રામ દરમ્યાન ઉમાશંકર જોશી કે મેઘાણી જેવા સર્જકોની રચનાઓએ એ જમાનાનાં યુવક-યુવતીઓને પ્રેરણા આપી હશે. પણ પછી જે ઘટનાઓ બની તેનું સાહીત્યમાં હચમચાવી નાંખે તેવું પ્રતીબીંબ પડ્યું નહીં - આવું કેમ બન્યું તે મારા જેવા માટે પ્રશ્ન છે. આ પ્રશ્નનો જવાબ મળશે ?

‘માયા’ની માયા વીશે ઝાઝું લખવું નથી. પણ ઈન્દુચાચાએ સાહીત્યના અન્ય પ્રકારમાં પણ ખેડાણ કરેલું તેનો ઉલ્લેખ કરવાની લાલચ રોકી શકતો નથી.

ઈન્દુચાચાએ 7 નાટકો લખ્યાં છે : વરઘોડો, શોભારામની સરદારી, રણસંગ્રામ. આશા નીરાશા, દુકાળ, બગભગત અને અક્કલના દુશ્મન. **બે જીવનચરીત્રો :** શહીદનો સંદેશ (આયર્લેન્ડના નેતા પેટ્રીક પીયર્સ) અને રણછોડલાલ લોટવાલા. **સંસ્મરણો :** ગાંધીજીના સહવાસમાં અને મરોડા આશ્રમ (ગાંધીજીના જેલજીવનનાં સંસ્મરણો) **નીબંધ :** બે - ગામડાનું સ્વરાજ અને સ્વદેશી શા માટે ?

અંગ્રેજી ભાષામાં પણ તેમણે છ પુસ્તકો લખ્યાં છે : મહાત્મા ગાંધી - એઝ આઈ ન્યુ હીમ, શ્યામજી કૃષ્ણ વર્મા, લાઈફ ઓફ રણછોડલાલ લોટવાલા, પીઝન્ટસ્ રીવોલ્ટ, આઈરીશ મુવમેન્ટ અને ફાઈટ ફોર સ્વદેશી.

‘નવજીવન અને સત્ય’ (માસીક), ‘યંગ ઈન્ડીયા’ (અંગ્રેજી સાપ્તાહીક), ‘યુગધર્મ’ (માસીક), ‘હીન્દુસ્તાન પ્રજામીત્ર’ (દૈનીક), ‘બોમ્બે ક્રોનીકલ’ (અંગ્રેજી દૈનીક) ‘પ્રજામીત્ર કેસરી’ (સાપ્તાહીક), ‘સન્ડે એડવોકેટ (અંગ્રેજી સાપ્તાહીક), ફેર પ્લે (અંગ્રેજી સાપ્તાહીક), ‘નુતન ગુજરાત’ (દૈનીક), ગ્રામવીકાસ (સાપ્તાહીક), ।।જનતંત્ર। (દૈનીક) અને ‘જનતા રાજ’ (સાપ્તાહીક) દ્વારા એમણે ગુજરાતી પત્રકારીત્વ ક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન કર્યું હતું.

ઈન્દુચાચાના મોજીલા સ્વભાવનો પરીચય (અને એ દ્વારા આર્થીક સંકડામણનો અનુભવ પણ) તેમના ચલચીત્ર નીર્માણ અને વીતરણ ક્ષેત્રના તેમનાં સાહસોથી મળે. ‘પાવાગઢનું પતન’ નામની મુંગી ફીલ્મનું ઈન્દુચાચાએ નીર્માણ કરેલું. વાવાઝોડામાં નીરાધાર બાળકો અંગેનું ચલચીત્ર વીદેશમાં બનાવેલું. આ સીવાય કેટલીક ફીલ્મોનું વીતરણ પણ તેમણે કરેલું.

[લેખક કોંગ્રેસ અગ્રણી તથા પુર્વ શીક્ષણમંત્રી છે. સંપર્ક : એ/1002, સાર્થક, રામદેવનગર, અમદાવાદ-380015]

❑

# શાળાનો 'વર્ગ એ જ સ્વર્ગ'... એક યાદગાર કાર્યક્રમ...

સ્વ. ઝીણાભાઈ દરજી સ્થાપીત ગુજરાત ખેત વીકાસ પરીષદના ઉપક્રમે મંગવાણા (જી. કચ્છ)થી લઈને ખાંડા (જી. વલસાડ) સુધી ઉંડાણના ગામોમાં આદીવાસીઓ, દલીતો અને પછાતવર્ગોના બાળકો માટે વીસ જેટલી શીક્ષણ સંસ્થાઓ ચલાવવામાં આવે છે. તે પૈકી ભાદ્રોડ (તા. મહુવા, જી. ભાવનગર) ખાતે સ્વામી વીવેકાનંદ ઉત્તર બુનીયાદી વીદ્યાલયની આજે વાત કરવી છે. તા. 29મી જાન્યુઆરીએ આ વીદ્યાલયના આચાર્ય પ્રાણભાઈ જાની રાજકોટ ખાતે સીસ્ટર નીવેદીતા ફાઉન્ડેશન દ્વારા પોંખાયા. આ ફાઉન્ડેશન વર્ષ 1995-96થી જુદી જુદી કેટેગરીમાં શ્રેષ્ઠ શીક્ષકને એવોર્ડ એનાયત કરે છે.

સીસ્ટર નીવેદીતા ફાઉન્ડેશનનાં સ્થાપકો ગુલાબભાઈ તથા ઉષાબહેન જાનીનું શીક્ષણક્ષેત્રે બહુમુલ્ય પ્રદાન છે. અનેકવીધ શૈક્ષણીક પ્રવૃત્તીઓ ઉપરાંત શીક્ષણ સંવર્ધનના હેતુસર ત્રણ શ્રેષ્ઠ શીક્ષકોને સમગ્ર ગુજરાતમાંથી શોધીને એવોર્ડ આપવામાં આવે છે. આ ત્રણ એવોર્ડ યુએસએ સ્થીત Mrs. Radhika Shroff અને Mr. Seth Bair, New Yorkના આર્થીક સહયોગથી શીક્ષકોને આપવામાં આવે છે. ઈ.સ. 2015-2016ના વર્ષના **'સીસ્ટર નીવેદીતા શ્રેષ્ઠ શીક્ષક એવોર્ડ'** પુર્વ-પ્રાથમીક વીભાગમાં શ્રીમતી ત્રીવેણીબહેન પંડ્યા [શ્રી વસંત બાલ અધ્યાપન મંદીર - વડોદરા]ને પ્રાથમીક વીભાગમાં, શ્રી ગોરધનભાઈ મેકવાન [પ્રાથમીક શાળા - સુર્યનગર (સેલવાઈ), તા. પેટલાદ]ને તેમજ માધ્યમીક વીભાગમાં શ્રી પ્રાણશંકરભાઈ જાની [શ્રી સ્વામી વીવેકાનંદ ઉત્તર બુનીયાદી વીદ્યાલય, ભાદ્રોડ, તા. મહુવા, જી. ભાવનગર]ને અપાયા. કાર્યક્રમના અધ્યક્ષપદે ડૉ. મીરાંબહેન સૌરભ (સ્ટેશન ડીરેક્ટર, આકાશવાણી, ભુજ-કચ્છ) અતીથીવીશેષપદે ડૉ. યોગીનીબહેન શ્રોફ અને શ્રી જયંતભાઈ શ્રોફ (યુએસએ) તેમજ વીશેષ ઉપસ્થીતી ડૉ. રમેશભાઈ ઝવેરી અને શ્રી દીનેશભાઈ ગાંધી (યુએસએ)ની હતી. ત્રણેય પુરસ્કૃતોને અભીનંદન પાઠવું છું. ફાઉન્ડેશન દ્વારા પ્રગટ થયેલ પત્રીકામાં ત્રણેય મહાનુભાવોનો વીશેષ પરીચય અપાયો છે.

પરીષદ સંચાલીત સ્વામી વીવેકાનંદ ઉ.બુ. વીદ્યાલયના આચાર્ય શ્રી પ્રાણભાઈ જાની મારા સાથી અને મુરબ્બી છે. એમને નીષ્ઠાપુર્વક કાર્ય કરતા મેં નજીકથી જોયા છે. પ્રાણભાઈ માટે નીશાળનો 'વર્ગ એ જ સ્વર્ગ' છે ! 1989માં બીએસસી થયા બાદ લોકભારતી - સણોસરા ખાતેથી 1992માં જીબીટીસીમાં પ્રથમ ક્રમાંક સાથે ડીબીએડની ડીગ્રી પ્રાપ્ત કરી. નવ વર્ષ સુધી ઉ. બુ. વીદ્યાલય, ટાટમ, તા. ગઢડા ખાતે શીક્ષક તરીકે સેવાઓ આપ્યા બાદ તા. 1- 8-2001થી શ્રી સ્વામી વીવેકાનંદ ઉ. બુ. વીદ્યાલય, ભાદ્રોડમાં આચાર્ય તરીકે કાર્યરત છે. તેઓ શાળામાં જોડાયા ત્યારે ધો.10ની બોર્ડની પરીક્ષાનું પરીણામ માંડ 33 ટકા જેટલું હતું તે 84 ટકા સુધી પહોંચ્યું છે; સંખ્યા વધીને 300 ઉપરાંત થવાથી વર્ગો વધારવામાં આવ્યા છે. મહુવાથી નજીક હોવા છતાં 17 ગામના કીશોર-કીશોરીઓ પ્રવેશ મેળવવા માટે ધસારો કરે છે. શાલેય શીક્ષણ પ્રવૃત્તીઓ ઉપરાંત રમતગમત,




**સીસ્ટર નીવેદીતા શ્રેષ્ઠ શીક્ષક એવોર્ડની પ્રદાનવીધી**



**શ્રી પ્રાણભાઈ જાની અને પરીવારજનો**

*નથી, તે મારો જાત અનુભવ છે. ગામડામાં રહેતાં અલ્પશીક્ષીત લોકો પણ કામની કદર કરે છે. ભલે તેમની પાસે શબ્દોની સમૃદ્ધી નથી પરંતુ અંતરની લાગણીથી તેમની આંખો અમી વરસાવતી હોવાનું અનુભવાય છે.*

*"ભાદ્રોડની સ્વામી વીવેકાનંદ ઉ.બુ. શાળામાં તા. 1-8-2001ના રોજ આચાર્ય તરીકે જોડાયો. મારે માત્ર દોઢ વર્ષ જ મકાનભાડું ભરવું પડ્યું. મારા આગ્રહ છતાં છેલ્લા સાડાતેર વર્ષથી મકાનમાલીક ભાડું સ્વીકારતા જ નથી. અન્ય બે મકાનમાલીકો 'અમારે ત્યાં રે'વા આવો' એવો પ્રેમાળ આગ્રહ કરે છે ! મહુવા તાલુકા મથકથી ભાદ્રોડ નજીક છે, રોડ ઉપરનું ગામ છે, હજાર-પંદરસો જેટલું ભાડું સ્હેજે મળે છતાં સ્વીકારતાં નથી... મીત્રો, આવું માન-સન્માન તો શીક્ષકને જ મળે.*

*"એક તાજી ઘટના કહું. તા. 27-12-2016ના રોજ ગ્રામ પંચાયતની ચુંટણીમાં પ્રીસાઈડીંગ ઓફીસર તરીકે મારે ફરજ બજાવવાની હતી. આગલે દીવસે ચુંટણી સાહીત્ય મેળવવા મારી મોટર સાઈકલ પર મહુવા જતો હતો. સવારના સાડાઆઠ થયેલા. વડલીથી માલણ પહોંચવામાં હતો ત્યાં જ આગલા વ્હીલમાં પંચર પડ્યું ! સમયસર પહોંચવું જરુરી હતું. મહુવા જાઉં કે વડલી... બંને અડધો કીલોમીટરના અંતરે... અવઢવમાં વીચારતો હતો ત્યારે ખાટસુરાથી મારી સ્કુલમાં નવ વર્ષ અગાઉ ભણતો વીદ્યાર્થી મોટર સાઈકલ પર નીકળ્યો. એનું નામ ચીમનભાઈ રાઠોડ. હાલ હીરા ઘસે છે. મારી નજીક આવી, નમન કરી, સ્થીતી જાણી. તરત જ મારી ગાડી લઈ લીધી અને પોતાની આપી દીધી, 'સાહેબ, તમે આના ઉપર કામે પહોંચો...' મારું વાહન દોરીને પંચરવાળાને ત્યાં લઈ ગયો. મને ગાડી ખેંચવા ન દીધી. પંચરના પૈસા માટે જીદ કરી, જો કે મેં ચુકવવા ન દીધા. તેનો પ્રેમ એક શબ્દ બોલ્યા વગર, આચરણથી જ અનુભવ્યો... ગામમાં વાળ કપાવવાના પૈસા પરાણે આપવાના, વાહન ન હોય અને ચાલતો જતો હોઉં તો ધરાર નીશાળના દરવાજા સુધી મુકી જાય ! મને આ એવોર્ડ મળવાની જાણ થતાં મારા ભુતપુર્વ વીદ્યાર્થી અને હાલ કેન્દ્રવર્તી શાળાના આચાર્ય હરેશભાઈ કાતરીયા તેમજ પંકજભાઈ પટેલ તેમની કાર લઈને સાથે આવ્યા છે. મને ગામલોકોની અને ભુતપુર્વ વીદ્યાર્થીઓની ખુબ હુંફ મળી છે. સંચાલક મંડળ તથા મારા કુટુંબીજનોનો સદાય સાથ સહકાર મળ્યો છે... સર્વેનો આભાર."*

સાંસ્કૃતીક, શૈક્ષણીક પ્રવાસ વગેરે અનેકવીધ પ્રવૃત્તીઓથી શાળા ધમધમતી રહે છે. પ્રાણભાઈ પોતે સંગીતના વાદ્યો વગાડી જાણે છે; જનજાગૃતી માટે પર્યાવરણ સુરક્ષા, પ્રદુષણ, અસ્પૃશ્યતા નીવારણ જેવાં વીષયો અંગે છંદ, દુહા, વાર્તા, નાટક લખીને વીદ્યાર્થીઓ પાસે રજુ કરાવે છે. પ્રાણશંકરભાઈનું પર્યાવરણની સંસ્થાઓ, ગુજરાત ઈકોલોજી કમીશન, વીજ્ઞાન વીકાસ પરીષદ જેવી સંસ્થાઓ દ્વારા સન્માન થયું છે. એમને ફાઉન્ડેશન દ્વારા 'સીસ્ટર નીવેદીતા શ્રેષ્ઠ શીક્ષક એવોર્ડ' એનાયત થયા બાદ પ્રાણભાઈએ પ્રતીભાવરુપે જણાવ્યું :

*"મહાન નારી ભગીની નીવેદીતાનાં નામ સાથે સંકળાયેલો આ એવોર્ડ સ્વીકારતા આનંદની લાગણી અનુભવું છું. સીસ્ટર નીવેદીતા ફાઉન્ડેશનના હોદ્દેદારો, પસંદગી સમીતી, મારા માતાપીતા અને કુટુંબીજનો, મારા મંડળના હોદ્દેદારો તેમજ મારા સાથી સ્ટાફ મેમ્બર્સનો આ માટે હૃદયપુર્વક આભાર માનું છું. આ એવોર્ડ હું મારા ભુતપુર્વ તેમજ વર્તમાન વીદ્યાર્થીઓને સમર્પીત કરું છું. જ્યારે કોઈપણ વ્યક્તીને કદર થાય તે ગમે જ; આજે અહીં સમાજના અગ્રણીઓ અને વીદેશથી આવેલા પ્રબુદ્ધજનો દ્વારા જે સન્માન કરવામાં આવ્યું તે વીશેષ લાગણીસભર છે.*

*"સન્માન થવાથી વ્યક્તીનું સમાજમાં રેકગ્નીશન વધે છે; દેશી ભાષામાં કહું તો વ્યક્તી માર્કાવાળી બને છે. ત્યારે મારી જવાબદારી વીશેષ બની રહે છે. મારા ઉપર સમાજે મુકેલા વીશ્વાસને સાર્થક બનાવવા માટે સતત પ્રયત્નશીલ રહીશ. આ માટે માતા સરસ્વતી મને શક્તી બક્ષે એવી પ્રાર્થના.*

*"શીક્ષણનું આજે વેપારીકરણ થતું જાય છે અને પરીણામે શીક્ષકનો માન-મોભો તુટ્યાં છે. ટ્યુશનની બદીને કારણે શીક્ષકને વ્યાપારી દૃષ્ટીથી જોવામાં આવે છે. કદાચ શીક્ષક તુટ્યો હશે પણ સમાજ નહીં... સમાજ લાયક વ્યક્તીને પોંખવામાં ઉણો ઉતરતો*

આ કાર્યક્રમ ખુબ સમયસર અને આયોજનપુર્વક ચાલ્યો. ખાસ નોંધપાત્ર બીના એ હતી કે કાર્યક્રમનું સંચાલન ફાઉન્ડેશન સંચાલીત શાળાની બાળકીએ આત્મવીશ્વાસપુર્વક કર્યું. મારા જીવન માટે રાજકોટની આ મુલાકાત અને હૃદયસ્પર્શી કાર્યક્રમ યાદગાર બની રહેશે.

**– રશ્મીન રાઠોડ**

[કો-ઓર્ડીનેટર - ગુજરાત ખેત વીકાસ પરીષદ, શીક્ષણ સમીતી]

❑

# મતદાર જાગ્રતી શીબીર

ભારતની લોકશાહીને 70 વર્ષ થયા પણ ક્યાંય લોકોનું શાસન - સ્વરાજ નજરે પડતું નથી. લોકો ઉપર રાજકીય પક્ષોનું શાસન ઠોકી બેસાડાયું છે. રાજકીય પક્ષોના નેતાઓ જ રાજ કરે છે, જેનાથી મોટાભાગનાં લોકો ત્રસ્ત છે. 'મતદાતા એકતા ઝીંદાબાદ' અને 'ઈન્કલાબ ઝીંદાબાદ'ના નારા સાથે રાજકોટ ખાતે જાગ્રત નાગરીક અશોકભાઈ પટેલે [ફોન : 94282 75550] સ્વરાજ સમીતીના ઉપક્રમે કસ્તુરબા ધામ (ત્રંબા, ભાવનગર રોડ, રાજકોટ) ખાતે મતદાતા જાગ્રતી શીબીર 25-26 જાન્યુઆરીએ યોજી. રાજકીય પક્ષોને જાકારો આપી, સમાજમાંથી જાગ્રત મતદારો પોતાના પ્રતીનીધીઓ ચુંટે એવા હેતુસર આ શીબીરમાં ચર્ચા કરવામાં આવી. અશોકભાઈ ઉપરાંત વેલજીભાઈ દેસાઈ, અનીરુદ્ધભાઈ જાડેજા, પ્રવીણભાઈ લાખાણી, પરાગભાઈ બાબરીયા, કાંતીલાલ છ. ભુત, અનીલભાઈ લીંબાસીયા, શ્રીમતી ચંદાબહેન પટેલ, શ્રીમતી નીતાબહેન જીવાણી વગેરેએ રાજકોટને કેન્દ્ર બનાવી 'મતદાર જ દેશનો માલીક છે' વીચારને બળ આપવાનો નીર્ધાર કર્યો. આ અગાઉ 2011માં 45 દીવસની મતદાર જાગ્રતી યાત્રા ગુજરાતભરમાં કાઢવામાં આવી હતી અને ગાંધી ચીંધ્યા માર્ગે મતદારોનું બીનરાજકીય સંગઠન કરવાનો પ્રયોગ શરુ થયો. 'સ્વરાજ સમીતી' અને 'સોસાયટી ફોર ફાસ્ટ જસ્ટીસ' બંને રાજકોટ સ્થીત સંસ્થાઓના ઉપક્રમે આ શીબીર યોજાઈ ગઈ. શીબીરાર્થીઓને ખાદીનો થેલો, પેન - સ્ટીકર, પેડ, ટોપી આપવામાં આવેલ; કસ્તુરબા આશ્રમનું પ્રાંગણ ધવલ વસ્ત્રોથી ખીલી ઉઠ્યું.

શીબીરનો શુભારંભ આદરણીય મેધા પાટકરજીના વરદ્‌હસ્તે દીપપ્રાગટ્યથી થયું. શીબીરનું સંચાલન અનીરુદ્ધભાઈએ કર્યું. આરંભે અશોકભાઈ પટેલે શીબીરના આઠ સત્રો અંગે ટુંકમાં જાણકારી આપીને કહ્યું કે, 'આપણે ગાંધીચીંધ્યા સત્ય-અહીંસા - પ્રેમના માર્ગે સાચા સ્વરાજની પ્રાપ્તી કરવાની છે. રાજકીય પક્ષોની ગુલામી સામે લડવાનું છે. અપક્ષ અને સ્વતંત્ર મતદાર મંડળોનું સંગઠન કરવાનું છે. પક્ષો કે અપક્ષ ઉમેદવારો નહીં, મતદાર મંડળો જ પોતાનો ઉમેદવાર નક્કી કરે એવું ગોઠવવાનું છે.' ત્યારબાદ મુક્તચર્ચા આગળ ચાલી.

**વેલજીભાઈ દેસાઈ** (રાજકોટ) : હાલની સરકારો નાગરીકો ભણી ભેદભાવો રાખે છે. જે કરોની વસુલાત થાય છે તેની અસમાન વહેંચણી થાય છે. ગામડાં, ખેડુતો, કારીગરો, ખાનગી નોકરીયાતો, વંચીતો સાથે એક જાતની છેતરપીંડી કરવામાં આવે છે. રાજકીય પક્ષો અને સરકારની નીતી શાહુકારો, મલ્ટીનેશનલ કંપનીઓ, ઉદ્યોગપતીઓ તરફી જ હોય છે. સ્વદેશી, માતૃભાષામાં શીક્ષણ તેમજ ગાંધી વીચારને અમલમાં મુક્યા વગર આપણે છુટકો જ નથી. સમાનતા, એકતા, ન્યાય માટે આપણે જાતે જ ઉભા થવું પડશે. ચાલો, સહુ સાથે મળીને રાજકીય પક્ષોની ગુલામી ઉખેડીને ફેંકી દઈએ.

**મેધાબહેન પાટકર :** દેશના ગરીબો, વંચીતો, વીસ્થાપીતો, આદીવાસીઓ વગેરેના માનવ અધીકારો છીનવાઈ રહ્યા છે. રાજકીય પક્ષો - સરકારો સત્તાના સ્વાર્થવશ દેશના કરોડો નાગરીકો ભણી ઓરમાયું વર્તન કરે છે. જુદી જુદી યોજનાઓમાં કહેવાતા વીકાસનો ભોગ બનતાં કરોડો લોકોના માનવ અધીકારોનું ગળું ઘોંટી દેવાય છે. આ અન્યાય, અત્યાચાર, શોષણને મીટાવવા સત્તાનું વીકેન્દ્રીકરણ જરુરી છે. મતદારોએ જાગ્રત થવું પડશે. રાજકીય પક્ષોને જાકારો દેવો પડશે. ગ્રામ પંચાયતથી લઈને સંસદ સુધી સત્તામાં નાગરીકની સહભાગીતા જરુરી છે. આપણે સ્વરાજના ભાગીદાર બનવાનું છે. જ્યારે મારી જરુર પડે ત્યારે જણાવજો, મારો સાથ-સહકાર હંમેશ તમારી સાથે રહેશે.

ત્યારબાદ મતદાર જાગ્રતી અંગે 'પુર્ણ સ્વરાજ એક અધુરો પ્રવાસ'નું વીમોચન કરવામાં આવ્યું હતું. આ પુસ્તક સુંદર, બહુરંગી છે. તેમાં ગાંધી, વીનોબા, ટીળક, સ્વામી વીવેકાનંદ વગેરે મહાનુભાવોના ચીંતન તેમજ આઝાદી બાદ આપણી દશા-દીશા, સમસ્યાઓ વગેરેનું આલેખન કરવામાં આવ્યું છે. આ પુસ્તક તૈયાર કરવામાં અશોકભાઈ પટેલે અથાગ પરીશ્રમ ઉઠાવ્યો છે.

બીજા દીવસે અશોકભાઈના ધર્મપત્ની ચંદાબહેને અસ્ખલીત હીન્દીમાં પોતાના વીચારો સ્પષ્ટપણે વ્યક્ત કર્યા. ભાવનાબહેને (સુરત) પણ વક્તવ્ય આપ્યું હતું. એસોસીએશન ફોર ડેમોક્રેટીક રીફોર્મના અનીલ શર્મા (ઝાંસી)એ હાલની ચુંટણીપ્રથા, રાજકીય પક્ષોની ભુમીકા વગેરે અંગે મનનીય પ્રવચન આપ્યું. અંતમાં રાજકોટ મહાનગરપાલીકાના દરેક વોર્ડમાં શેરી નાટકો, ચર્ચાચોરો, પત્રીકાઓ, સંવાદ વગેરે દ્વારા મતદારો દ્વારા જ ઉમેદવારો પસંદ કરવાની પ્રક્રીયા હાથ ધરવાનું નક્કી કરવામાં આવ્યું. (ટુંકાવીને)

પ્રેષક : **કાંતીલાલ છ. ભુત**

(મો) 9898517718

❑

# ગુજરાતની કઈ ગતીશીલતા ?

**ડંકેશ ઓઝા**

ઠાકોર સમાજના યુવાન નેતા અલ્પેશ ઠાકોર જ્યારથી વ્યસનમુક્તી અને દારુબંધીની વાત કરવા લાગ્યા છે ત્યારથી સરકાર થોડી ભીંસ અનુભવવા લાગી છે. પરીણામે IPS અધીકારી તીર્થરાજને સરકારે કામે લગાડ્યા અને દારુબંધીના કાયદામાં વધુ સખ્ત જોગવાઈઓ દાખલ કરવામાં આવી. સુધારેલો કાયદો રાજ્યપાલના વટહુકમથી બહાર પાડવામાં આવ્યો. તરતના દીવસોમાં એલેમ્બીક વડોદરાના ચેરમેન ચીરાયુ અમીન અને બીજા સોથી વધુ ધનાઢ્ય લોકોની નવા વટહુકમ અન્વયે ધરપકડ કરવી પડી.

દારુ, કેફી દ્રવ્યો અને તમાકુએ માઝા મુકી છે. આ દુષણોને કારણે યુવાન પેઢી ગુમરાહ બનતી જાય છે. સ્વચ્છતા પણ જોખમાય છે. કેન્સરથી ગમે તેટલા મોત થતાં હોય, ગુટખા વીરુદ્ધનો કાયદો આવ્યો હોય, છતાં તમાકુની બદી વધુ ને વધુ વીસ્તરતી જાય છે. દારુનું પણ એવું જ છે. જેમ જેમ સમૃદ્ધી આવતી જાય છે તેમ તેમ દારુની રેલમછેલ પણ વધતી જાય છે. કેટલાક હીન્દુઓને મુસ્લીમો નથી ગમતા પણ મુસ્લીમોનો આહાર વધુ ને વધુ આકર્ષણનું કેન્દ્ર બની રહ્યો છે.

સંવેદનશીલ અને જાગ્રત લોકો ખુબ ચીંતીત છે. પરંતુ ઝાઝાં પરીણામ પ્રાપ્ત થતાં નથી. એ સાચું છે કે કેટલેક ઠેકાણે પોલીસ જે ન કરી શકી હોય તે કામ મહીલા બ્રીગેડે કરી બતાવ્યું છે. કેટલાંક નાના ગામોમાં જાગ્રતી અને દંડની પ્રથાને અમલી બનાવ્યા પછી થોડાં પરીણામો પ્રાપ્ત થયાં છે. પરંતુ તેનાથી સંતોષ માનીને બેસી શકાય તેવું નથી.

લગ્નોના જમણવાર ફુડ ફેસ્ટીવલની જેમ વીકસી રહ્યા છે. મોટા લોકો આવું જે કંઈ કરે છે તેનું બાકીના અનુકરણ કરવા લાગ્યા છે. સમુહ લગ્નો થાય છે ખરાં, પણ તેનાથી વ્યાપક પરીસ્થીતીમાં બહુ ફરક પડતો નથી.

ગરીબીની અને ગરીબોની આપણે વાત કરતા રહીએ છીએ અને બીજી તરફ માત્ર સમૃદ્ધી નહીં પરંતુ બગાડ વધતો જતો જોવા મળે છે. જે પ્રમાણમાં બગાડ થાય છે તે જોતાં એવું લાગે છે કે બાકીના અડધાં માણસો તો તેમાંથી જમી શકે ! આ બધા રોજબરોજના, આપણી આસપાસના અને સમાજના સવાલો હોવાને કારણે આપણે તેની ચર્ચા અલપ- ઝલપ કરીને છુટા પડીએ છીએ. પરંતુ તેના નીવારણની દીશામાં ભાગ્યે જ કશું કરી શકાય છે.

શું કરવું તે સમજાતું નથી. જે ઘરોમાં એકમતી હોય ત્યાં તો બહુ મોટો પ્રશ્ન નથી પરંતુ કેટલાંક સમજતા હોય અને બહુ બધા ન સમજતા હોય ત્યારે શું કરવું એ પ્રશ્ન તો ઉભા જ રહે છે. પાછળ રહી ગયેલા ખેંચાઈને આગળ વધેલાનું અનુકરણ કરે છે અને જે આર્થીક મુશ્કેલીઓ અનુભવે છે તેનો પણ કોઈ આરોઓવારો નથી.

ગુજરાત રાજ્યની સ્થાપના થઈ તે વર્ષોમાં મોટા જમણવારો પર અંકુશનો કાયદો હતો. પોલીસોએ આવીને રસોઈના તપેલા ઢોળી નાખ્યા હોય એવું પણ બાળપણમાં જોયું છે. મૃત્યુ પછીના જમણવારને પણ આ અંકુશો લાગુ પડતા હતા. સમાજ સુધારા તરફ હતો અથવા તેને તે માર્ગે દોરી જવામાં આવી રહ્યો હતો એમ લાગતું. પણ હવે તો યુ-ટર્ન લેવાઈ ગયો હોય અને સુધારાનો માર્ગ જ છોડી દેવામાં આવ્યો હોય એમ અનુભવાય છે.

મોટાભાગના લોકો જીવનની સમૃદ્ધીનો વીચાર કરે છે પરંતુ એમાં જે ગુણવત્તા હોવી જોઈએ તેની ચર્ચા કરતા નથી. જેમ કે શીક્ષણનો વ્યાપ વધ્યો છે પરંતુ અનુસ્નાતક કક્ષાની વ્યક્તી બાબતે પણ તમને અસંતોષ રહે એ સાવ સ્વાભાવીક છે. માત્ર ડીગ્રી જોઈને તેના વીશે મત બાંધવાનું મુશ્કેલ અને વધુ મુશ્કેલ થતું જાય છે, એવું જ બીજા બધા ક્ષેત્રે છે. માણસ આગળ વધતો જાય બે પાંદડે થતો જાય અને જીવનની ગુણવત્તા બાબતે અભાન બનતો જાય એવું કંઈક બની રહ્યું છે. પૈસો, સમૃદ્ધી અને ભૌતીક સુવીધાઓ સીવાયનું જગત અસ્તીત્વમાં જ ન હોય એવી કંઈક દૃઢ માન્યતા સાથે આજનો માણસ આગળ વધી રહ્યો છે જે વ્યાપક ચીંતાનો વીષય છે.

*માત્ર ડીગ્રી જોઈને તેના વીશે મત બાંધવાનું મુશ્કેલ અને વધુ મુશ્કેલ થતું જાય છે, એવું જ બીજા બધા ક્ષેત્રે છે.*

ભારત ધાર્મીક દેશ છે એમ કહેવાય છે. ગુજરાત તો તેમાં અગ્રેસર છે. આધ્યાત્મીક સંપ્રદાયો પણ ઓછા નથી.

સામાજીક સંસ્થાઓની પણ ભરમાર છે. કથા-વાર્તા-ગુરુઓ વગેરેનો તો રાફડો ફાટ્યો છે. તેમ છતાં સમાજ કંઈક અપેક્ષીત દીશામાં ન જઈ રહ્યો હોય એવું કેમ અનુભવાય છે ? એક કારણ એવું સમજાય છે કે માણસ સ્વભાવે ગતાનુગતીક છે. તે અનુકરણ કરતો રહે છે. તે એવું માનતો થઈ જાય છે કે બધા કરે તે કરવું જ પડે. આવી વખતે જુદા પડવાનું ગૌરવ લેતાં તે શીખ્યો લાગતો નથી. જુદા પડતાં તે શરમ અને સંકોચ અનુભવે છે. પરીણામે ખોટા સાથે જોડાતાં તેને વાર લાગતી નથી. કાળક્રમે પોતે જે કરી રહ્યો છે એ સાચો માર્ગ છે એવું પણ માનવા લાગે છે. તે વીચારશીલ વ્યક્તી બની રહેતો નથી.

આપણે ગાંધીનું ગુજરાત એવું કહેતા રહીએ છીએ પરંતુ ગાંધી જે રીતે જુદા પડ્યા એનો સંદેશ ગ્રહણ કરતા નથી. અહીંસાની રીતે આઝાદી મેળવવાની વાત ઈતીહાસમાં ક્યાંય નથી. છતાં ગાંધીજીએ એવું કરી બતાવ્યું. આભડછેટ વીરુદ્ધ જવામાં શાસ્ત્રો નડતાં હોય તો ગાંધીએ એવાં શાસ્ત્રોને માનવાની ના પાડી દીધી. ડગલે ને પગલે ગાંધીએ ખોટી બાબતોનો અને ખોટી પરંપરાઓનો વીરોધ કર્યો. રાજકીય આઝાદીને બદલે અન્ય બાબતોને પણ સાથે લઈને ચાલ્યા, એ અન્ય બાબતો પર જ વધુ ભાર મુક્યો. જેમાં કેળવણી અને સદાચાર મુખ્ય હતાં. આજે આ બધું બહુ દુરનું ભાસવા લાગ્યું છે. કવી ઉમાશંકર જોશીએ તેથી જ પુછ્યું હતું : ગાંધીને પગલે તું ચાલીશને ગુજરાત ? તો વળી શેખદમ આબુવાલાએ ઘણી વ્યથા સાથે લખ્યું હતું :

**ગાંધી તું કેવો સસ્તો બની ગયો**
**ખુરશી સુધી જવાનો તું રસ્તો બની ગયો**

ગાંધીના ફોટા ચલણી નોટો પર હોય, પ્રત્યેક શહેરમાં ગાંધી રોડ હોય,

ઘણા બધા ચાર રસ્તા પર ગાંધીની પ્રતીમા હોય, સરકારી કચેરીઓમાં અને અદાલતોમાં અને હવે તો પોલીસ સ્ટેશનમાં ગાંધીની તસવીરો હોય તેથી ગાંધીવીચાર પ્રસરી ગયો તેવું માનવાની ભુલ થઈ શકે ખરી ?

સાબરમતી જેલના કેદીઓ માટે નવજીવન સંસ્થાએ ગાંધીપરીક્ષા યોજી. તેમાં મોટા ગુનાના કેદીઓ વધુ સારા ગુણે પાસ થયા. આનું શું અર્થઘટન કરવું તે સમજાતું નથી. ગાંધીનું નામ લેતા પહેલાં અને જીવનને માત્ર ભૌતીક સમૃદ્ધીની દૃષ્ટીએ જોતાં પહેલાં વ્યક્તીએ પોતાના હીતમાં અને સમાજના હીતમાં ઘણું બધું વીચારવાનું રહે છે. ❑

# પત્ર-સાર

તામીલનાડુના મુખ્યમંત્રી જયલલીતાનું લાંબી માંદગી બાદ નીધન થયું. તેમની સ્મશાનયાત્રામાં લાખેક માણસો એકઠા થયા હશે. આવા શોકમય પ્રસંગે પણ ત્રણેક વ્યક્તીઓએ તો જાન ગુમાવ્યો. કેટલાંક ઘાયલ થયા હશે. કોઈ રાજકીય નેતા માટે આમ કોણ જાન ગુમાવે ? જો કે જયલલીતાનું ગરીબો માટેનું કામ જ એવું હતું. તેમના નીધનના સમાચાર જાણી ઘણા લોકો રઘવાયા થઈ ગયા અને સાન ભાન ભુલી ગયા. તેઓ ગરીબોના એવા હમદર્દ હતા કે તેમના રાજ્યમાં કોઈ ભુખ્યા ના સુવે તેની તેઓ દરકાર કરતાં. તે માટે તેમણે રાજ્યમાં એવી કેટલીક 'અમ્મા' કેન્ટીનો ચાલુ કરી દીધી હતી એમાં રાહતદરે પેટ ભરીને જમવાનું મળતું. ('નયા માર્ગ'માં આ વીષયે એક લેખ 'અનસુયા'માંથી સાભાર છાપ્યો હતો.) ફક્ત ગરીબો જનહીં, જરુરીયાતમંદ કેટલીક ઓફીસોનો સ્ટાફ તેમજ સ્થીતીપાત્ર લોકો પણ આવી કેન્ટીનનો લાભ ઉઠાવે છે. મતલબ કે આ વાનગીઓ ભલે સસ્તી છે. ખાવાલાયક પણ હશે જ. 'જયલલીતાની એક વાત નોંધવા જેવી છે. તેઓ રાજ્યના કુલ ખર્ચની 25 ટકાથી વધારે રકમ તો સબસીડીમાં જ વાપરે છે જેના મોટા ભાગના લાભાર્થીઓ તો ગરીબો જ હશે જેની વસ્તી દરેક રાજ્યોમાં અધીક પ્રમાણમાં છે.

તામીલનાડુના આવા સમાચાર જાણી આપણને સૌને પણ એવું જરુર થાય કે ગરીબ લોકો તો બીજા રાજ્યોમાં પણ ઘણા રહે છે. તો તેમના માટે આવી સસ્તામાં જમવાની કોઈ યોજના છે કે કેમ ? અન્ય રાજ્યો પણ આવી સસ્તી કેન્ટીન જેવી યોજના અમલમાં લાવે તો લાખો ગરીબો તથા કેટલાંક ભુખ્યા લોકો તેનો લાભ લઈ શકે. આવા સારા કાર્યમાં નાણાકીય મુંઝવણ નડતી હોય તો સરકાર પાસે તેના રસ્તા હોય જ છે. બસ નીર્ધાર જોઈએ.

**- મણીભાઈ યુ. પટેલ**

[સુરત (મો) 99980 02488]

વાઈલ્ડ લાઈફ કન્ઝર્વેશન અને બાયો-ડાયવર્સીટીનાં સંદર્ભે ગીર ફોરેસ્ટમાંથી સીંહોના થનારાં સ્થળાંતર અંગે વીવીધ ન્યાયપાલીકાઓનાં તારણોની આલોચના કરવાનો કોઈ જ ઈરાદો નથી. પરંતુ ગુજરા, મધ્યપ્રદેશ અને કેન્દ્રમાં

- એમ ત્રણેય જગ્યાએ એક જ પક્ષનું શાસન હોય ત્યારે ફક્ત ગીરનાં સીંહોને જ મધ્યપ્રદેશમાં ખસેડવાનો હઠાગ્રહ કેમ છે ? દક્ષીણ ગુજરાતનાં વાંસદામાં ગત સદી સુધી ગુજરાતનો છેલ્લો વાઘ અસ્તીત્વમાં હતો. કુદરતી કે માનવસર્જીત આપત્તીને કારણ ગુજરાતમાંથી આજે વાઘની પ્રજાતી લુપ્ત થઈ ગઈ છે. 1886 સુધી ડાંગનાં જંગલમાં હાથી હોવાનું પણ જાણમાં છે.

કેન્દ્ર અને રાજ્યોની સરકારો મધ્ય પ્રદેશમાં કાન્હા નેશનલ પાર્કમાંથી થોડા વાઘોને કે આસામના હાથીઓને વાંસદા-ડાંગનાં વનોમાં વસાવવાનું કેમ ગોઠવાતું નથી. આ બાબત પ્રકૃતીપ્રેમીઓએ હાથ ધરવી રહી.

**- મહેશ સાગઠીયા**

[રાજકોટ (મો) 9662446277]

16/11ના અંકમાં સદ્‌ગત મીરાબહેનને યોગ્ય શ્રદ્ધાંજલી અર્પણ કરી છે. તેઓ જ્યારે ભુજ આવતાં ત્યારે રુબરુ મળવાનું થતું. ચર્ચા-ગોષ્ઠી પણ થતી. ‘કચ્છમીત્ર’માં એમની સાથેની મુલાકાત પ્રગટ થઈ હતી. પુરોહીત દંપતીની ચીરવીદાયના સમાચાર પણ ‘નયા માર્ગ’ દ્વારા જાણવા મળ્યા. તેમને સ્મરણાંજલી અર્પું છું. ‘નવું વાચન’માં તમે ભલે સમીક્ષા નથી કરતા પણ પુસ્તક અંગે રસપ્રદ માહીતી આપો છો જે ઉપયોગી નીવડે છે.

**- બાબુલાલ ગોર**

[65 ભાનુશાલીનગર, કર્મભુમી એપા.ની સામે, ભુજ-370 001]

‘નયા માર્ગ’ 16/1ના અંકમાં આનંદ તથા લખન દ્વારા નર્મદા આંદોલન વીશેનો લેખ તથા કીરણભાઈ ચાંપાનેરીએ પેઢામલીના ગ્રામવીકાસ અંગેનો લખેલો લેખ સરસ છે. નર્મદા આંદોલનની ફલશ્રુતી-સીદ્ધી તથા નવતર જલસત્યાગ્રહની જાણકારી મળી. આ આંદોલન ગાંધીની અસહકારની લડત અને સત્યાગ્રહ સાથે સરખાવી શકાય. લોકજાગ્રતી મુશ્કેલ છે. પરંતુ અભણ ગણાતાં આદીવાસીઓની આ ઠંડીતાકાત આશ્ચર્યમાં મુકી દે છે. જલદીપ તથા સ્નેહલનું કાર્ય પ્રશંસનીય છે. આવા ગામોમાં થતા નક્કર રચનાત્મક કાર્યો કરતા લેખો વધુ મળતા રહે એવી આશા. ‘જો ગાંધી ન હોત તો’ સરસ છે પણ ગાંધી સમજાયા નથી અથવા ભુલાવા માંડ્યા છે.

**- ડૉ. અશ્વીન શાહ**

[ખારેલ, ને.હા. 8, તા. ગણદેવી, જી. નવસારી]

ભારત સરકારે નોટબંધીને કારણે કીસાનોને ઉત્પન્ન વેચવામાં જે ખોટ સહન કરવી પડી છે તેના વળતર રુપે કૃષી ધીરાણનું બે માસનું વ્યાજ માફ કર્યું છે. સરકારે બે માસની વ્યાજમાફી જાહેર કરી કીસાનોની મજાક ઉડાવી છે. હકીકતમાં ખરીફ પાક વેચવાના સમયે જ નોટબંધીનાં પગલાંએ દેશના કૃષી બજારો સ્થગીત થઈ ગયા હતા અને બીજી બાજુ કૃષી ઉત્પન્ન વેચવાની કીસાનોની લાચાર સ્થીતી હતી. તે સંજોગોમાં તમામ માલ ખેડુતોએ ઓછા ભાવે વેચી દેવો પડ્યો. જેમાં ખેડુતોને હજારો રુપીયાની ખોટ વેઠવી પડી પછી છેક હવે સરકારે બે માસનું વ્યાજ માફ કર્યું છે. મોટા ભાગે કૃષી ધીરાણ એક લાખ સુધીનું સરકારી માળખાથી થતું હોય છે. એટલે તેનું બે માસનું વ્યાજ ગણીએ તો રુપીયા 666ની રાહત મળી છે. જેનું કોઈ મુલ્ય નથી. આમ કરીને સરકારે કીસાનોની મજાક સાથે ઉપેક્ષા કરી છે.

મહારાષ્ટ્ર સરકાર મુંબઈના દરીયામાં રુ. 3600 કરોડના ખર્ચે છત્રપતી શીવાજી મહારાજના સ્મારકનું નીર્માણ કરશે. છેલ્લા વર્ષોમાં મહારાષ્ટ્રના અનેક કીસાનો પર દેવું થઈ જતાં, તેમને આત્મહત્યા કરવાની ફરજ પડી છે. આટલી મોટી રકમ ભોગ બનેલા ખેડુતોના કુટુંબીજનોને આપવી જોઈએ, દુકાળનીવારણ માટે જળસંચયના કામો પાછળ ખર્ચ કરવો જોઈએ. વળી, આ પ્રતીમાના નીર્માણ દ્વારા હીન્દુ-મુસ્લીમ કોમવાદ વકરાવવાની સાજીશ ન થવી જોઈએ. શીવાજીના લશ્કરમાં મુસ્લીમ સેનાપતી અને સૈનીકો પણ હતા. મોગલો સામે વીરતાથી લડનારા મહાનુભાવોનું સ્મારક થાય, તેમાંથી ભાવી પેઢી પ્રેરણા લઈ શકે પરંતુ સદ્‌વીચારોથી બનાવાતું સ્મારક હીન્દુ-મુસ્લીમ ધર્મની લડાઈના સ્વરુપનું પ્રતીક ન બની જાય તેની સાવધાની જરુરી છે. કેટલાક તત્ત્વો તેને કોમી સ્વરુપ આપી છત્રપતી શીવાજી મહારાજની બહાદુરીપુર્વકની વીરતાને ઝાંખપ લગાવી રહ્યાં છે. સ્મારકનો હેતુ વીરતા, બહાદુરી અને બલીદાનના આદર્શને પ્રેરણારુપ બનાવવાનો હોવો જોઈએ તોજ તેઓના સ્મારકનો આદર્શ સાર્થક થઈ શકે.

**- અંબાલાલ ઉપાધ્યાય**

[પુર્વ ધારાસભ્ય, મુ. લીંભોઈ, તા. મોડાસા]

❑

# આચમન

[ગુજરાતના બે પ્રતીષ્ઠીત વીચારપત્રોમાં બે ચીંતનાત્મક લેખો પ્રગટ થયા છે; જે પૃષ્ઠમર્યાદાને કારણે શબ્દશ: પુન: છાપી શકાય એમ નથી. **'ભુમીપુત્ર'**ના તા. 16-1- 2017ના અંકમાં અશોક ભાર્ગવે 'પારંપરીક જ્ઞાનના અનુપમ નીશાળીયા' શીર્ષકથી અનુપમ મીશ્રના અવસાન બાદ લેખ લખ્યો છે; તેનો અનુવાદ પાર્થ ત્રીવેદીએ કર્યો છે. મીશ્રાજી વીશે લખવું હતું પણ 'આજ ભી ખરે હૈ - તાલાબ' અને અન્ય સામગ્રી મારી પાસેથી કોઈ જરુરતમંદ લઈ ગયા હશે તેથી મળી શકી નહીં. મીશ્રજી વીશે જાણકારી ખરી પરંતુ પ્રત્યક્ષ પરીચય નહીં... બીજો લેખ અરુણ શૌરીની મુલાકાત આધારીત છે, જેનું શીર્ષક છે : 'આ વીકેન્દ્રીત કટોકટી છે.' 'I Am a Troll' પુસ્તકનાં લેખીકા સ્વાતી ચતુર્વેદીએ સંશોધનના ભાગરુપે શૌરીની મુલાકાત લીધી હતી. સ્વાતીજીએ પ્રથમ ફકરામાં નોંધ્યું છે :

**સ્વાતી ચતુર્વેદી :** નરેન્દ્ર મોદી દુનીયામાં એકમાત્ર નેતા છે, જે અભદ્ર અને અતાર્કીક રીતે દુષ્પ્રચાર કરતાં સોશીયલ મીડીયા ગ્રુપને ફોલો કરે છે. જ્યારે તમે કરણ થાપરના શોમાં નરેન્દ્ર મોદીની ટીકા કરી હતી, ત્યારે આ ગ્રુપે સેરેબ્રલ પાલ્સીથી પીડીત તમારા પુત્ર અને તમને અત્યંત અતાર્કીકપણે નીશાન બનાવ્યા હતા. આ ગ્રુપે એટલે સુધી કહ્યું હતું કે, તમે મોદીની ટીકા કરી હોવાથી તમારાં કર્મની સજા તમારો પુત્ર ભોગવી રહ્યો છે (હકીકતમાં અરુણ શૌરીના પુત્ર તેમણે મોદીની ટીકા કરી એના વર્ષો અગાઉ સેરેબ્રલ પાલ્સીથી પીડીત છે).

આ મુલાકાત 'નીરીક્ષક'ના તા. 1-2-2017ના અંકમાં પ્રગટ થઈ છે, જેનો અનુવાદ કેયુર કોટકે કર્યો છે. બંને લેખો રસ ધરાવતાં સહુ કોઈ સંપુર્ણ વાંચે એવી ભલામણ સહ, બંને વીચારપત્રોના સૌજન્યથી આચમન રુપે... - **તંત્રી**]

## પારંપરીક જ્ઞાનના અનુપમ નીશાળીયા

• અનુપમ મીશ્રનો જન્મ મહારાષ્ટ્રના વર્ધામાં શ્રીમતી સરલા મીશ્ર અને હીંદી ભાષાના પ્રસીદ્ધ કવી ભવાનીપ્રસાદ મીશ્રાને ત્યાં ઈ.સ. 1948માં થયો હતો. પર્યાવરણ સંરક્ષણ માટે જનચેતના વીકસાવવા અને સરકારોનું ધ્યાનાકર્ષીત કરવાની દીશામાં તેઓ એ સમયથી કામ કરતા જ્યારે દેશમાં પર્યાવરણ સુરક્ષાનો કોઈ વીભાગ અસ્તીત્વમાં ન હતો. એમના પ્રયત્નોથી દુષ્કાળગ્રસ્ત રાજસ્થાનના અલવરમાં જળ સંરક્ષણનું કામ શરુ થયું, જે દુનીયાએ જોયું અને વખાણ્યું. સુકાયેલી અરવરી નદીને ફરી વહેતી કરવાની તેમની કોશીશ અનન્ય છે. તેવી જ રીતે ઉત્તરાખંડ અને રાજસ્થાનના લાપોડીયામાં પરંપરાગત જળસ્રોતોને પુનર્જીવીત કરવાની દીશામાં તેમણે મહત્ત્વપુર્ણ કાર્ય કર્યું છે.

• 1973માં જ્યારે દેશનાં આઠ રાજ્યોમાં દુકાળ પડ્યો ત્યારે આ રાજ્યોમાં તરુણ શાંતી સેનાની પહેલથી 'અકાલ બનામ તરુણ (દુષ્કાળ સામે તરુણ)' નામ હેઠળ સો-સો યુવાનોના એક હજાર શીબીરોનું આયોજન થયું. આ શીબીરો દ્વારા પારંપરીક પાણીના સ્રોતો જેવા કે તળાવ અને કુવાઓ ઉંડાં કરવાનું કામ ઉપાડેલું. આ ઉપક્રમમાં ડગલે ને પગલે અનુપમનો સહકાર સહજ મળ્યો જ હોય ને !

• એક જગ્યાએ પ્રભાસ જોશીએ લખ્યું છે - 'એક વાર ગાંધી શાંતી પ્રતીષ્ઠાનના મંત્રી રાધાકૃષ્ણજીએ અનુપમને કહ્યું કે કોઈ વીદેશી સંસ્થા પ્રોજેક્ટ માટે ઘણા રુપીયા આપવાની છે. તો અમારી ઈચ્છા છે કે તમે તેમાંથી દર મહીને પાંચ-છ હજાર રુપીયા લો.' સ્વાભાવીક છે, અનુપમના મીત્ર અને પ્રોજેક્ટ સાથે જોડાયેલા અન્ય દરેક કાર્યકરને એટલા રુપીયા મળતા જ હશે. પણ અનુપમ ગભરાઈને મારી પાસે આવ્યા. એ પ્રતીષ્ઠાનના સાતસો રુપીયા સીવાય ક્યાંયથી પણ એક રુપીયો લેવા તૈયાર ન હતા. અનુપમે કહ્યું, 'હું જાણું છું કે વીદેશથી મદદ મળી છે જે ઘણી જ વધારે છે. પરંતુ આ લેનારાઓનું પતન મેં જોયું છે. આપણા જ દેશમાં કામ કરવા આપણને બીજાઓની સહાયની શી જરુર ?' જો આપ અનુપમને જાણતા હશો તો તેનો આ સંકોચ ચોક્કસથી સમજી શકશો. નહીંતર તમે અનુપમના મુખ સામે વખાણ કરનારા અને પીઠ પાછળ તેને બુદ્ધુ કહેનારમાં સામેલ થઈ શકો છો.

• આજે કલમવીર અર્થશાસ્ત્રીઓ, સમાજશાસ્ત્રીઓ, શીક્ષણવીદ્ અને સાહીત્યકારો ખરી સમસ્યાઓનાં મુળીયા સુધી પહોંચી શકતા નથી. અનુપમ માનતા હતા કે 'મોટાભાગના કર્મશીલો ત્રણ-ચાર પુસ્તકો વાંચી, કોઈ વીચારધારાનો છેડો પકડી લોકોને સુધારવાના, સંગઠીત કે શીક્ષીત કરવાના કામમાં લાગી પડે છે. ગામડાના લોકો 'પછાત', 'અભણ' અને 'અવીકસીત' છે. તેથી લોકો જાણતા નથી તેમ જણાવવાનું છે, કંઈક નવું સમજાવવાનું છે, નવું સંગઠન બનાવવાનું છે, લોકશક્તી, લોકક્રાંતી, લોકચેતનાના નામ પર આંદોલન ચલાવવું અને કોઈને ડરાવવા.

• `મેં લોકોની કોઠાસુઝને સમજવાનો પ્રયાસ કર્યો છે. જો આપણે પાંચ લાખ ગામડાંઓના આ દેશને સંભાળવો હશે તો પહેલાં આપણા દેશના લોકોને પ્રેમ કરતા શીખવું પડશે. આપણે તેનો એક અંશ જ છીએ. એ પણ સાગરની માત્ર

એક બુંદ. જ્યાં સુધી આ બાબત આપણા ધ્યાન પર નહીં રહે ત્યાં સુધી આપણે કંઈક વીશીષ્ટ છીએ, આપણને લોકો કરતાં વધારે ખબર છે - આ અહમ્ જળવાઈ રહેશે જેમાંથી કશું જ પ્રાપ્ત થશે નહીં.'

• અનુપમની કલમ : 'ચૌથા શેર' આપણું રાષ્ટ્રીય ચીહ્ન અશોક સ્તંભ છે; તેમાં ચાર સીંહો છે, એ વાસ્તવીકતાનો ખ્યાલ જ્યારે વારાણસી-સારનાથનો પ્રવાસ કર્યો ત્યારે જ આવ્યો. પણ આ દૃશ્યમાન ત્રણ સીંહોને આપણી વ્યવસ્થાએ ધારાસભા, કારોબારી અને ન્યાયતંત્રનાં પ્રતીકો માની સ્વીકાર્યા છે. જો કે અશોકની કલ્પના આ અંગે શું હતી તેની મને જાણ નથી. કોઈ મીડીયાને ચોથા સ્તંભરુપે ગણાવે છે. પરંતુ અનુપમજી સમાજને અદૃશ્ય સીંહ માનતા, જેને આપણે કોઈ વખત જોઈ નથી શકતા. આ સમાજ દરેક કામ કરીને પણ કોઈ અપેક્ષા વીના, ઉપેક્ષીત રહીને પણ પોતાની જવાબદારીઓ વધુ નીષ્ઠાથી પુરો કરતો રહ્યો છે. આ અંગે જ અનુપમે 'આજ ભી ખરે હૈં - તાલાબ'માં એક જગ્યાએ કહ્યું છે -

'સેંકડો, હજારો તળાવો અચાનક રાતોરાત નથી બન્યાં. બનાવવાનું આયોજન લોકોનું હતું અને મજુરી પણ તેમની જ હતી. આની પાછળ એકમ બનાવડાવનારાનો હતો, તો દશક બનાવનારનો હતો. આ એકમ-દશક મળીને સેંકડો હજાર બનતા હતા. પરંતુ છેલ્લાં 200 વર્ષોમાં આ નવા પ્રકારના શીક્ષણથી હજારો વર્ષનું જ્ઞાન શુન્યમાં ફેરવાઈ ગયું.

• શાંતી પ્રતીષ્ઠાનમાં ચુપચાપ ગળાડુબ કામોમાં વ્યસ્ત રહેતા. એમની જુની ખુરશીની પાછળ સ્ટીકર ચોંટાડેલું છે 'પાવર વીધાઉટ પરપઝ' - હેતુ વીનાની સત્તા. અનુપમ માટે માત્ર હેતુ છે, સત્તાનો સ્પર્શ માત્ર પણ નથી. આજે પણ એટલી જ કરકસરથી યાત્રાઓ કરે છે જેવી અમે JP આંદોલન સમયે ખભે થેલો લટકાવીને કરતા.

• એમનું સંપાદીત પુસ્તક 'દેશ કા પર્યાવરણ' લગભગ નવ વર્ષ પહેલાં પ્રકાશીત થયું... આ દેશમાં અંગ્રેજીમાં પણ આ પ્રકારનું પુસ્તક છપાયાનું યાદ નથી... જાતે જ પત્રો લખીને પુસ્તકનું વેચાણ કર્યું. બે હજાર નકલો છપાઈ તેમાંથી થયેલી બે લાખ રુપીયાની આવક શાંતી પ્રતીષ્ઠાનમાં જમા કરાવી. તેનાં ચાર વર્ષ બાદ પ્રકાશીત 'હમારા પર્યાવરણ' પુસ્તકનું પણ આ જ પદ્ધતીથી પ્રકાશનથી લઈને વેચાણ કર્યું. શાંતી પ્રતીષ્ઠાનને નવ લાખ રુપીયા કમાવી આપ્યા...

• અનુપમનું પુસ્તક 'આજ ભી ખરે હૈં - તાલાબ'ની અસરો ઘણી વ્યાપક થઈ. રાજસ્થાનના કામ વીશે તો ઘણા જાણતા હશે પરંતુ મધ્યપ્રદેશના દેવાસમાં 2006માં પાણીની સમસ્યા એટલી વીકરાળ બની કે ટ્રેનથી પાણી લાવવું પડતું. ઉમાકાંત ઉમરાવ નામના કલેક્ટરે પાણીની અછત અનુભવતા ગામના લોકોને તળાવ બનાવવા પ્રોત્સાહન આપ્યું. જેના ફળસ્વરુપે લોકભાગીદારીથી 10 હજાર તળાવોનું નીર્માણ થયું... આ અભીયાન કેટલાંક ગામોથી શરુ થઈને 200-300 ગામોમાં ફેલાઈ ગયું અને આજે પણ નવાં ગામો જોડાતાં જાય છે. એક જાડા હીસાબ મુજબ જો સરકાર અને તેની સંસ્થાઓ દ્વારા જો કામ કરવામાં આવે તો અંદાજીત 700થી 1000 કરોડ રુ.નો ખર્ચ થાત.

• અમેરીકામાં રાષ્ટ્રપતી તરીકે ટ્રમ્પ ચુંટાઈ આવ્યા તે પછી એક નવો શબ્દ જોડણીકોશમાં ઉમેરાયો છે, જેને પોસ્ટ ટ્રુથ એટલે કે સત્યોત્તર કાળ કહેવાય છે. આજની દુનીયામાં લોકો વીકાસ પાછળ આંધળી દોટ મુકીને જળ-જમીન-જંગલને પારાવાર નુકસાન પહોંચાડી રહ્યાં છે. આ વીકાસના મૃગજળમાંથી માનવી ક્યારે મુક્ત થશે તે તો ખબર નથી પણ જ્યારે થશે ત્યારે પ્રકૃતી સાથે સુમેળથી જીવવાની ચાવી આપણને અનુપમનાં લખાણોમાંથી ચોક્કસ મળી રહેશે એમાં સંશય નથી.

**– અશોક ભાર્ગવ**

નોંધ : http//hindi.indiawaterportal.org/anupam પરથી અનુપમના લખાણો વાંચવા મળી શકશે.

## 'આ વીકેન્દ્રીત કટોકટી છે'

[વર્ષ 2016ના ઉનાળામાં સ્વાતી ચતુર્વેદીએ અરુણ શૌરીની મુલાકાત લીધી હતી; તેમાં 17 જેટલાં પ્રશ્નો પુછ્યા છે. અહીં માત્ર 4 પ્રશ્નો જ રજુ કર્યાં છે.]

***સ્વાતી ચતુર્વેદી :*** *[1975માં ઈન્દીરા ગાંધીએ લાદેલી] કટોકટીનો તમે વીરોધ કર્યો હતો. અત્યારે કટોકટી જેવી સ્થીતી છે ?*

**અરુણ શૌરી :** તે સમયે કેન્દ્રીત કટોકટી હતી અને અત્યારે વીકેન્દ્રીત કટોકટી છે. હકીકતમાં આપણે એક વ્યવસ્થીત માફીયા સ્ટેટ બનવાની દીશામાં અગ્રેસર છીએ. તેમાં સ્થાનીક ગુંડાઓ મનસ્વી રીતે વર્તશે. કહેવાનો અર્થ એ છે કે કેન્દ્રમાં બેઠેલા લોકો સ્થાનીક સ્તરે ગુંડાઓને છાવરશે. 'ગૌરક્ષક' અને 'લવ જીહાદ'ની જેમ આ પ્રકારની ગુંડાગીરી પણ કોઈ પણ વ્યક્તીને મારવા કે પીટવા માટે પ્રોત્સાહન આપશે. હકીકતમાં ગૌરક્ષાનો ઉદ્દેશ ગાયનું રક્ષણ કરવાનો છે જ

નહીં, સમાજમાં ધાક બેસાડવાનો છે.

ઈન્દીરા ગાંધીએ લાદેલી કટોકટી અને અત્યારની કટોકટી વચ્ચે એક મોટો ફરક છે - એ સમયે ઈન્દીરા ગાંધીના રાજમાં કાયદાનું પાલન થતું હતું. અત્યારે આપણે ધીમે ધીમે 'જીસ કી લાઠી ઉસ કી ભેંસ' તરફ આગળ વધી રહ્યાં છીએ. હકીકતમાં આ ફાસીવાદ છે, કારણ કે હવે સરકાર કહે એ જ કાયદો છે. એક વ્યક્તી જ સરકાર છે. તમે જુઓ, આ તમામ કામગીરી સરકારની બહારનાં તત્ત્વો કરી રહ્યાં છે. પણ સૌથી ખરાબ બાબત એ છે કે સરકારની અંદર વર્તમાન કાયદાઓનાં અસરકારક અમલનાં તમામ માર્ગો બંધ થઈ રહ્યાં છે - ઉદાહરણ તરીકે માહીતી અધીકારનાં કાયદા (આરટીઆઈ)ને બુઠ્ઠો કરી નાંખવામાં આવ્યો છે. જનહીતની અરજી (પીઆઈએલ)ના કાયદાને મરોડીને બીનઅસરકારક બનાવી દેવામાં આવ્યો છે. તે જ રીતે સર્વોચ્ચ અદાલતમાં તમે ખાલી જગ્યાઓ ભરતાં નથી. ન્યાયતંત્ર 100 જેટલી જગ્યાઓ ભરવા જણાવે છે, પણ આ સરકાર એક યા બીજા આધારે તેનો ઈન્કાર કરી રહી છે. ન્યાયમાં વીલંબ થવાથી લોકોને કેટલી મુશ્કેલી પડે છે એનો તેમને ખ્યાલ નથી.

***ચતુર્વેદી :*** *આશીષ નાન્દીએ એક વખત મોદીની મુલાકાત લીધી હતી, જ્યાં તેમણે જણાવ્યું હતું કે તેઓ કટ્ટર ફાસીવાદીને મળ્યાં હોય એવું અનુભવ્યું હતું. તમે મોદીને સારી રીતે જાણો છો. તમે તેમને પ્રધાનમંત્રી બનાવવા પ્રચાર પણ કર્યો હતો. તમે તેમની વીચારસરણી સાથે સંમત છો ?*

**શૌરી :** હા, મેં આવું કહ્યું છે. હવે હું વાતને આગળ વધારી રહ્યો છું અને કહું છું કે મોદી ડાર્ક ટ્રાઈડની કેટેગરીમાં આવે છે. ડાર્ક ટ્રાઈડ મનોવીજ્ઞાનમાં વ્યક્તીત્વની એક કેટેગરી છે - જેમાં કોઈ વ્યક્તીમાં સ્થીતી સંજોગો મુજબ ત્રણ પ્રકારનું વ્યક્તીત્વ જોવા મળે છે - નાર્સીસીઝમ (સ્વસંમોહન), મેકીયાવેલીનીઝમ (શાસનકળામાં છળ કે કપટનો આશરો લેવો) અને સાઈકોપેથી (મનોરોગ). વળી તેમના વ્યક્તીત્વની અન્ય એક ખાસીયત પણ છે. તેઓ સરળતાથી ડરી પણ જાય છે. દીલ્હી અને બીહારની ચુંટણીનાં પરીણામો પછી મોદી વીકાસની વાતો વીસરી ગયા છે. તેમણે તમામ લોકરંજક યોજનાઓ અપનાવી લીધી છે. આ બાબત દર્શાવે છે કે તેઓ ચુંટણીમાં પરાજય મળ્યાં પછી અતી ગભરાઈ ગયા હતા. બીજું તેમનો એકમાત્ર ઉદ્દેશ ચુંટણીઓ જીતવાનો છે અને આ માટે કોઈ પણ માર્ગ અપનાવવામાં આવે છે. જે લોકોએ મોદીનો વીરોધ કર્યો હતો એ તમામને કોઈ ને કોઈ કેસમાં ફસાવી દેવામાં આવ્યાં છે - પછી તે ગુજરાતમાં આઈએએસ ઓફીસર પ્રદીપ શર્મા હોય કે એક્ટીવીસ્ટ તીસ્તા સેતલવાડ. ઉપરાંત, બીનસરકારી સંસ્થાઓને યેનકેન પ્રકારે મુશ્કેલીમાં મુકી દેવામાં આવે છે. પછી તેઓ તેમની કામગીરીને આ રીતે વાજબી ઠેરવે છે - 'બધા મને હેરાન કરે છે, એટલે મારે આવું કરવું પડે છે.'

***ચતુર્વેદી :*** *આ રાષ્ટ્રવીરોધીવાળો મુદ્દો તમે જે ઉપાડ્યો [સંદર્ભ : તેઓ જે લોકોને નીશાન બનાવવા ઈચ્છે છે તેમને રાષ્ટ્રવીરોધી ગણાવે છે... આગલા પ્રશ્નના જવાબનું વાક્ય.] તે ખુબ મહત્ત્વનો છે, અત્યાર સુધી આપણે રાષ્ટ્રવીરોધી શબ્દનો અર્થ થાય તેવી તમામ કામગીરી ન કરી હોય તેવી વ્યક્તીને રાષ્ટ્રવીરોધી માની નથી.*

**શૌરી :** ઈન્દીરા ગાંધી તેમની સરકારને ઉથલાવવા માટે વીદેશી શક્તીઓનો હાથ હોવાનું કહેતા હતા. તેમણે 'તેઓ વીરુદ્ધ અમે' જેવી સ્થીતીનું સર્જન કર્યું હતું. હકીકતમાં આપણી સંસ્કૃતી વીરોધી હોય તેઓ રાષ્ટ્રવીરોધી છે. મોદી અને શાહે ભાજપનું ઈન્દીરાકરણ કર્યું છે. તમે જુઓ - મંત્રીમંડળમાં મોદી જ સર્વેસર્વા છે, પક્ષ સંપુર્ણપણે મોદીભક્તોની મંડળી બની ગયો છે. મોદી અને શાહની 'હામાં હા' મીલાવવાની જ છે. તેમની મુખ્યમંત્રીઓની પસંદગી જુઓ - ગુજરાતમાં વીજય રુપાણી, મહારાષ્ટ્રમાં દેવેન્દ્ર ફડણવીસ, હરીયાણામાં મનોહરલાલ ખટ્ટર. આ તમામ જનાધાર વીનાના નેતા છે. હવે પક્ષે અમીત શાહને મુખ્યમંત્રી બનવાની સત્તા આપતો ઠરાવ પણ પસાર કરી દીધો છે. તો પછી ધારાસભ્યોની સ્વતંત્ર વીચારસરણીનું શું થશે ?

***ચતુર્વેદી :*** *તમને એવું લાગતું નથી કે દીલ્હીમાં પોતાની સરકાર રહે એ માટે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘે મોદી અને શાહ સાથે સમાધાન કર્યું છે ?*

**શૌરી :** ના, પણ સંઘ અને મોદી અલગ છે તેવું કેવી રીતે માનો છો ? મોદી અને શાહ દરરોજ સંઘના મુલ્યોનું જ અનુમોદન કરે છે. સંઘના મુલ્યો જ મોદી અને શાહના મુલ્યો છે. સત્તાનું કેન્દ્ર જ સંઘ છે અને સંઘ જ સત્તામાં છે. દેશની વીવીધ સંસ્થાઓમાં જે લોકોની નીમણુંક કરવામાં આવે છે એ જુઓ. તેના પરીણામો લાંબાગાળે જોવા મળશે. દેશની, દેશપ્રેમની જે વાતો થઈ રહી છે એ દેખાડો છે, મુળ ઉદ્દેશ તો આ સંસ્થાઓ પર કબજો જમાવવાનો છે. ❑

RNI No. of RNP is 20528/71 Registered under Postal Registration No. GAMC-534/2015-2017 valid upto 31st December-2017 posted on 1st & 16th of Every Month at Amd. PSO. ● નયા માર્ગ ● પ્રકાશન તારીખ : 16-2-2017

# કાવ્યોમાં સાંપ્રત

## સંવેદના

એમ સંવેદન બની ફરતાં રહે છે,
ને પ્રમાણીત જાતને કરતાં રહે છે.

એક પણ છાંટો નથી સંવેદનાનો,
તોય શીશા એમના ભરતાં રહે છે.

હાથનો ગુલાલ નાખે પંડ માથે,
એમ રાતાચોળ થઈ ફરતાં રહે છે.

એ પજવણી તોય ચાલુ રાખવાના,
ભેટ એની મનભરી ધરતાં રહે છે.

વેદના, સંવેદના અળગી કરે, ત્યાં -
લોક એની ફુંકથી મરતાં રહે છે.

**- શીવજી રુખડા**
[મો. 94261 26678]

## હું ખળભળતો

ફુલો-ફોરમ રંગ ન મળતો,
બાગોથી હું પાછો વળતો.

પંખી કલરવ ડુબી ગ્યા'ને,
ઝાડને જન્મારો ના ફળતો.

મારગ મળતા જનજન અમને,
ફીક્કા ચહેરાથી જીવ બળતો.

વદતો 'આવીશ દ્વારે દ્વારે',
પંચમ વરસે પાછો વળતો.

ચીંથરે તન છુપાયાં શાથી ?
એનો ઉત્તર કોને મળતો ?

રંકની લાશો રખડે જાણી,
આખ્ખે આખ્ખો હું ખળભળતો.

**- ગોવીંદ દરજી 'દેવાંશુ'**
[ફોન : 079-2573 2385]

## આકાશ

એ લોકો ક્યાંથી આવે છે
નથી ખબર
આખુંય કુટુંબ
કોઈ છત વગર
ભટક્યા કરે છે જીંદગીભર.
એ લોકો
શહેરે શહેરે ને નગરે નગરે
બાંધે છે, બનાવે છે બીજાનાં ઘર
અને
નીકળી પડે છે
નવા નગરની તરફ ઉદાસ.
બાળકો પુછે છે :
બાપુ, આપણું ઘર ક્યાં ?
જવાબ આપવાને બદલે
બાપુ તાક્યા કરે છે આકાશને, બસ.

**- લીલાધર મંડલોઈ** (હીંદી)
અનુવાદ : જયશ્રી મહેતા (99251 87749)

*

## બે કાવ્ય

[1]

પહાડના શીખરીય એકાન્તે
ચીદાવસ્થાએ
આસનસ્થ
તળેટીના જીવનને
શાંત દૃષ્ટીએ
નીહાળતા,
વળી,
દ્રાક્ષના લત્તામંડપોમાં
વીહરતા,
જનસમુહને
પોતાની વીલક્ષણ વાણીમાં
સંબોધતા અનુભવાય છે,
ચીત્તમાં અનુપમ વીચારોનું
અપ્રતીમ શીલ્પ કંડારાય છે...

[2]

ધાનના
ખુલ્લા ખેતરોમાં
આકાશનો નીલઝભ્ભો લહેરાવતા
નૌકાવીહારે
નદીમાં, મત્સ્યોના સપ્તરંગી
અભીવાદન ઝીલતા
તડકે
સૌમ્ય પડછાયો પાથરતા,
સૌંદર્ય... શુચીતા... એ શ્વસતા
શબ્દવનમાં
સુર્યપ્રકાશે ચળકતા પાંદડાઓની
મર્મર વચ્ચેથી પસાર થાતા
જગસમસ્તના
સુખદુ:ખને,
વેદના... વીડંબના....ને
હર્ષ... શોક... ભય... ને
સુરમય કણ્ઠે ગાતા સંભળાય છે...

**- કીસન સોસા**

## ઓઘડો

જાતમાં એવું બળ્યો છે ઓઘડો !
દીવડો થૈ ઝળહળ્યો છે ઓઘડો !

વાટ નો'તી કો વળ્યો છે ઓઘડો;
ઢાળ વીનાયે ઢળ્યો છે ઓઘડો !

છો રહ્યો એ સાવ એકાંકી છતાં -
લો, સ્વને ટોળે વળ્યો છે ઓઘડો !

સાવ ભુલાઈ ગયું ઓઘડપણું;
જાત ભુલી નીકળ્યો છે ઓઘડો !

બર્ફથી બહેતર એનું થીજી જવું;
પથ્થરો થૈ ખળખળ્યો છે ઓઘડો !

ઓઘડો છે બ્રહ્મ ને મીથ્યા બીજાં;
એ જ સીદ્ધાંતે છળ્યો છે ઓઘડો !

**- કરસનદાસ લુહાર**

## સપનાનાં સોદાગર

નથી એકેય દુ:ખી, ત્યાં તમે અભ્યાસ નોંધ્યો છે.
તમારા દફતરોએ ચોમુખી વીકાસ નોંધ્યો છે.

નથી ઠરતા કદી ઘરમાં પછી શું ઘર વીશે જાણો ?
તમે તો રોજનીશીમાં સતત પ્રવાસ નોંધ્યો છે.

તમારી વાતમાંથી કોઈને ઉત્તર નથી મળતો
કયા તે દેશનો મનમાં તમે ઈતીહાસ નોંધ્યો છે ?

તમારી આંખના આંસુ અભીનય કેમ ના લાગે ?
અજંપાગ્રસ્તનો ક્યારે તમે નીશ્વાસ નોંધ્યો છે ?

તમે પણ નીકળ્યા નાકામ સપનાનાં જ સોદાગર
તમારા સ્વપ્ન જોનારે લલાટે નાશ નોંધ્યો છે.

**- આત્મારામ ડોડીયા**
[મો. 94083 91181]

❑

'નયા માર્ગ' વતી - તંત્રી, મુદ્રક, પ્રકાશક : ઈન્દુકુમાર જાની, નયા માર્ગ કાર્યાલય, ખેત ભવન, ગાંધી આશ્રમની બાજુમાં, અમદાવાદ 380 027.
(ફોન : 27557772) http://nayamarg.wordpress.com ● વાર્ષીક લવાજમ રુ. 150 ● છુટક નકલ રુ. 8 ● 'નયામાર્ગ'ના નામના ચેકથી મોકલવું.
મુદ્રણ સ્થાન : ચંદ્રીકા પ્રીન્ટરી, મીરઝાપુર રોડ, અમદાવાદ 380 001